Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૫૩
તા.૩૦-૦૩-૨૦૧૮, શુક્રવાર
સંવત ૨૦૭૪ ચૈત્ર સુદ - ૧૪
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૩૬ સૂર્યાસ્ત : ૦૬:૫૪

તાપમાન

| | | | |
|---|---|---|---|
| ડીસા | ૪૨.૪ | વડોદરા | ૪૦.૫ |
| અમદાવાદ | ૪૧.૦ | સુરત | ૩૪.૨ |
| ગાંધીનગર | ૪૧.૨ | નલિયા | ૪૨.૫ |

ચાંદી : ૩૯,૪૦૦ સોનું : ૩૧,૫૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71 Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેકસ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# રાજયમાં ગરમીનો કહેર : ઈડર ૪૩.૪

## રાજ્યના અનેક ભાગોમાં પારો ૪૨થી ઉપર પહોચ્યો

અમદાવાદ

અમદાવાદ શહેર સહિત રાજ્યભરમાં કાળઝાળ ગરમીનું મોજુ ફરી વળ્યું છે જેના કારણે રાજ્યના કેટલાક ભાગોમાં હિટવેવની સીધી અસર જોવા મળી રહી છે. ઉનાળાની બળબળતી ગરમીમાં ઈડર આજે ૪૩.૪ ડિગ્રી ગરમીના પારા વચ્ચે સૌથી વધુ શેકાયું હતું જ્યારે તે પછી કંડલા એરપોર્ટ ૪૨.૬ ડિગ્રી સાથે બીજા નંબરનું ગરમીનું કેન્દ્ર બન્યું હતું. જ્યારે તે પછીના ક્રમે સુરેન્દ્રનગરમાં ૪૨.૮ ડિગ્રી જેટલી ગરમી નોંધાઈ હતી. હવામાન ખાતાની આગાહી પ્રમાણે આવતીકાલે પણ રાજ્યના કેટલાક ભાગોમાં ખાસ કરીને ઉત્તર ગુજરાતના કેટલાક ક્ષેત્રોમાં હિટવેવની અસર ચાલુ રહેવાની સંભાવના છે. અમદાવાદ સહિત રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં મહત્તમ તાપમાનમાં તબક્કાવાર રીતે વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. આજે રાજ્યના અનેક ભાગોમાં પારો ૪૨થી પણ ઉપર પહોંચી ગયો હતો. સૌથી વધુ ગરમીનો અનુભવ ઈડરમાં થયો હતો. જ્યાં પારો ૪૩.૪ સુધી પહોંચી ગયો હતો. રાજ્યના અનેક ભાગોમાં પારો ૪૨થી ઉપર રહ્યો હતો. જે વિસ્તારોમાં આજે પારો ૪૨થી ઉપર રહ્યો હતો તેમાં ડિસામાં ૪૨.૪, ઈડરમાં ૪૩.૪, સુરેન્દ્રનગરમાં ૪૨.૮, નલિયામાં ૪૨.૫ અને કંડલા એરપોર્ટમાં ૪૨.૬નો સમાવેશ થાય છે. ગરમીના પ્રમાણમાં એકાએક વધારો થતા લોકોની મુશ્કેલી પણ હવે વધી રહી છે. અમદાવાદ માટેની સ્થાનિક આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, અમદાવાદ શહેરમાં આવતીકાલે શુક્રવારના દિવસે ગરમીનું પ્રમાણ યથાવત ૪૦ ડિગ્રી રહી શકે છે. તમામ જગ્યાઓ ઉપર હવે પંખા અને એસીનો ઉપયોગ થવા લાગી ગયો છે. આજે અમદાવાદમાં પારો આજે વધુ વધીને ૪૧ ડિગ્રી રહ્યો હતો. લોકો વધતા જાતા તાપમાન કારણે પરેશાન થયેલા છે. ગાંધીનગરમાં આજે પારો મહત્તમ તાપમાનમાં ૪૧.૨ ડિગ્રી રહ્યું હતું. આગામી દિવસોમાં ગરમીના પ્રમાણમાં હજુ પણ વધારો થવાની શક્યતા રહેલી છે ત્યારે તંત્ર દ્વારા પણ ગરમીથી બચવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. ઘણી જગ્યાઓએ પાણીની પરબો શરૂ કરવામાં આવી ચુકી છે. સાથે સાથે જાહેર સ્થળો પર પાણીના જગ પણ મુકવામાં આવ્યા છે. બસ સ્ટેન્ડ પર પણ પાણીના જગ મુકાયા છે. આજે સૌરાષ્ટ્ર અને કચ્છના જુદા જુદા ભાગોમાં હિટવેવની સ્થિતિના કારણે લોકો ભારે પરેશાન દેખાયા હતા.



## વિચાર વૈભવ...

### વસંતનો વૈભવ

વસંત ઋતુ ઘરેથી નીકળીને જંગલમાં રખડવા જવાની મોસમ છે. આ ઋતુમાં ગુંદા, બોર, કટગુંદી, ખાખટી જેવા નાના ફળો પરમ આસ્વાદ્ય હોય છે. વરસાદ વિના એકાએક જ આખું જંગલ લીલું છમ્મ થઈ જાય છે. ગત શિયાળાની પાનખરમાં જેના બધા જ પાંદડા ખરી ગયા હતા તે વૃક્ષો વિના વરસાદે એકાએક નવપલ્લવિત થઈ જાય છે. કારણ કે તેમના મૂળ ઊંડા હોય છે. લીલા થતા વૃક્ષોના કાફલામાં કોઈક એકાદ વૃક્ષ ફરી લીલું થતું નથી. કારણ કે એના મૂળનું તળના જળ સાથેનું અનુસંધાન તૂટી ગયું હોય છે. આપણા મનુષ્યોમાં પણ આવું જોવામાં આવે છે. આપણા આખા કાફલામાંથી જેનું પોતાની ભોમકા સાથે પોતાના પરિવાર સાથે અને પોતાની સંસ્કૃતિ સાથે પોતાના પરિવાર સાથે અને પોતાની સંસ્કૃતિ સાથેનું અનુસંધાન તૂટી જાય છે એ જિંદગી પછી પુનઃનવપલ્લવિત થઈ શકતી નથી. વસંતના વૈભવનો સાક્ષાત્કાર જીવનને ઊંચા મુકામો તરફ અભ્યારોહી ઉત્સાહ સાથે લઈ જાય છે.

- ગિજુભાઈ ભરાડ

## સેટેલાઈટ મારફતે સેના અને કોમ્યુનિકેશનને મજબૂતી મળશે

# ઈસરોની સિદ્ધિ : જીસેટ-૬એ સફળતા પૂર્વક તરતું મુકાયુ

### ઈસરોના ટોપના વૈજ્ઞાનિકો અને ટોચની હસ્તીઓની હાજરીમાં શ્રીહરિકોટા ખાતેથી સેટેલાઈટ લોંચ : સંરક્ષણ ઉદ્દેશ્યો માટે જરૂરી સેવા ઉપલબ્ધ કરાવશે

ચેન્નાઈ

ભારતે આજે દૂરસંચારના ક્ષેત્રમાં વધુ એક મોટી સફળતા અને ઐતિહાસિક સિદ્ધિ હાસલ કરી હતી. ભારતના દમદાર દૂરસંચાર સેટેલાઈટ જીસેટ-૬એને આજે ખુબ જ ઉત્સુકતા પૂર્વક અને ઉત્તેજનાપૂર્ણ માહોલમાં શ્રીહરિકોટાના અંતરિક્ષ લોંચ કેન્દ્રથી લોંચ કરવામાં આવ્યા બાદ ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. ભારતીય અંતરિક્ષ સંશોધન સંસ્થા ઈસરો અને ભારતીય સેનાને શક્તિશાળી બનાવવાની દિશામાં આ સેટેલાઈટ ઉલ્લેખનીય સાબિત થશે. ઈસરોના કહેવા મુજબ આ સેટેલાઈટ મારફતે કેટલીક મહત્વપૂર્ણ પ્રણાલીનું નિરીક્ષણ કરી શકાશે જેને ચંદ્રયાન-૨ની સાથે મોકલી શકાશે. સાથે સાથે આ ઉપગ્રહ ભારતીય સેનાઓ માટે સંચાર સેવાઓને વધારે મજબૂત અને સુવિધાજનક બનાવશે. આ સેટેલાઈટ મારફતે હાઈથર્સ્ટ વિકાસ એન્જિન સહિત કેટલીક સિસ્ટમને પ્રામાણિત કરી શકાશે જેને ચંદ્રયાન-૨ના લોન્ચિંગ માટે ઉપયોગ કરી શકાય છે. ચંદ્રયાન-૨ના લોન્ચિંગને આ વર્ષે ઓક્ટોબર સુધી હાથ ધરવામાં આવી શકે છે. ૪૧૪૦ કિલો વજનના જીસેટ-૬એ દૂરસંચાર સેટેલાઈટને લઈ જવાવાળા જીએસએલવી એમકે-૨ને શ્રીહરિકોટાના સતીષ ધવન સ્પેશ સેન્ટરથી બીજા લોંચપેડથી લોંચ કરવામાં આવ્યા બાદ ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. આ યાને ૧૨મી ઉડાણ ભરી હતી. ઈસરોના કહેવા મુજબ જીસેટ-૬એ સેટેલાઈટ સંરક્ષણ ઉદ્દેશ્યો માટે સેવાઓ ઉપલબ્ધ કરાવશે.

## વહેલી પરોઢે આંચકો આવતા લોકો બહાર દોડી આવ્યા

# સૌરાષ્ટ્ર-કચ્છમાં ભૂકંપના હળવા આંચકાથી દહેશત

### મોરબી, સુરેન્દ્રનગર, રાજકોટ, આસપાસના વિસ્તારોમાં આંચકાની અસર :તીવ્રતા ચારની આસપાસ નોંધાઈ ગઈ

અમદાવાદ

સૌરાષ્ટ્ર અને કચ્છમાં આજે વહેલી સવારે ભૂકંપનો હળવો આંચકો અનુભવાયો હતો જેના કારણે લોકોમાં વ્યાપક દહેશત ફેલાઈ ગઈ હતી. ગાંધીનગર સ્થિત સિસ્મોગ્રાફી સેન્ટરે માહિતી આપતા કહ્યું છે કે કેન્દ્રબિંદુને લઈને તપાસ ચાલી રહી છે. વહેલી સવારે ચાર વાગે લોકો ઉંઘમાં હતા ત્યારે આ આંચકો અનુભવાયો હતો. કેટલાક લોકોને આની અસર થઈ હતી અને લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. સૌરાષ્ટ્ર કચ્છમાં આવેલા ભૂકંપનું કેન્દ્રબિંદુ ભચાઉથી ૨૨ કિલોમીટરના અંતરે દક્ષિણ દિશામાં હોવાનું જાણવા મળી રહ્યું છે. સૌરાષ્ટ્રના મોરબી, સુરેન્દ્રનગર, રાજકોટ તથા ઉનામાં આની અસર જોવા મળી હતી. ગાંધીનગર સ્થિત ભૂકંપ સાથે સંબંધિત વિભાગના લોકોએ કહ્યું છે કે, ભૂકંપના બે આંચકા આજે અનુભવાયા હતા જે પૈકી પહેલો આંચકો ચાર વાગે અને બીજો આંચકો છ વાગ્યાની આસપાસ અનુભવાયો હતો. લોકોમાં ફરી એકવાર દહેશત ફેલાઈ ગઈ હતી અને કચ્છમાં આવેલા વર્ષો પહેલાના વિનાશકારી ભૂકંપની યાદ તાજી થઈ ગઈ હતી. ભારતના જુદા જુદા રાજ્યોમાં હાલના સમયમાં મધ્યમ અને હળવી તીવ્રતાના આંચકા અનુભવાઈ ચુક્યા છે. આમા વ્યાપક અભ્યાસની કામગીરી હાથ ધરવામાં આવી છે. આગામી દિવસોમાં આ તપાસની કામગીરી હજુ જારી રહે તેમ માનવામાં આવે છે. સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારોને પણ સૌથી વધુ ભૂકંપ પ્રભાવિત ક્ષેત્ર તરીકે ગણવામાં આવે છે. ભારતના જમ્મુ કાશ્મીર, હિમાચલ પ્રદેશ, પડોશી દેશ નેપાળ, પાકિસ્તાન પણ સૌથી ભૂકંપ પ્રભાવિત વિસ્તાર પૈકી છે. ઈન્ડોનેશિયા અને જાપાન, ન્યુઝીલેન્ડ પણ ભૂકંપ પ્રભાવિત ક્ષેત્રોમાં આવે છે અને અહીં વારંવાર આંચકાઓ આવતા રહે છે.

## પ્રદેશ પ્રભારી આજથી ૩ દિવસ ગુજરાતના પ્રવાસે

અમદાવાદ

પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી અને પ્રદેશ પ્રભારી ભુપેન્દ્ર યાદવ આવતીકાલે ૩૦મીથી પહેલી એપ્રિલ એમ કુલ ત્રણ દિવસના ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. યાદવ એમના આ પ્રવાસ દરમિયાન કોર ગ્રુપ, પ્રદેશ પદાધિકારી સહિત સંગઠનના વિવિધ હોદ્દેદારો અને પદાધિકારીઓ સાથે બેઠક યોજશે. તેઓ સંગઠનાત્મક બાબતો અને આગામી કાર્યક્રમો અંગે માર્ગદર્શન આપશે. વાઘાણીએ આગામી કાર્યક્રમોની વિગતો આપતા જણાવ્યું હતું કે, આગામી બે સપ્તાહ દરમિયાન બૂથથી લઈને પ્રદેશ કક્ષાએ વિવિધ સંગઠનાત્મક કાર્યક્રમો યોજાશે. આ પૈકી છ એપ્રિલે ભાજપ સ્થાપના દિનની સમગ્ર રાજ્યમાં સંગઠન સ્તરે ઉજવણી કરવામાં આવશે જેમાં બુથ સ્તર બુથ યાત્રા ઉપરાંત ભાજપનો ઈતિહાસ, વિસ્તાર સહિત સંગઠનની બાબતો અંગે માર્ગદર્શન કાર્યક્રમો યોજાશે.

## પેપર લીકના મામલામાં કોંગ્રેસની કડક પ્રતિક્રિયા

# હાલ ચોકીદાર નબળા હોવાનો રાહુલ ગાંધીનો ગંભીર આક્ષેપ

### ટ્વિટર ઉપર રાહુલ ગાંધીએ મોદીની ટીકા કરી : દરેક મહત્વના ડેટા હાલના સમયમાં લીક થઈ રહ્યા છે : કોંગ્રેસ

નવીદિલ્હી

સીબીએસઈ પેપર લીક મામલામાં કેન્દ્ર સરકાર ઉપર પણ આકરા પ્રહારો કરવામાં આવી રહ્યા છે. કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ પણ આજે આ મામલામાં કુદી પડીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર પ્રહાર કર્યા હતા. રાહુલે કહ્યું હતું કે, ચોકીદાર નબળા પડી રહ્યા છે. માઈક્રો બ્લોગિંગ સાઈટ ટ્વિટર પર પ્રતિક્રિયા આપતા રાહુલ ગાંધીએ તાજેતરના સમયમાં જુદા જુદા દસ્તાવેજો લીક કરવાને લઈને પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, ડેટા લીક થઈ રહ્યા છે. આધારના ડેટા લીક થઈ રહ્યા છે. ધોરણ ૧૦ પરીક્ષાના પેપર લીક થઈ રહ્યા છે. ચૂંટણી સાથે સંબંધિત ડેટા લીક થઈ રહ્યા છે. દરેક બાબતમાં લીકેજની સ્થિતિ જોવા મળી રહી છે. કોંગ્રેસના અન્ય નેતાઓએ પણ પેપર લીક કેસના મામલામાં સરકાર ઉપર પ્રહાર કર્યા છે. જ્યોતિરાદિત્ય સિંધિયા અને કપિલ સિબ્બલે પણ સરકારની જોરદાર ઝાટકણી કાઢી છે. સિંધિયાએ સરકારની નિષ્ફળતા હોવાની વાત કરીને કહ્યું છે કે, દેશ બદલ રહા હૈ તેવી વાત કરી રહેલા લોકોની નિષ્ફળતા દેખાઈ રહી છે. દિલ્હીના નાયબ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા મનિષ સિસોદિયાએ મોદી સરકાર ઉપર પ્રહારો કર્યા છે અને આક્ષેપ કર્યો છે કે, તમામ સંસ્થાઓ ગેરરીતિ આચરી રહી છે. ટ્વિટર પર વાત કરતા સિસોદિયાએ કહ્યું છે કે, સરકાર કોઈપણ સંસ્થાને અંકુશમાં લઈ શકી નથી. સીબીએસઈ દ્વારા ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની એક એક વિષયની પરીક્ષા નવેસરથી લેવાની જાહેરાત કરી ચુકી છે ત્યારે ભારે હોબાળો થઈ રહ્યો છે. બીજી બાજુ પેપર લીક થવાના મામલામાં બે એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. ધોરણ ૧૦ના પેપરને લીક કરવાના મામલામાં એક અને ધોરણ ૧૨ના પેપરને લીક કરવાના મામલામાં અન્ય એક એફઆઈઆર દાખલ કરાઈ છે. પેપરલીકના મામલામાં કેટલીક સ્કૂલોની સંડોવણી પણ ખુલી રહી છે.

## સાર સમાચાર...

### પાટણના વારાહી નજીક ૭૨ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

પાટણ

પાટણના વારાહી નજીક રૂપિયા ૭૨ લાખનો વિદેશી દારૂ ઝડપાયો છે. મળતી માહિતી પ્રમાણે ભૂજના ઈઈસેલે આ અંગે તપાસ હાથ ધરી હતી, જેમાં દારૂનો જથ્થો ઝડપાયો હતો. દારૂ સાથે ભૂજ ઈઈ સેલે એક રાજસ્થાનના શખ્સની ધરપકડ કરી છે. પોલીસે વિદેશી દારૂ અને ટ્રેલર સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ વિદેશી દારૂ રાજસ્થાનથી કચ્છ સપ્લાય કરવામાં આવી રહ્યો હતો. જો કે સમગ્ર મામલે પોલીસે આરોપીની ધરપકડ કરી વધૂ પૂછપરછ હાથ ધરી છે. થોડા દિવસ પહેલા પાટણના સમાલપાટી વિસ્તારમાં આવેલ લડચી તલાવડી પાસે એક વાડામાંથી પણ ભૂજ રેન્જ પોલીસે રેડ પાડી હતી અને ત્યાંથી રૂપિયા ૩૩ હજારનો વિદેશી દારૂ પકડી પાડ્યો હતો. જો કે તેમાં આરોપી નાસી છૂટ્યો હતો.

## સાર સમાચાર...

### મોદી નૈરોબીમાં વસતા કચ્છી લોકોને સંબોધશે

અમદાવાદ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે શુક્રવારે ૩૦ માર્ચે નૈરોબીમાં વસતા કચ્છી સમુદાયને ભારતીય સમય મુજબ બપોરે ૧૨.૩૦ વાગ્યે (નૈરોબી સમય સવારે ૧૦.૦૦ વાગ્યે) નવી દિલ્હીના પ્રધાનમંત્રી નિવાસથી વીડિયો કોન્ફરન્સ સંબોધન કરશે. પૂર્વ આફ્રિકી દેશ કેન્યાના નૈરોબીના શ્રી કચ્છી લેઉવા પટેલ સમાજના વેસ્ટ કોમ્પ્લેક્ષના ૨૫ વર્ષ પૂરા થવા નિમિત્તે સિલ્વર જ્યુબિલી સેલિબ્રેશનનો આવતીકાલે પ્રધાનમંત્રીના સંબોધનથી પ્રારંભ થશે.

# ગુંદરી આર.ટી.ઓ.ની ટીમે ચોર રસ્તે પસાર થતા અને ટેક્સ ચોરી કરતા આઠ વાહનો ઝડપ્યા

### અંદાજે ૫ લાખની ટેક્સ ચોરી વસુલી કાર્યવાહી હાથ ધરી

(પ્રતિ.) પાંથાવાડા

રાજસ્થાનની સરહદે આવેલ ગુંદરી આર.ટી.ઓ કચેરીની ટિમ અને ગાંધીનગરથી આવેલ ફ્લાઈંગ સ્ક્વોડે બુધવારે રાત્રે ચોર રસ્તેથી પસાર થતા અને ટેક્સ ચોરી કરતા આઠ ભારે વાહનોને ઝડપી પાડી ચેકપોસ્ટ લાવી તેમની વિરુદ્ધ કાર્યવાહી કરી અંદાજે પલાખ રૂપિયાની ટેક્સ ચોરી વસુલી હતી.

ગુંદરી આર.ટી.ઓ. ચેકપોસ્ટના અધિકારીના જણાવ્યા અનુસાર બનાસકાંઠા જીલ્લાની મહત્વની ગણાતી ગુંદરી આર.ટી.ઓ.ચેકપોસ્ટને ટાળી ચોર રસ્તેથી પોતાના વાહનો પસાર કરાવી સરકારની તિજોરીને નુકસાન પહોંચાડતા તત્વો પર બુધવારે રાત્રે ગાંધીનગરથી આવેલ ફ્લાઈંગ સ્ક્વોડ સાથે ગુંદરી આર.ટી.ઓ.અધિકારી પી.બી.ખરાડી, અને એમ.આર. પરમારની ટીમ ત્રાટકી હતી.અને ચોર રસ્તેથી પસાર થતા અને ટેક્સની ચોરી કરતા આઠ ભારે વાહનોને ઝડપી પાડી ગુંદરી ચેકપોસ્ટ પર લાવી તેમના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી અંદાજે રૂ!૫ લાખની ટેક્સ ચોરી વસુલી હતી.જેથી ટેક્સની ચોરી કરાવી અવરલોડ વાહનો ચોર રસ્તેથી પસાર કરાવતા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. ગુંદરી ઈ્.ની ટીમે બુધવારે રાત્રે ચાર ઓવર લોડ ટ્રકો,ચાર ટેક્સ ચોરી કરતી બસો અને એક હિટાચી મશીન મળી કુલ આઠ વાહનો ઝડપી તેમની પાસેથી રૂા.૫,૦૫,૦૦૦ ની ટેક્સ ચોરી વસુલી હતી.



દિનેશ ત્રિવેદી

**ઝડપાયેલા વાહના**

- આરજે.-૧૬-જીએ-૭૬૩૪
- જીજે-૦૮-ટી-૩૯૬૩
- આરજે-૧૬-જીબી-૨૧૧૩
- આરજે-૧૯-આઈજી-૨૫૬૪
- આરજે-૦૧-પીએ-૪૮૮૯
- જીજે-૧૪-ડબલ્યુ-૯૭૨
- જીજે-૧૮-એમ-૭૦૧૩
- આરજે-૧૦-પીએ-૫૫૫૫

# સરકાર પ્રમોશન માટે નહીં પણ ઈમોશન સાથે કામ કરે છે : રૂપાણી

અમદાવાદ

રાજકોટમાં જૈનમ ગ્રુપ અને જૈન વિઝન સંસ્થા દ્વારા ચોવીસમાં તીર્થંકર ભગવાન મહાવીરની ૨૬૧૭મી જન્મજયંતિ નિમિત્ યોજાયેલા જન્મ કલ્યાયક મહોત્સવમાં રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણી ઉપસ્થિત રહ્યા હતા પ્રવર્તમાન દોરમાં હાવીર સ્વામિના સંદેશને લોકોના દિલ સુધી પહોંચાડવાની આવશ્યકક હોવાનું ભારપૂર્વક જણાવ્યું હતું. અહીં ચૌધરી હાઈસ્કુલના મેદાનમાં યોજાયેલા ઉક્ત કાર્યક્રમમાં રૂપાણીએ આ સંદર્ભમાં ઉમેર્યું હતું કે, આજના સમયે સમગ્ર વિશ્વમાં અસહિષ્ણુતા અને હિંસા વધતી જાય છે. આતંકવાદ, નક્સલવાદ, ઉગ્રવાદ જેવી સમસ્યા વધી જાય છે. ત્યારે ભગવાન મહાવીરના પ્રેમ, અનુકંપા, કરુણા, ક્ષમાના સંદેશ લોકોના દિલ સુધી પહોંચાડવામાં આવે તો તે પ્રશ્નનું નિરાકરણ આવે એમ છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ તારસ્વરે જણાવ્યું હતું કે, જગતની તમામ સમસ્યાઓનો ઉકેલ મહાવીર સ્વામીના આગમ અને વ્યાખ્યાનોમાં રહેલો છે. માનવમાત્રએ તેનું અનુસરણ કરવાની જરૂર છે. તેમણે આપેલા અહિંસા, જીવદયા, અપરિગ્રહના સિદ્ધાંતો ચિરકાળ યથાર્થ છે. અપરિગ્રહના સિદ્ધાંત પર પોતાના વિચારો વ્યક્ત

અનુસંધાન પાના નં.૬

**બેસણું**


સ્વ.ગમનભાઈ માધાભાઈ ભુંભળીયા
સ્વ.તા.૨૮/૦૩/૨૦૧૮

અમારા પરમ પૂજ્ય પિતાશ્રી ગમનભાઈ માધાભાઈ ભુંભળીયા તા.૨૮/૦૩/૨૦૧૮, બુધવારના રોજ દેવલોક પામ્યા છે. પ્રભુને ગમ્યું તે ખરૂં, સદ્‌ગતનું બેસણું તા.૩૦/૦૩/૨૦૧૮ શુક્રવારના રોજ રબારી સમાજના રીતરિવાજ મુજબ રાખેલ છે.

સ્થળ : મું.માણેકપુરા, તા.ડીસા, જિ.બ.કાં., મો.૯૭૯૯૫૯૫૩૬૧

લિ.
ભુંભળીયા કાળુભાઈ ગમનભાઈ (પુત્ર)
ભુંભળીયા અરવિંદભાઈ ગમનભાઈ (પુત્ર)
ભુંભળીયા મોહનભાઈ ગમનભાઈ (પુત્ર)
તથા સમસ્ત ભુંભળીયા પરિવાર

સૂર્યોદય - ૬.૩૬ સૂર્યાસ્ત - ૬.૫૪

## તિથિદર્શન

ચૈત્ર સુદ ૧૪ શુક્રવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ ચૈત્ર સુદ :ચૌદસ શુક્રવાર નક્ષત્ર:પૂર્વ ફાલ્ગુની સવારે ૭.૨૭ પછી ઉત્તર ફાલ્ગુની યોગ : ગંડ કરણ : ગર આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ.ટ.) બપોરે ૧૧.૧૨ પછી કન્યા (પ.ઠ.ણ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે. - **જ્યોતીષી બંસીલાલ એચ.લોધા**

## ચિંતન - સુરેશ પ્રા.ભટ્ટ

**સધ્યં હૃદયં યસ્ય ભાષિતં સત્ય ભૂષિતમ્**
**કાયઃ પર હિતો યસ્ય કાલસ્ત્ય કરોતિ કિમ્**

'જેનું હૃદય દયાર્દ્ર- કોમળ- દયાળુ હોય, વાણી પણ વિનય- વિવેક સત્યથી શોભતી હોય, અને જેની કાયા, શરીર પર હિત- બીજાની સેવા માટે જ હોય એને તો મૃત્યુ પણ શું કરી શકે?

સજ્જન- સંત- સ્વભાવ દયાળુ- લાગણીશીલ હોય છે. આપણે, આપણા પારિવારિક પરિચિતો- સંબંધીઓ- મિત્રો- આસપાસના સમાજ પ્રત્યે તો આપણી લાગણી- પ્રેમ- દયાભાવ હોય જ, એમાં કોઈ શંકા નથી પણ જેનું હૃદય બધા જનસમૂહ- અપરિચિત- દુષ્ટ- દુર્જન પ્રત્યે પણ પશુ- પંખી- પ્રત્યેક જીવ પ્રત્યે પણ દયા હોય છે. આવા કોમળ હૃદયમાં કામ- ક્રોધ- લોભ- મોહ તો ક્યાંથી હોય? સદ્‌ગુણી- અભ્યાસ- સ્વાધ્યાયી- સત્સંગી ભક્તજન શાસ્ત્ર અને ધર્મના અભ્યાસને કારણે ક્રોધને હૃદયમાંથી તિલાંજલિ આપી દે છે. કોઈ ગમે તેવાં અપમાનજનક - કઠોર- ક્રોધમાં ગમે તેમ- ગમે તેવું બોલે પણ 'જ્ઞાની' માણસ પોતાના વિનય- વિવેકનો ત્યાગ કરતો નથી.

આપણે ભોગ- વાસના માટે યુવાનીમાં શરીરને સાચવીએ છીએ. રોગથી બચવા અને જિજીવિષા માટે પણ શરીર સાચવીએ છીએ. હકીકતમાં પરિહિત- લોકસેવા- દીન- દુખિયાંની સેવા માટે 'શરીર' સાચવવું જોઈએ. આવા દયાળુ, વિનયી, વિવેકી- સેવક હૃદયને મૃત્યુનો ભય તો ક્યાંથી જ હોય.

## આપની આજ - કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) નવિન મુલાકાત લાભદાયી નીવડે. જીવનસાથીનું આરોગ્ય સંભાળવું.**
**વૃષભ : (બ.વ.ઉ.) મનની મુરાદ બર આવે. માનસિક આનંદ-ઉત્સાહ વિશષ રહે.**
**મિથુન : (ક.છ.ઘ.) આવકમાં વૃદ્ધિ થાય. ધંધા-વ્યવસાયમાં લાભ થાય.**
**કર્ક : (ડ.હ.) નવિન આયોજનમાં સફળતા મળે. કાર્યબોજમાં હળવાશ અનુભવાય.**
**સિંહ : (મ.ટ.) ગુપ્ત ચિંતા સતાવે, આરોગ્ય જોખમાય, ગૃહવિવાદના ભોગ બનવું પડે.**
**કન્યા : (પ.ઠ.ણ.) વડીલ વર્ગ કે ઉપરી અધિકારીના સહકારથી લાભ મળે. નવિન યોજના પાર પડે.**
**તુલા : (ર.ત.) વાણી ચાતુર્યથી કામ સફળ થાય. આકસ્મીક ધન લાભ.**
**વૃશ્ચિક : (ન.ય.) મિલન-મુલાકાતમાં સફળતા મળે. માંગલિક કાર્યનું આયોજન થાય.**
**ધન : (ભ.ફ.ધ.) નવું સાહસ ન કરવું હિતાવહ. વ્યર્થ દોડા-દોડી રહે.**
**મકર : (ખ.જ.) કોર્ટ-કચેરીના કાર્યમાં સફળતા મળે. વિરોધીઓને પીછેહટ કરવી પડે.**
**કુંભ : (ગ.શ.સ.) યશ, માન, કીર્તિમાં વધારો થાય. સાસરા પક્ષ તરફથી લાભ મળે.**
**મીન : (દ.ચ.જ.થ.) દાન-ધર્મ પાછળ ધન વ્યય થાય. અટકેલા કાર્યોમાં પ્રગતિ થાય.**

## આજનો દિન મહાન - યશવંત કડીકર

**ગુજરાતના સુપ્રસિદ્ધ કેળવણીકાર, પ્રાચીન કાવ્યકતિઓના સંશોધક,અનેકવિધ સામયિકોના પ્રકાશક અને સંપાદક શ્રી હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળાની પુણ્યતિથિ છે. એમનો જન્મ ઈ.સ. ૧૮૪૪માં ઉમરેઠમાં થયો હતો. એમનાં ૭૭ પુસ્તકો પ્રગટ થયાં છે. તેમણે મરાઠી અને હિંદી ભાષા-સાહિત્યનો અભ્યાસ પણ કરેલો. સાહિત્યમાં સર્જન અને સંપાદન આ બે એમના મોટા કામો છે. આ નીડર અને બહુમુખી પ્રતીભાસંપન્ન કેળવણીકાર અને સાહિત્યકાર શ્રી હરગોવિંદદાસ કાંટાવાળાનું તા.૩૧-૩-૧૯૩૦ના રોજ અવસાન થયું.**

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસ:- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

# શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વે.મૂ.તપાગચ્છ સંઘમાં ભગવાન મહાવીર જન્મકલ્યાણકનો ભવ્ય વરઘોડો નીકળ્યો


વસંત બારોટ

સુરત

શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વે. મૂર્તિપૂજક તપાગચ્છ સંઘ શ્રી ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરી પૌષધશાળાના ઉપક્રમે ૩૯૩ દીક્ષા દાનેશ્વરી આચાર્ય ભગવંતશ્રી ગુણરત્ન સૂરીશ્વરજી મ.સા. તથા આચાર્યશ્રી રશ્મિરત્નસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં ચાંદીના રથમા પરમાત્મા મહાવીર પ્રભુને બિરાજમાન કરી બેંડબાજા સાથે ૨૫૧૭ મા જન્મકલ્યાણક નિમિત્તે વરઘોડો કાઢવામાં આવ્યો હતો. મુકુટ પહેરીને યુવાનોએ પરમાત્માનો રથ ખેંચ્યો હતો. વરઘોડો ગેલેક્સીના પ્રભુ મહાવીરસ્વામી જિનાલયે પહોંચ્યો ત્યાં સમૂહ ચૈત્યવંદન અને 'એક જન્મ્યો રાજ દુલારો' ના ગીતના સથવારે સુંદર ઉજવણી કરવામાં આવી. બધાને લાડુની પ્રભાવના કરવામાં આવી હતી.

શ્રી નવપદ આરાધનાના સાતમા પદમાં આચાર્યશ્રી ગુણરત્નસૂરિજી મ.સા.એ જ્ઞાનપદ પર પ્રકાશ નાખતા કહ્યુ કે આપણા જીવનમાં જ્ઞાન પરમ આધાર છે. જ્ઞાન અને જ્ઞાની પ્રત્યે બહુમાન જાગે તો આત્મા જ્ઞાન પ્રાપ્ત કરવા માટે તત્પર થઈ શકે છે. જ્ઞાન વાંચવું, સાંભળવું, જ્ઞાનને લખવું, જ્ઞાનની પુજા કરવી જેમાં જ્ઞાનાવરણીય કર્મ નાશ થાય છે. જ્ઞાન દિપક સમાન છે. અંધકારને દૂર કરીને અંતરમાં અજવાળું કરનાર છે. જૈન શાસનમાં કહ્યું છે કે ''જ્ઞાનસ્ય ફલં વિરત'' જ્ઞાનનું ફૂળ વિરતી છે. નંદીસૂત્રમાં જ્ઞાનને મંગલ કહ્યું છે તથા દશ વૈકલ્પિક સૂત્રમાં કહ્યું કે '' પઢમં નાણં તઓ દયા'' જીવનમાં જ્ઞાન હશે તો જીવદયા પાળી શકાશે. જ્ઞાનથી સાચું શું? અને ખોટું શું ? આ જાણી શકાય છે.

આ.શ્રી. રશ્મિરત્નસૂરિજી મ.સા. એ કહ્યું કે જ્ઞાન વગરની ક્રિયા કષ્ટ આપનાર અને જ્ઞાન સહિતની ક્રિયા તારનાર છે. સમ્યગ્ જ્ઞાન નિર્જરાનું પરમ સાધન છે.

વર્તમાન યુગમાં અજ્ઞાનોનો ગઢ અંધકાર પથરાઈ ગયો છે. આ અજ્ઞાનના અંધકારને દૂર કરવાની તાકાત, ભૌતિક જ્ઞાન પ્રકાશ કે દિવામાં નથી. આના માટે તો સમ્યગ્ જ્ઞાનનો વિરાટ પ્રકાશિત સુરજ જોઈએ.

જે સંસ્કારોથી મોક્ષની પ્રાપ્તિ થાય અને તે સંસ્કાર જે જ્ઞાનથી મળે તે જ જ્ઞાન સમયગ્ જ્ઞાન છે. આત્માના અજ્ઞાનથી ઉત્પન્ન થયેલ દુઃખ આત્માના જ્ઞાનથી જ નષ્ટ થાય છે અને તે જ્ઞાન ગુરૂચરણોમાં બેસીને વિનમ્ર પૂર્વક ગ્રહણ કરે તો જ હિતકારી બને છે.

# થરા પ્રાથમિક શાળા નં. ૨ માં 'કલા સાધના' ૧૨ મો વાર્ષિકોત્સવ યોજાયો

તાલુકા પ્રતિ. થરા

કાંકરેજ તાલુકાના થરા પ્રાથમિક શાળા નં.૨ માં "કલા સાધના" ૧૨ મો વાર્ષિકોત્સવ ધીરજભાઈ કે.શાહ (પ્રમુખ, થરા નગર પાલિકા, થરા) ના અધ્યક્ષસ્થાને યોજાયો. જેના ઉધ્ઘાટક પૃથ્વીરાજસિંહ સી.વાઘેલા, પ્રમુખ બ.કાં.જિલ્લા લોક અધિકાર મંચ) તથા મુખ્ય મહેમાન થરા પી.એસ.આઈ. અમિતકુમાર કે.ભરવાડ, અલ્પેશભાઈ સી.શેઠ (પ્રમુખ થરા શહેર કોંગ્રસ પાર્ટી), કનુભાઈ બી.ઠક્કર, હર્ષદભાઈ ઠક્કર, મગનભાઈ દેસાઈ (એ.એમ.સી.થરા), સોવનજી એસ. તેરવાડિયા રહેલ. ઉપસ્થિત મહાનુભાવોના વરદહસ્તે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શુભ શરૂઆત કરવામાં આવેલ. પધારેલ મહાનુભાવોનુ પુષ્પગુચ્છ તેમજ શાલથી સન્માન શાળાના નવનિયુકત આચાર્ય વિશાલ કુમાર એલ. ઠક્કર, શિક્ષક પ્રહલાઈભાઈ એલ. આચાર્ય, બાબુભાઈ પ્રજાપતિ, આસિફ ભાઇ મોરવાડીયા, સુડાભાઇ ધાંધોળ, વિરભણભાઇ જોષી, પોપટભાઇ પંચાલ, હરીબેન પટેલ, ગીતાબેન મેણાત વિગેરેએ સન્માન કરેલ. આ કાર્યકમમાં આ શાળાના વ્યસ્થાપન સમિતીના અધ્યક્ષ


યશપાલસિંહ વાઘેલા

ફકીરમહંમદ વી.સાચોરા, આ શાળા પૂર્વ આચાર્ય મહાદેવભાઈ બારોટ, ચેહરાભાઈ ગુજર (પૂર્વ આચાર્ય થરા પ્રા.શા.૨), શિક્ષક રમેશભાઈ પટેલ, ભરતભાઇ સી.સોની, યશપાલસિંહ ટી.વાઘેલા, અમરતજી ઠાકોર, નટુભાઈ પ્રજાપતિ, બાબુભાઈ દેસાઈ, પરેશભાઇ ઠકકર, મનોજ ઠકકર, સાગરભાઇ ઠકકર, અમૃતભાઇ પરમાર, મીનાબેન પટેલ, અમરતજી કાંકરેચા, મુકેશભાઈ બુકોલીયા (વકીલ), ઈકબાલ મેમણ, વિપુલભાઈ પ્રજાપતિ, નિરંજનભાઈ ચૌહાણ, હરીભાઈ પ્રજાપતિ, શાળા સ્ટાફ તેમજ થરા નગર જનો વિશાળ સંખ્યામાં હાજર રહેલ. સમગ્ર કાર્યક્રમનું સ્ટેજ સંચાલન પ્રહલાદભાઈ આચાર્ય તથા રક્ષાબેન જોષી તથા આભારવિધિ નાગજીભાઇ ઠાકોરે કરેલ.

## પાલનપુર બી.એસ.એન.એલ. ટેલીકોમનું ગૌરવ



પ્રતિનિધિ જગાણા

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર ખાતે આવેલ બી.એસ.એન.એલ ટેલીકોમમાં વર્ષોથી સેવા આપી રહેલા જગાણા ગામના રહેવાસી પ્રવિણભાઈ હીરાભાઈ એ.જી.એમ. (બી.એસ. એન.એલ) પાલનપુર ને ''વિશિષ્ટ સેવા સંચાર એવોર્ડ-૨૦૧૭'' ઓફિસર વર્ગ ૧ ની કેટેગરીમાં ગુજરાત બી.એસ.એન.એલ તરફથી સન્માનિત કરવામાં આવેલ. જેથી પાલનપુર બી.એસ. એન.એલ ટેલીકોમનું અને તેમના વતન જગાણાનું ગૌરવ વધારેલ છે.

## સદરપુરમાં ધારાસભ્યની સાકરતુલા


ચેતન શ્રીમાળી

ડીસા

ડીસા તાલુકાના સદરપુરા (સવાણીપુરા) ગામે માજી સરપંચ પનસિંહ અરજણજી દ્વારા અંબે માતાના મંદિરમાં હવન બાદ ધારાસભ્ય કીર્તિસિંહ વાઘેલાની સાકરતુલા કરવામાં આવી હતી. જે પ્રસંગે બહોળી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા.

## મુડેઠા પગાર કેન્દ્ર શાળામાં ધોરણ ૮નો વિદાય કાર્યક્રમ

મુડેઠા પ્રતિનિધિ

ડીસા તાલુકાના મુડેઠા પગાર કેન્દ્ર શાળામાં ધોરણ ૮ મા અભ્યાસ કરતાં વિધાથીઓનો વિદાય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં શાળાના આચાર્ય, સ્ટાફ દ્વારા આર્શીવચન આપવામાં આવ્યાં. કેટલાક બાળકો આવનાર સમયમાં ઉતરોતર પ્રગતિ કરે તેવા આશીષ આપ્યા હતા.


સાદુલસિંહ રાઠોડ

# નડાબેટ મુકામે કચ્છ બાયોસ્ફીયર રીઝર્વ અંગે અવેરનેસ કાર્યક્રમ યોજાયો

પાલનપુર

ભારત-પાકિસ્તાન સરહદ નજીક બનાસકાંઠા જિલ્લાના નડાબેટ મુકામે ગુજરાતના અગ્ર મુખ્ય વન સંરક્ષક આર.એલ.મીના અધ્યક્ષસ્થાને કચ્છ બાયોસ્ફીયર રીઝર્વ અંગે અવેરનેસ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે પ્રાસંગીક પ્રવચન કરતાં અગ્ર મુખ્ય વન સંરક્ષક આર.એલ.મીનાએ જણાવ્યું કે આ સરહદી વિસ્તારમાં રહેતા લોકો ખુમારીનું પ્રતિક છે.

આ પ્રસંગે બનાસકાંઠા જિલ્લાના નાયબ વન સંરક્ષક(નોર્મલ) આઇ.કે.બારડે સ્વાગત પ્રવચન કરતાં જણાવ્યું કે કુદરતી સ્ત્રોતોના ટકાઉ વિકાસ સાથે માનવ જરૂરીયાતને પરીપૂર્ણ કરવા તેમજ લેન્ડ ફ્રેસ ડેવલોપમેન્ટ કરવા માટે વર્ષ-૧૯૭૬થી બાયોસ્ફીયર રીઝર્વની ઘોષણા કરવામાં આવી હતી. જેમાં જંગલોની જૈવ વિવિધતા અને ઈકો સિસ્ટમને ખલેલ ન પહોંચે તે રીતે માનવ જરૂરીયાતોને પૂર્ણ કરવાનો ઉમદા આશય સમાયેલો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે કચ્છ બાયોસ્ફીયરમાં સસ્તનની ૩૧ પ્રજાતિઓ, પક્ષીઓની ૧૫૪ પ્રજાતિ, માછલીઓની ૨૨ પ્રજાતિ, સર્પની ૩૨ પ્રજાતિ તેમજ વનસ્પતિની ૨૫૦ પ્રજાતિ જોવા મળે છે. જેમાં કાળીયાર અને ઘુડખર વિશ્વમાં એકમાત્ર ગુજરાતના કચ્છ બાયોસ્ફીયર વિસ્તારમાં જોવા મળે છે. ફલેમિંગો સિટી ફલેમિંગો પ્રજનન સ્થળ તરીકે વિશ્વભરમાં પ્રખ્યાત છે. ઘોરાડ, ટીલોર, ખડમોર જેવા પક્ષીઓ અને હેલોતરો જેવા દુર્લભ પ્રાણીઓ પણ અહીં જોવા મળે છે.

આ અવેરનેસ પ્રોગ્રામમાં ભરતગૂંથણ ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મેળવનાર ધનીબેન રમેશભાઇ રાઠોડ અને ૧૫ બહેનોને શિવણ મશીન અને ભરતગૂંથણની કીટ એનાયત કરવામાં આવી હતી. શ્રેષ્ઠ કામગીરી કરનારા વન વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નાયબ વન સંરક્ષક (વિસ્તરણ) પરમાર, એ.સી.એફ. આઇ.આઇ. નાગોરી અને પટેલ, થરાદ આર.એફ.ઓ. એસ.આર. સિન્ધી અને જોષી, બી.એસ.એફ.ના કમાન્ડીગ ઓફિસર સુતેન અને હેગડે, વેટરનરી ડૉકટરો, જી.ડી.મોદી કોલેજ પાલનપુર અને થરાદ સાયન્સ કોલેજના વિધાર્થીઓ અને સારી સંખ્યામાં સ્થાનિક લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ભગવાનદાસ બંધુએ કર્યુ હતું.

# ઉકરડા ધામે હનુમાન જયંતિનો ધર્મોત્સવ ઉજવાશે



ડીસા

બનાસકાંઠાના સૌંદર્યધામ બાલારામથી અંબાજી રોડ તરફ ૩ કિ.મી. અંતરે મનોહર અને ધર્મધજાની ધરોહર સમાન, અરવલ્લીની ગીરીકંદરાઓમાં સુશોભિત, પ્રકૃતિની ગોદમાં બિરાજતુ, આધ્યાત્મિક અનુભુતિના આનંદનો અહેસાસ કરાવતુ દિવ્ય અને પવિત્ર સ્થાનક એટલે પૂ.બ્રહ્મલીન મહાત્મા યોગીરાજ મુકુનપુરી મહારાજની તપોભૂમિનું સ્થળ- ઉકરડાની ધૂણી દર્શનીય સ્થળ છે કે જ્યાં વર્ષો સુધી ગુફામાં અલખના આરાધક યોગીરાજ પૂ.મુકુનપુરી મહારાજે ઉગ્ર તપશ્ચર્યા કરી ઈશ્વરનો સાક્ષાત્કાર કરી ઈ.સ.૧૯૯૩ માં રાજસ્થાનમાં જીવંત સમાધિ લીધેલ એ તપસ્વીની ભૂમિ શ્રધ્ધાળુઓ ભક્તો, જિજ્ઞાસુઓને મન સ્વર્ગ સમાન છે. પૂ.બ્રહ્મલીન યોગીરાજ અવધૂત મુકુનપુરી મહારાજના કૃપાપાત્ર શિષ્ય અને જગ્યાના મહંત પૂ.શ્રી ચીનુભારથી મહારાજ તેમજ ભૈરવ ઉપાસક શ્રી ગીરીશભારથી મહારાજના માર્ગદર્શન અને નિશ્રામાં પૂ.ગુરૂમહારાજની ગેબી પ્રેરણા અને કૃપાથી ચૈત્ર સુદ-૧૫ (પૂનમ) ને શનિવારે પ્રતિવર્ષની જેમ હનુમાન દાદાની જન્મજયંતિની ભવ્ય ઉજવણી થશે. આ પ્રસંગે ''મારૂતિ યજ્ઞ'' નું ભવ્ય આયોજન થયેલ છે. યજ્ઞના આચાર્ય તરીકે વિદ્વાન શાસ્ત્રી અને જાણીતા જ્યોતિષી મધુસુદનભાઈ જોષી (મહેમદ પુરવાળા- પાલનપુર) તેમજ તેમના વિદ્વાન ભુદેવ મંડળ દ્વારા હનુમાનદાદાનો અભિષેક પૂજા- યજ્ઞ આહુતિ અપાશે.

# ગઢના વિમળા વિદ્યાલય કેમ્પસમાં બીએસસીના વિદ્યાર્થીઓનો સ્નેહાભિજ્ઞાન કાર્યક્રમ યોજાયો


દિનેશ રાણા

(પ્રતિ.) ગઢ

પાલનપુર તાલુકાના ગઢ ખાતે આવેલ વિમળા વિદ્યાલય કેમ્પસમાં બુધવારે કુમારભાઈ સેવતીલાલ જવેરી બીએસસી કોલેજના ટીવાયનાં વિદ્યાર્થી ઓનો કારકિર્દી સેમિનાર તેમજ સ્નેહાભિજ્ઞાન કાર્યક્રમ યોજાઈ ગયો. વિમળા વિદ્યાલયનાં હોલમાં બુધવારે બીએસસી કોલેજના વિદ્યાર્થીઓના સ્નેહાભિજ્ઞાન કાર્યક્રમ પ્રસંગે મુખ્ય મહેમાન કેમ્પસ ડાયરેકટર ડૉ. સલીમ શેખ, બીએસસી કોલેજના આચાર્ય ધવલભાઈ પ્રજાપતિ, કોમર્સ કોલેજના આચાર્ય નરેશભાઈ દેસાઈ દ્વારા કાર્યક્રમને દીપ પ્રાગટ્ય કરીને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. બાદમાં ગણપત યુનિ.ના તજજ્ઞો દ્વારા કારકિર્દી સેમીનારમાં પ્રોજેકટર દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું.

તેજસ્વી તારલાઓને વિવિઘ એવોર્ડ પૈકી બેસ્ટ સ્ટુડન્ટ ઓફ ધ ઈયર, બેસ્ટ સપોર્ટીન્ગ સ્ટુડન્ટ, બેસ્ટ પોસ્ટર પ્રેઝન્ટેશન, બેસ્ટ સાયન્ટિશ જેવા એવોર્ડ થી વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ તેમજ ટ્રોફી આપીને નવાજવામાં આવ્યાં હતાં.આભાર વિધિ અરવિંદભાઈ ટાંક દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમ બાદમાં વિદાય લેતાં ટીવાય કોલેજ વિદ્યાર્થીઓ ડીજેનાં તાલે મન મુકીને ડાન્સ કર્યો હતો.

# ડીસા ખાતે નારી સંમેલન યોજાયું

ડીસા

તા.૨૩/૦૩/૨૦૧૮ ના રોજ વર્ધમાન જૈન વિહાર ધામ, ડીસા ખાતે નારી સંમેલન જિલ્લા વિકાસ અધિકારી અમિત અરોરાના અધ્યક્ષ પદે યોજાયું હતું. તેમાં શ્રીમતિ ભારતીબેન ગઢવી (કાયદા અધિકારી ગુજરાત રાજ્ય મહિલા આયોગ ગાંધીનગર) શ્રીમતી હંસાબેન પટેલ (સંશોધન અધિકારી ગુજરાત મહિલા આયોગ ગાંધીનગર) મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા હતા. આ પ્રસંગે શ્રીમતી જયોત્સનાબેન પટેલ (ચેરમેન નારી સંરક્ષણ બનાસકાંઠા) એ પોતાના પ્રવચનોમાં સરકારની યોજના વિશે બહેનોને માહિતી આપી હતી.

આ પ્રસંગે શ્રીમતી રાજલબેન દેસાઈ (ડિરેક્ટર ગુજરાત રાજ્ય બાળઆયોગ ગાંધીનગર) એ તેમની જોસીલી ભાષામાં સંબોધન કર્યું હતું. નારી શક્તિ એક મહાન શક્તિ છે. તેમણે મહિલાઓને પોતાની છોકરીઓને શિક્ષણ આપવા ભાર મુક્યો હતો અને તમામ બહેનો સમાજમાં આગળ આવી સારુ કાર્ય કરવું. આ પ્રસંગે ડીસા નગરપાલિકાના પ્રમુખ પ્રવિણભાઈ માળી, ડીસા તાલુકા પંચાયતના પ્રમુખ ઉકાજી ધરમાજી ઠાકોર, ડીસા શહેર ભાજપ પ્રમુખ સંજયભાઈ બ્રહ્મભટ્ટ, જિલ્લા પ્રોગ્રામ અધિકારી ભાવનાબેન જટીયા તથા ડીસા તાલુકા અનુસુચિત જાતિના મહામંત્રી બાબુભાઈ માળી તથા સી.ડી. પી.ઓ (ડીસા-૧) રમીલાબેન ચૌધરીએ મહેમાનોનું શબ્દોથી સ્વાગત કર્યું. છેલ્લે આભાર વિધિ સી.ડી.પી.ઓ (ઘટક-૧) લીલાબેન રાવતે કરી હતી.

# દિયોદર તાલુકાના કોતરવાડા ગામે મેલડી માતાજીના ધામે રમેલ યોજાઈ


નટુજી ઠાકોર

(પ્રતિ.) કોતરવાડા

ગુજરાતભરમાં ચૈત્ર માસ ચાલી રહ્યો છે. આ માસ એટલે ચૈત્ર નવરાત્રી અને ચૈત્ર નવરાત્રી એટલે દેવ - દેવીઓનો પવિત્ર તહેવાર. આ તહેવારમાં ગામડે ગામડે દેવીઓના ધામે ડેકલા વાગી રહ્યા છે જ્યારે દિયોદર તાલુકાના કોતરવાડા ગામે સંવત ૨૦૭૪ ચૈત્ર શુદ ૭ રવિવાર તા.૨૫/૩/૨૦૧૮ ની રાત્રે મેલડી માતાજીના ધામે રમેલ યોજાઈ હતી. આ રમેલમાં મેલડી માતાજીના ભુવાજી સ્વરૂપજી શાન્તીજી ઠાકોરે તમામ ભુવાજીને આવકારેલ. ત્યારબાદ સૈવ ભુવાજીએ આખી રાત જાગરણ કરીને માતાજીના ગુણલા ગાયેલ. ત્યારબાદ સંવત ૨૦૭૪ ચૈત્ર શુદ ૮ સોમવાર તા.૨૬/૩/૨૦૧૮ ના રોજ સવારે આઠ વાગ્યે સુર્ય નારાયણની સાક્ષીમાં તેલ ફુલ ચડાવવામાં આવ્યું. હતું. આ પ્રસંગે તમામ આવેલા મહેમાનોએ પ્રસાદ લીધો હતો.

# કંબોઈ ખાતે સિકોતર માતાજી (વિજેશ્વરી) નો પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો


સજ્જનસિંહ સોલંકી

(પ્રતિ.) કંબોઈ

કંબોઈ ખાતે બિરાજમાન વિજેશ્વરી સિકોતર માતાજીનો પ્રાણ પ્રતિષ્ઠા યોજાયો હતો. તેમ કંબોઈના સમસ્ત કડવાની પાટીના પરિવારે આ માતાજીની પ્રતિષ્ઠા કરી હતી, ત્યારે માતાજી નો યજ્ઞ પ્રથમ રાખવામાં આવ્યો હતો એને બ્રાહ્મણોના મંત્રોચ્ચાર સાથે માતાજીની નવીન મંદિરમાં પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. આ પ્રસંગે આ પરિવાર દ્વારા ભોજનની સુંદર વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

# સિદ્ધાર્થ અરોડા કલર્સના "લાડો–વીરપુર કી મર્દાની"માં ડ્રામાને વધુ મસાલેદાર બનાવે છે



કલર્સનો લોકપ્રિય સામાજિક ડ્રામા લાડો–વીરપુર કી મર્દાની એ અનુષ્કાના જીવનમાં નવા વળાંક સાથે દર્શકોને પોતાના ટીવીના પડદાઓસાથે ચોંટાડી રાખેલ છે. તાજેતરમાં, અનુષ્કાએ પોતાની જાતને શેઠી પરિવારમાં પામી છે જેઓ તેણીને એક રાજકુમારીની જેમ પ્રેમ કરે અને પંપાળે છે. શોના ફાળ ભરવાની સાથે, શોમાં નાસીર ખાન, માનિની ડે, ફરીદા દાદી અનેચારુ આસોપા જેવા કલાકારોની આખી હરોળ જોવા મળી રહેલ છે જેઓ અનુષ્કાના જીવનમાં અગત્યની ભૂમિકા ભજવી રહેલ છે. અને, શોમાં તાજેતરનો ઉમેરો અભિનેતા સિદ્ધાર્થ અરોડા હશે જેણે દર્શકોને ઘણાં બધા શોમાં પોતાના પરફોર્મન્સિસ વડે પ્રભાવિત કરેલા છે. તે જુહીનો બાળપણનો મિત્ર, શૌર્યની ભૂમિકા ભજવી રહેલ છે જે અનુષ્કાના જીવનમાં નવા વળાંક અને ઘુમાવ લઈને આવશે.

શૌર્યની ભૂમિકા માત્ર રસપ્રદ જ નથી પણ આને વિવિધ લાગણીઓથી ભરપૂર વિભિન્ન પરતો છે. આ મને માત્ર મારા નવા મુકામોને ખૂંદવાની જ તક નથી આપતું પણ એક અભિનેતા તરીકેના મારા હુનરને પણ મઠારનાર છે. વધુમાં, હું અવિકા ગોર સાથે કામ કરવા બાબતે સાચે જ રોમાંચિત છું અને એક ભરપુર અનુભવની રાહ જોઇ રહેલ છું."

બાળપણના મિત્રો શૌર્ય અને જૂહી એક બીજાથી વિખુટાં ન પાડી શકાય તેવા હતાં પણ તેઓના પરિવારો વચ્ચેના વૈમનસ્યએ તેઓને અળગા કરી દીધાં. ઘણાં બધાં વર્ષો પછી પણ શૌર્યપોતાની બાળપણની મિત્રને ભૂલ્યો નથી અને તેણીની શોધ કરી જ રહેલ છે. પણ, એક દિવસ એની પ્રાર્થના ફળી તે પોતાના પ્રેમ જૂહીની સામે આવી જાય છે પણ આ મેળાપ અનુષ્કા માટે આંચકારૂપ નીવડે છે. શું શૌર્ય અનુષ્કાની વાસ્તવિકતાને જાણી જશે? અનુષ્કા આ પરિસ્થિતિનો સામનો કેવી રીતે કરશે? વધુ જાણવા માટે, લાડો–વીરપુર કી મર્દાની જોતાં રહો દર સોમવારથી શુક્રવાર રાત્રે ૯-૩૦ કલાકે ફક્ત કલર્સ પર.

## બ.કાં.ના પશુઓના આકસ્મિક મૃત્યુ દરમિયાન સહાય આપવા માંગ

### જિલ્લા પંચાયતની સાધારણ સભામાં રજૂઆત

પ્રતિનિધિ છાપી

કોંગ્રેસ શાસિત બનાસકાંઠા જિલ્લા પંચાયતની પ્રથમ સાધારણ સભા બુધવારે જિલ્લા પંચાયતના સભાખંડમાં મળી હતી. જેમાં વિકાસલક્ષી બજેટ સર્વાનુ મતે મંજુર કરવામાં આવ્યું હતું. દરમિયાન જિલ્લામાં પશુઓના આકસ્મિક મોત દરમિયાન સહાય ચુકવવા માટે રજુઆત કરવામાં આવી હતી.

બનાસકાંઠા જિલ્લા પંચાયતની વડગામ બેઠકના ડેલીગેટ ફલજીભાઈ વી.પટેલ દ્વારા પશુઓના આકસ્મિક મૃત્યુ દરમિયાન પશુ પાલકોને સહાય મળે તે માટે જોગવાઈ કરવા રજૂઆત કરવામાં આવી હતી. બનાસકાંઠા જિલ્લો મોટા ભાગે પશુ પાલનના વ્યવસાય ઉપર નિર્ભર છે. દરમિયાન પશુઓના આકસ્મિક મૃત્યુ તેમજ ઉનાળા દરમિયાન રાહતદરે ઘાસચારાની વ્યવસ્થા કરવા સાથે પશુપાલકોને આવા કિસ્સાઓમાં સહાય મળી રહે તે માટે બજેટમાં જોગવાઈ કરવા માટે ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી.

## મુડેઠા સરકારી માધ્યમિક શાળામાં ધો.૧૧ નો વર્ગ શરૂ કરવા માંગ

### વારંવાર રજૂઆત કરવા છતાં પરિણામ શુન્ય



સાદુસિંહ રાઠોડ

પ્રતિનિધિ મુડેઠા

ડીસા તાલુકાના મુડેઠા ગામે આવેલા સરકારી માધ્યમિક શાળામાં ધો.૧૧ નો વર્ગ શરૂ કરવા શિક્ષણ વિભાગમાં અવાર નવાર રજૂઆતો કરવા છતાં કોઈ પરિણામ ન મળતાં ગ્રામજનોમાં નારાજગી છવાઈ જવા પામી છે. ધો.૧૧ માં અભ્યાસ કરવા વિદ્યાર્થીઓને ડીસા કે ભીલડી જવાની ફરજ પડી રહી છે.

ડીસા તાલુકાના મુડેઠા ગામની સરકારી હાઈસ્કૂલમાં મુડેઠા તેમજ અરણીવાડા, બુકોલી, ગોગાપુરા, ગજનીપુર, વડલાપુરા, ગણેશપુરા અને છત્રાલા સહિતના ગામના વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે આ વર્ષે ધો.૧૦ માં ૧૨૯ કરતાં પણ વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી બોર્ડની પરીક્ષા આપી છે. પરંતુ હાઈસ્કૂલમાં ધો.૧૧ નો વર્ગ ન હોઈ વિદ્યાર્થીઓને ડીસા કે ભીલડી અભ્યાસ માટે જવુ પડે છે. આ બાબતે શાળાના આચાર્ય દ્વારા તાલુકા અને જિલ્લા શિક્ષણ વિભાગ તેમજ ગાંધીનગર સુધી વારંવાર રજૂઆતો કરાઈ છે. પરંતુ ધો.૧૧ નો વર્ગ મંજુર કરવામાં આવ્યો નથી. ગામના કેટલીક વિદ્યાર્થીનીઓ ધો.૧૧ માં અભ્યાસ કરવા ગામથી દુર ન જઈ શકતા તેમને અભ્યાસ છોડવા મજબુર થવુ પડે છે. જેથી તેમના ભાવિ બગડે તેમ છે. આથી આ બાબતે તાલુકા, જિલ્લા શિક્ષણ વિભાગ તેમજ કાંકરેજ તથા ડીસા ધારાસભ્ય અંગત રસ દાખવી વિદ્યાર્થીઓના હિતમાં મુડેઠા સરકારી માધ્યમિક શાળામાં ધો.૧૧ નો વર્ગ મંજુર કરાવે તેવી ઉગ્રમાંગ ઉઠવા પામી છે.

## ડીસા ક્રિકેટ એકેડેમીના દિવ્યાંગ ક્રિકેટર મોહંમદ હનીફ ઘોરીની ભારતની વિકલાંગ ટીમમાં પસંદગી



ડીસા

ધી- ડીસા સ્પોર્ટસ ક્રિકેટ એન્ડ ચેરિટેબલ એકેડેમીના ક્રિકેટ ખેલાડી મોહંમદ હનીફ ઘોરીની ભારતની દિવ્યાંગ ક્રિકેટ ટીમમાં પસંદગી કરવામાં આવી છે. મોહંમદ હનીફ ઘોરી છેલ્લા ત્રણ વર્ષથી ધી ડીસા ક્રિકેટ એકેડેમીમાં ન્યુ ટી.સી.ડી. ક્રિકેટ મેદાન ઉપર ડીસા એકેડેમીના મુખ્ય ક્રિકેટ કોચ વિપુલ આલ શૈલેષ મકવાણા (ગાંગુલી) ના માર્ગદર્શન હેઠળ કોચિંગ લઈ રહ્યો છે. મોહંમદ હનીફ ઘોરીની ભારતની દિવ્યાંગ ક્રિકેટ ટીમ પસંદગી થઈ તે સમગ્ર બ.કાં. તેમજ ઉત્તર ગુજરાત માટે ગૌરવની બાબત છે. આ મોહંમદ હનીફ ઘોરી તા. ૧૨/૪/૨૦૧૮ ના રોજ બાંગ્લાદેશ સામે સીરીઝ રમવા માટે ભારતની ટીમ વતી બાંગ્લાદેશ જશે. ત્યાં તા. ૨૧/૨૨/૨૩/૨૪ ૨૦૧૮ ના રોજ ક્રિકેટ સીરીઝ રમાશે. ભારતની ટીમ ગુજરાતના કુલ ચાર ક્રિકેટરોની પસંદગી કરવામાં આવી છે. આ પસંદગી કેમ્પ નાગપુર ખાતે યોજાયો હતો.

## યાત્રાધામ ઢીમામાં દેશી - વિદેશી દારૂની હાટડીઓ સામે પગલા લેવા માંગ

પ્રતિ. ઢીમા

વાવ તાલુકાના સુપ્રસિદ્ધ યાત્રાધામ ઢીમામાં છેલ્લા ઘણા સમયથી દારૂની બદીએ માઝા મુકી છે ગામમાં ઠેરઠેર દેશી વિદેશી દારૂની હાટડીઓ ધમધમી રહી છે પરંતુ તેની વિરૂધ્ધ કોઈ નકકર કામગીરી થતી ન હોઈ ગ્રામજનોમાં રોષ વ્યાપી ગયો છે.

યાત્રાધામ ઢીમામાં દેશી વિદેશી દારૂની હાટડીઓની સાથે દારૂડીયા અસમાજીક તત્વોનો ત્રાસ વધી જવા પામ્યો છે. જેના કારણે સ્થાનિક ગ્રામજનો સહિત ભગવાન ધરણીધરના દર્શનાર્થે આવતા યાત્રાળુઓ પરેશાન થઈ ઉઠયા છે આ બાબતે ગ્રામજનોએ અવારનવાર પોલીસ તંત્રનું ધ્યાન દોરવા છતાં દારૂની હાટડીઓ કે દારૂડીયા તત્વો સામે કોઈ પગલા લેવાતા નથી જેથી તેઓ નિર્ભય બની પોતાની અસામાજીક પ્રવૃત્તિઓ આચરી રહ્યા છે. ત્યારે જિલ્લા પોલીસ વડા આ બાબતે ગંભીરતા લઈ યાત્રાધામ ઢીમામાં દેશી વિદેશી દારૂની હાટડીઓ બંધ કરાવી કડક કાર્યવાહી હાથ ધરે તેવી ગ્રામજનો તથા યાત્રાળુઓની માંગ છે.

## મહેસાણી ભેંસના પશુપાલન માટે બનાસ ડેરીની સંતતી પરીક્ષણ યોજનાથી દૂધ ઉત્પાદકોને અનેક ફાયદા

પાલનપુર

બનાસ ડેરી દ્વારા પશુપાલન માટે અનેકવિધ યોજનાઓ અમલમાં મુકેલ છે. જેમાં મહેસાણી ભેંસના પશુપાલન માટે પ્રોજેની ટેસ્ટીંગ (સંતતિ પરીક્ષણ) યોજના ખૂબ જ મહત્વ ધરાવે છે. બનાસ ડેરીના માધ્યમથી દૂધ ઉત્પાદકોને પ્રોજેની ટેસ્ટીંગ યોજના અંતર્ગત ઉચ્ચ વંશાવલી ધરાવતા પાડા પેદા કરવા, પશુ દીઠ દૂધ ઉત્પાદન વધારવું, પશુપાલકોને પશુપાલનના વિવિધ પાસાઓ બાબતે માહિતી અપાય છે જેના ખૂબ સકારાત્મક પરિણામો મળી રહ્યા છે.

પ્રોજેની ટેસ્ટીંગનું એક માળખું બનાવેલ છે, જેમાં પ્રોજેક્ટ અધિકારીથી લઈને બીજદાન કર્મચારી (પશુપાલન મિત્ર) સુધી સરળતા પૂર્વક માહિતી પહોંચે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

પ્રોજેની ટેસ્ટીંગ (સંતતિ પરીક્ષણ) યોજના વિવિધ તબક્કા પ્રમાણે કામ કરે છે. બનાસ ડેરી સંચાલિત દામા સીમેન સ્ટેશનના મ હ ે સ ા ણ ી પાડાઓમાંથી ૧૦થી ૨૦ પાડાઓની જોડી ટેસ્ટીંગ કરવા માટે મુકવામાં આવે છે, પસંદ કરેલા ગામોમાં બીજદાન કર્મચારી દ્વારા ભેંસોને કડી પહેરાવી ટેગીંગ કરીને નોંધણી કરવામાં આવે છે. ટેસ્ટ માટે પસંદ કરેલ પાડાઓ પૈકી પ્રત્યેક પાડાના ડોઝથી ૨૦૦૦ ભેંસોને બીજદાન કરાય છે, આ બીજદાનથી ગાભણ થયેલ ભેંસોનું વીયાણ થયા બાદ જન્મેલી પાડીઓ પૈકી ૨૫૦ જેટલી પાડીઓને કડી પહેરાવી ટેગીંગ કરી નોંધણી કરવામાં આવે છે, જયારે આ પાડીઓ મોટી થઈ દૂધમાં આવે ત્યારે દૂધ માપણી કર્મચારી દ્વારા દૂધ માપણી કરવામાં આવે છે, આ ઓછામાં ઓછી૧૦૦ પાડીઓના દૂધ ઉત્પાદનના માપના આધારે ટેસ્ટ પાડાનું રેન્કિંગ કરી ૧૦ કે ૨૦ પાડાઓ પૈકી ઉત્તમ પાડાને પ્રોવેન(સિદ્ધ) થયેલો જાહેર કરવામાં આવે છે, પસંદ કરેલા પ્રોજેક્ટ ગામડાઓમાં રહેલી ભેંસોનું દૂધ ઉત્પાદન તથા દૂધના ઘટકો દૂધ માપણી કર્મચારી દ્વારા તપાસવામાં આવે છે. દૂધ ઉત્પાદન તથા સારા લક્ષણો ધરાવતી ભેંસોને એલાઈટ(ઉત્તમ) જાહેર કરવામાં આવે છે.



અનુસંધાન પાના નં.૬

### ૯૪- બટાલીયન બી.એસ.એફ. દ્વારા...

## સુઈગામના પાડણ મુકામે ફીટનેસ- મિનીજીમનું લોકાર્પણ

તાલુકા પ્રતિનિધિ વાવ

ગતરોજ લોકનિકેતન રતનપુર સંચાલિત, લોકનિકેતન વિનય મંદિર પાડણ (તા.સુઈગામ) મુકામે ૯૪ બટાલીયન સીમા સુરક્ષા બળ દ્વારા સિવિક એક્શન પ્રોગ્રામ અંતર્ગત મિની- જીમ તેમજ ફીટનેશના સાધનો શાળાને અર્પિત કરી લોકાર્પણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જે પ્રસંગે ૯૪-બટાલીયનના કમાન્ડર મેથ્યુ વર્ગીસ તથા બી.એસ.એફ.ના ઓફિસરો, જવાનો, લોકનિકેતન વિનય મંદિર પાડણના આચાર્ય એ.ડી.રેવોડ, ઉ.મા શાળા પાડણના એચ.વી.ડાભી, પાડણ સરપંચ ભરતસિંહ ગોહિલની ઉપસ્થિતિમાં લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. જે પ્રસંગે આચાર્ય શ્રી રેવડ દ્વારા શાબ્દિક શબ્દોથી સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમજ સરપંચ ભરતસિંહ ગોહિલે કમાન્ડરનું શાલ ઓઢાડી સ્વાગત કર્યું હતું. શાળાની બાલિકાઓએ પણ સ્વાગત ગીત દ્વારા ઉપસ્થિત અગ્રણીઓનું સ્વાગત કર્યું હતું. જે પ્રસંગે બી.એસ.એફ.ના કમાન્ડર ઓફિસર મેથ્યુવર્ગીસે સમસ્ત ગ્રામજનોનો તેમજ સ્ટાફમિત્રોનો આભાર માની તેમની ટીમ દ્વારા આપવામાં આવેલ. ફીટનેસના સાધનોનો વધુમાં વધુ ઉપયોગ થાય તેવું જણાવ્યું હતું.



વિષ્ણુ પરમાર

## થરાદના દુધવામાંથી યુવક ગુમ થતાં ચકચાર

પ્રતિનિધિ થરાદ

થરાદ તાલુકાના દુધવા ગામના પોપટલાલ સોનીનો પરિવાર ગત ૨૫ માર્ચે અંબાજી મુકામે હવન હોવાથી હવનમાં ગયો હતો.અને તેમનો પુત્ર ચેતન એકલો જ ઘેર હતો.પરિવાર સાંજે પરત આવતાં ઘેર ચેતન જોવા મળ્યો ન હતો.આથી આજુબાજુ અને સગાંસંબંધીઓમાં વ્યાપક શોધખોળ કરવા છતાં પણ તેનો કોઈ પત્તો લાગ્યો ન હતો. આથી તે ગુમ થયાની આશંકાએ થરાદ પોલીસમથકમાં યુવકના નાનાભાઈ રાજેશભાઈએ જાણ કરી હતી.જોકે ચેતનભાઈ પાસે મોબાઈલ હોવાથી છેલ્લી વાત કરી તેમાં તે સુંધાજી જતો હોવાનું તેણે પરિવારને જણાવ્યું હતું.આથી તેના કોલડીટેઈલ અને લોકેશન કઢાવી તેને શોધી કાઢવામાં મદદ કરવા જણાવતાં પોલીસે ગુમ રજીસ્ટરે નોંધ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.



## વખા (ગો) સેવા મંડળીના મંત્રી પદે વરણી



નટુજી ઠાકોર

પ્રતિનિધિ કોતરવાડા

દિઓદર તાલુકાની વખા (ગો) સેવા સરકારી મંડળીના મંત્રી પદે સતત ૪૫ વર્ષ નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા ચંપકલાલ શાહની ૭૦ વર્ષની ઉંમર થતા તેઓ સ્વેચ્છીક નિવૃત થયા હતા. જેથી મંડળીના ચેરમેન, સરપંચ, સભ્યો અને ગ્રામજનોએ તેમની સેવાઓની કદર કરી તેમને સાલ ઓઢાડી સન્માન કર્યુ હતુ અને મંત્રી પદે તેમના પુત્ર પ્રદીપભાઈ શાહની વરણી કરી હતી. જેમાણે તેમના પિતાના પગલે ખેડૂતોની વચ્ચે રહી નિષ્ઠાપૂર્વક ફરજ બજાવવાની ખાત્રી આપી ગ્રામજનોનો આભાર માન્યો હતો.

## વડાવળમાં સધી માતાજી અને ગોગા મહારાજનો યજ્ઞ અને રમેલ યોજાઈ



નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

ડીસા તાલુકાના વડાવળમાં ભુરાભાઈ કે.દેસાઈના ફાર્મ હાઉસ પર બિરાજમાન માં રાજ રાજેશ્વરી સધી માતાજી તથા ગોગા મહારાજના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે દિવસે યજ્ઞ તથા રાત્રે રમેલનું આયોજન કરવામાં આવ્યું હતું.

સધી માતાજી અને ગોગામહારાજની મૂર્તિઓની ચૈત્ર સુદ - ૧૩ ના રોજ પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. ત્યારથી દર વર્ષે ચૈત્ર સુદ - ૧૩ ના દિવસે સધી માતાજી અને ગોગા મહારાજનો વાર્ષિક પાટોત્સવ યોજવામાં આવે છે. ત્યારે ગતરોજ વાર્ષિક પાટોત્સવ પ્રસંગે સધી માતાજી અને ગોગામહારાજનો દિવસે યજ્ઞ કરવામાં આવ્યો હતો. ડીસાના દિનેશભાઈ શાસ્ત્રી શીવશક્તિ જ્યોતિષના વૈદિક મંત્રોચાર સાથે યજ્ઞ કરાવવામાં આવ્યો હતો. ત્યારબાદ ઉપસ્થિત ભાવિક ભક્તોએ ભોજન પ્રસાદના લાભ લીધો હતો. જયારે રાત્રે માતાજીની ભવ્ય રમેલ કરવામાં આવી હતી. જેમાં દુર દુરથી ભુવાજીઓ ઉપસ્થિત રહી ખમ્મા અને મજાના આશિર્વાદ આપ્યા હતા. આ પ્રસંગે સધી માતાજીના ભુવાજી ભુરાભાઈ દેસાઈએ પણ ઉપસ્થિત ભાવિકોને માતાજીના આશિર્વાદ આપ્યા હતા આ પ્રસંગે સમગ્ર લોઢા પરિવારના યુવાનોએ ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## ડીસા માર્કેટયાર્ડના ડિરેક્ટર પદે બિનહરીફ ચૂંટાયા

પ્રતિનિધિ ભીલડી

ડીસા અને ભીલડી પંથકના ધુરંધર સહકારી આગેવાન બાબુભાઈ વી.પાનકુટા(દેસાઈ) ડીસા માર્કેટયાર્ડના ડિરેક્ટર પદે બિનહરીફ ચૂંટાતા તેમના સમર્થકોમાં ખુશાલી છવાઈ છે.

ઉત્તર ગુજરાતમાં ઊંઝા બાદ બીજા નંબરનું ગૌરવવંતુ સ્થાન ધરાવતી જિલ્લાની અગ્રણી સહકારી સંસ્થા ડીસા માર્કેટયાર્ડના સંચાલક મંડળની ચૂંટણી તાજેતરમાં રસાકસીભરી રીતે બિનહરીફ થઈ હતી. જેમાં ધુરંધર સહકારી આગેવાન અને ભીલડી પંથકમાં સારી લોકચાહના ધરાવતા તાલેગંજવાળા બાબુભાઈ વેલાભાઈ પાનકુટા (દેસાઈ) સહકાર વિભાગમાં ડિરેક્ટર પદે બિનહરીફ ચૂંટાયા હતા. હાલમાં તેઓ ભીલડી મર્કેન્ટાઈલ મંડળીના માનદ્ એમ.ડી.અને બનાસ બેંકના ડિરેક્ટર પદે ઉમદા ફરજ બજાવી રહ્યાં છે. સહકારી ક્ષેત્ર સાથે સાથે તેઓ અનેક સામાજીક, ધાર્મિક, સેવાભાવી અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે પણ સંકળાઈ સમાજ સેવા અને લોક સેવાના કામો કરે છે. તેઓ ડીસા માર્કેટયાર્ડના ડિરેક્ટર પદે બિનહરીફ ચૂંટાઈ આવતા તેમના હજારો સમર્થકો અને મિત્ર વર્તુળમાં આનંદની લાગણી છવાઈ છે.

## ભારત વિકાસ પરિષદ ડીસાની મહિલા પાંખે પશ્ચિમ ક્ષેત્રિય મહિલા અધિવેશનમાં માર્ગદર્શન મેળવ્યુ



ડીસા

ભારત વિકાસ પરિષદ પારિવારિક સંસ્થા છે. અહીં મહિલા પાંખ પણ સક્રિય રહીને સમાજ સેવાના અને રાષ્ટ્ર જાગૃતિના અનેકવિધ કામો કરે છે. તે માટે માર્ગદર્શન સેમિનારોની અવારનવાર વ્યવસ્થા પણ કરવામાં આવે છે.

ચાલુ વર્ષ ૨૦૧૮ નું પશ્ચિમ ક્ષેત્રિય મહિલા અધિવેશન સૌંદર્યથી ભરપુર દરિયા કિનારાના બીચ અને રમણીય નગરી 'ગોવા' (મહારાષ્ટ્ર) માં યોજાયું. આ પ્રસંગે ડીસા શાખાની મહિલા પાંખના ડૉ.અમિતાબેન જોષી, ગુજરાત ઉત્તર પ્રાંત મહિલા સંયોજીકા, ગીતાબેન ત્રિવેદી, ભાવનાબેન જોષી, પીન્કીબેન દેસાઈ, મોનલબેન ચંદારાણા, કૈલાસબેન ઠક્કર, સોનલબેન જોષી, અનિતાબેન ગઢવી, પ્રિયંકા દેસાઈ વગેરે બહેનોએ ઉપસ્થિત રહી સુંદર માર્ગદર્શન મેળવ્યું હતું.

સાથે સાથે ડીસા શાખાના નવનિયુક્ત પ્રમુખ પારસભાઈ ત્રિવેદી, મંત્રી જયેશ દેસાઈએ પણ હાજરી આપીને ગોવાના રમણીય સ્થળોની મજા માણી ધન્યતા અનુભવી હતી.

### સમસ્ત ચાંગેચા પરિવાર દ્વારા

## કાંકરેજ તાલુકાના ભાવનગર ગામે બે દિવસીય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો



યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિ થરા

કાંકરેજ તાલુકાના થરા નગરની પશ્ચિમ દિશામાં એક.કી.મી. દૂર આવેલા ભાભર રોડ પરના ભાવનગર ગામે સમસ્ત ચાંગેચા પરમાર પરિવાર દ્વારા શ્રી ચામુંડા - વિહત માતાજી તથા શ્રી ગોગા મહારાજની મૂર્તિ - પ્રતિમાઓની નૂતન મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠાનો બે દિવસીય કાર્યક્રમ સંત શ્રી કરશનદાસ (રાધનપુર) સંતશ્રી રધુરામ (દેગામ) સંતશ્રી રાજારામ (ઝાલમોર) હીંગાળજપીરના મહંતશ્રી સાધુ ચતુરદાસ પાલભાઈના આર્શિવાદને પઢિયાર સ્વ.હરિભાઈ પરમાભાઈ ચાંગેચાની દિવ્ય દષ્ટિથી ગઈકાલે યોજાઈ ગયો.

પ્રથમ દિવસે સંતો - મહંતોના સામૈયા - રાત્રે સંતવાણી - ભજનનો કાર્યક્રમ તથા ભુવાજી જગમાલભાઈ ચાંગેચા પ્રતિષ્ઠા યજ્ઞના આચાર્ય શાસ્ત્રી જેઠાલાલ વડલીયા, હોમ હવનના આચાર્ય શાસ્ત્રી અમથાભાઈ ત્રિકમભાઈ જયોતિષ વિશારદ - કર્મકાંડ ભૂષણે વિધિ વિધાનપૂર્વક પ્રતિષ્ઠા મહોત્સવનો શુભારંભ કરાવ્યો હતો. બીજા દિવસે પ્રતિમાઓની ભવ્ય શોભાયાત્રા નીકળી જે ગામમાં ફરી નૂતન મંદિરે આવેલ જ્યાં વેદાતં મંત્રોચ્ચાર સાથે યજ્ઞ અને મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા-વિધિ કરવામાં આવી હતી. ત્યારબાદ શિખર - ધ્વજા - માહાઆરતી શ્રીફળ હોમ હવન સાથે બે દિવસીય પ્રાણ પ્રતિઠા મહોત્સવ સંપન્ન થયેલ.

આ મહોત્સવને બેચરભાઈ પરમાર, વસ્તાભાઈ પરમાર, કસ્તુરભાઈ ચાંગેચા, જયંતિભાઈ ચાંગેચા, રમેશભાઈ ચાંગેચા, જગમાલભાઈ ચાંગેચા,

અનુસંધાન પાના નં.૬

## ડીસામાં ભગવાન મહાવીર જન્મકલ્યાણક નિમિતે લાડુનુ વિતરણ



ભરત સુંદેશા

ડીસા

ગઈકાલ તા ૨૯/૩/૧૮ ના ગુરૂવારના દિવસે ભગવાન મહાવીર સ્વામીના ૨૬૧૬ મા જન્મકલ્યાણક નિમિત્તે ડીસામાં નેમીનાથ જૈન યુવા સંગઠન દ્વારા પ્રસાદી રૂપે લાડુનુ વિતરણ કરવામાં આવ્યું હતું.

## ડિઝાસ્ટર કટોકટીમાં લોકોને બચાવવા હવે ડિફેન્સ સિસ્ટમ

અમદાવાદ

કોઈપણ કેમીકલ, બાયોલોજીકલ, રેડિઓલોજીકલ કે ન્યુકિલયર એટેકમાં નાગરિકોને બચાવવા માટે અને કોઈપણ ડિઝાસ્ટર વખતે અસરકારક સુરક્ષા માટે ઓનલાઈન ટેલિમેડિસીન રિસર્ચ ઈન્સ્ટીટયુટ (ઓટીઆર આઈ) દ્વારા એક ખાસ ડિફેન્સ સીસ્ટમ વિકસાવવામાં આવી છે. ઓટીઆરઆઈ દ્વારા સલામતી અને આરોગ્ય વિષયક સહિતના વિવિધ પ્રોજેક્ટ પર બહુ મહત્વના સંશોધન અને અભ્યાસ હાથ ધરાયા છે, જેમાં પ્રથમ અને બીજા તબક્કાના સંશોધનનું કામ પૂર્ણ થઈ ગયું છે. ઓટીઆરઆઈ દ્વારા તેની આ ડિફેન્સ સીસ્ટમ હેઠળ કોઈપણ પ્રકારના કેમીકલ, બાયોલોજીકલ કે ન્યુકિલયર એટેક કે અન્ય કોઈપણ ડિઝાસ્ટર કટોકટીના સમયમાં અમદાવાદ અને તેનાથી ૨૫૦ કિલોમીટરની ત્રિજયાના સમગ્ર વિસ્તારને સુરક્ષા કવચ હેઠળ આવરી લેવાયું છે. આવી કોઈપણ ડિઝાસ્ટર કટોકટીમાં ગુજરાતની જેમ અન્ય રાજયોને પણ આ ડિફેન્સ સીસ્ટમ હેઠળ આવરી લેવા ઓટીઆર આઈ દ્વારા કેન્દ્ર સરકાર અને ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સમક્ષ પણ સમગ્ર પ્રોજેક્ટની રૂપરેખા રજૂ કરવામાં આવી છે, જેની પર ભવિષ્યમાં પાયલોટ પ્રોજેક્ટ તરી-કે તમામ રાજયોમાં કામગીરી હાથ ધરાય તેવી પણ સંભાવના છે એમ અત્રે જાણીતા વૈજ્ઞાનિક

અનુસંધાન પાના નં.૬

## ડાકોર : ઠાકોરના ચૈત્રી પૂનમના દર્શન માટે શ્રદ્ધાળુઓ ઉમટ્યા

અમદાવાદ

શનિવારે તા.૩૧મી માર્ચે ચૈત્રી પૂનમે સુપ્રસિધ્ધ યાત્રાધામ ડાકોરના રણછોડરાયજીના દર્શનને લઈ હાલ લાખો શ્રધ્ધાળુ ભકતોનો પ્રવાહ અને ધસારો ડાકોર તરફના માર્ગો પર જોવા મળી રહ્યો છે. ડાકોર તરફના માર્ગો પર નિશુલ્ક સેવા કેમ્પો ઉનાળાની બળબળતી ગરમીમાં જાણે શ્રધ્ધાળુ યાત્રિકો માટે આશીર્વાદ સમાન બન્યા છે. સેવા કેમ્પોમાં સેંકડો કાર્યકરો દર્શનાર્થી યાત્રિકોની સેવા માટે ખડેપગે તૈનાત રહ્યા છે. બીજીબાજુ, ડાકોર ખાતે ચૈત્રી પૂનમના દિવસે રાજાધિરાજ રણછોડરાયજીને વિશેષ સાજ-શણગાર, બાલભોગ, શૃંગાર ભોગ, ગોવાળ ભોગ, રાજભોગ, મહાભોગ સહિત ખાસ પૂજા-અર્ચનાનું પણ આયોજન કરાયું છે. તો, ચૈત્રી પૂનમના દર્શનના અનેરા મહાત્મ્યને લઈ અમદાવાદ, મુંબઈ, વડોદરા, સુરત સહિતના સ્થળોએથી ૨૦થી વધુ સંઘો પણ ડાકોર તરફ પહોંચી રહ્યા છે. ચૈત્રી પૂનમને લઈ ડાકોરમાં રાજાધિરાજ રણછોડરાયજીના દર્શનને લઈ તડામાર તૈયારીઓ ચાલી રહી છે. એક અંદાજ મુજબ, ચૈત્રી પૂનમના દિવસે પાંચ લાખ જેટલા શ્રધ્ધાળુ ભકતો ડાકોરના ઠાકોરના દર્શન કરશે. ડાકોરમાં ફાગણી પૂનમે તો લાખોનો માનવ મહેરામણ રાજા રણછોડના દર્શનાર્થે ઉમટે છે પરંતુ ફાગણી પૂનમની સાથે સાથે ચૈત્રી પૂનમનું પણ એટલું જ અનેરૂં અને વિશેષ મહત્વ છે.

અનુસંધાન પાના નં.૬

## પ્રેમ, કરુણાના સિદ્ધાંત પર સરકાર કાર્યરત : રૂપાણી

અમદાવાદ

ભગવાન મહાવીર સ્વામી જન્મદિન નિમિત્તે આજરોજ રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજકોટ ખાતે વહેલી સવારે ભુપેન્દ્ર રોડ સ્થિત સ્થાનકવાસી જૈન દેરાસર ખાતે દર્શન કરી જૈન મુનીશ્રીના આશિર્વાદ મેળવ્યા હતા. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આ પ્રસંગે ઉપસ્થિત ભાવિકોને મહાવીર સ્વામી જન્મદિન નિમિત્તે શુભેચ્છા પાઠવી હતી. જૈન ધર્મની મહત્તા સમજાવતા મુખ્યમંત્રી રૂપાણીએ કહ્યું હતું કે તમામ જીવ પ્રત્યે સંવેદના, કરુણા અને પ્રેમ એજ સાચો માનવ ધર્મ હોવાનું અને આપણું જીવન માનવ કલ્યાણાર્થે સમર્પિત કરવા જણાવ્યું હતું. જીવો અને જીવવા દો તેમજ સર્વે જીવ પ્રત્યે પ્રેમ અને કરુણા એ જૈન ધર્મની દેન છે અને તેમાંથી પ્રેરણા લઈ રાજ્ય સરકારે વિવિધ કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકી હોવાનું રૂપાણીએ જણાવ્યું હતું. કરુણા અભિયાન અંતર્ગત અનેક અબોલ પશુ-પક્ષીઓના જીવન બચાવ્યા હોવાનું તેમજ ૧૦૮માં ઈમરજન્સી સેવા જેવી જ પશુઓ માટે ઈમરજન્સી સેવાનું

અનુસંધાન પાના નં.૬

# તંત્રી સ્થાનેથી ...

## જીવનને સુંદર બનાવનાર પ્રત્યેક વિચાર માનો તો વેદ જ છે.

# ગત ચોમાસામાં તુટેલા માર્ગોનું ઝડપથી નવિનીકરણ જરૂરી

અમદાવાદ જેવા મહાનગરમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દિવાળીથી માંડી હોળી સુધીના સમયગાળામાં ૧.૨૨ લાખ મેટ્રિક ટન મટીરીયલનો ઉપયોગ કરી રોડ રિસરફેસ, પેચવર્ક તેમજ અને બી.ડી.એમ.ના કામો કરવામાં આવ્યા હોવાનો દાવો કરાઈ રહ્યો છે. પરંતુ હકીકત એવી છે કે નાગરિકોને જે રોડ નવા બન્યા છે. અને રિસરફેસ થયા હોવાનું દેખાતું નથી. મતલબ કે માનવા તૈયાર નથી.

શહેરના વીવીઆઈપી વિસ્તારોમાં રોડ રિસરફેસના કામો થઈ રહ્યાં છે. જ્યારે છેવાડાના વિસ્તારોમાં નાગરિકોને તુટેલા રોડ બાબતે વિરોધ કાર્યક્રમો ઘડવા પડે છે. કયા માર્ગો બાકી છે અને તે કેટલા સમયમાં થશે તે બાબત મહત્વની છે. અમદાવાદ જેવા નગરમાં સવારથી મોડી રાત્રિના બે વાગ્યા સુધી વાહનોની હેરાફેરી ચાલુ હોય છે. ત્યારે ખાડા પડી ગયા હોય તે રોડની સમીક્ષા થવી જોઈએ. કોના તાબા હેઠળ રોડ બન્યા છે તેની તપાસ ચલાવવી જોઈએ. કોન્ટ્રાક્ટ પધ્ધતિથી રોડ બન્યા હોય તો તેની અલગ યાદી બનાવવી જોઈએ. રોડ અને બિલ્ડીંગ કમિટીના ચેરમેનના દાવા અનુસાર દિવાળી પછી શરૂ કરી માર્ચ મહિના સુધીમાં ૧.૨૨ લાખ ટન મટિરીયલ વાપરી રોડ રિસરફેસ, પેચવર્ક અને બી.ડી.એમ.ના કામો કરવામાં આવ્યા હોવાનું કહેવાય છે.

શહેરમાં અત્યાર સુધી ૧૦૨ રોડના કામો થયા છે, જો કે રોડની લંબાઈ અલગ અલગ હોવાનું મનાય છે. શહેરના ઉત્તર ઝોનમાં ૭ હજાર મેટ્રીક ટન, પશ્ચિમ ઝોનમાં ૨૭ હજાર મેટ્રીક ટન, પૂર્વ ઝોનમાં ૩૦ હજાર મેટ્રીક ટન અને રોડ પ્રોજેક્ટ દ્વારા ૨૬ હજાર મેટ્રિક ટન સહિત અન્ય ઝોનમાં રોડ રિસર ફેસ અને પેચવર્કના કામો કરવામાં આવ્યા છે. પરંતુ વિપક્ષે સત્તાધારી પક્ષના દાવાને ફગાવી દીધો છે અને તેમના કહેવા મુજબ શહેરમાં રોડ રિસરફેસના કામો પૂર્ણ થઈ જવા જોઈએ તેની જગ્યાએ હાલમાં પૂરતા પ્રમાણમાં કામો ચાલી રહ્યા અને રોડ રિસર ફેસના કામો તદ્દન ઠપ થઈ ચુક્યા છે. આ બાબતે મુળ હકીકત શું છે તે બાબતે મ્યુ.તંત્રને અહેવાલ બહાર પાડવો જોઈએ. કામો થાય છે પરંતુ નીતિપૂર્ણ થતાં નથી. કરોડો રૂપિયા ખર્ચ કર્યા હોય અને બે વર્ષમાં રોડ પર ખાડા પડે કે તુટી જાય તેમાં જવાબદારી કોણી?

અમદાવાદ જેવા મહાનગરમાં ગત ચોમાસામાં તુટેલા માર્ગોને થીગડાં મારવાની કામગીરી પણ હજુ સુધી પૂર્ણ થઈ શકી નથી. શહેરના કેટલાય વિસ્તારોમાં ચોમાસામાં તુટેલા રોડની કામગીરી હજુ પૂર્ણ થઈ નથી અને કેટલાક વિસ્તારોમાં કામગીરી થઈ પણ નથી જેથી લોકોમાં આક્રોશ વધી રહેવા પામ્યો છે. કેટલા માર્ગો રિસરફેસ કરવામાં આવ્યા છે તે બાબતે કોન્ટ્રાક્ટર દ્વારા યાદી તૈયાર કરાવવી જોઈએ. હમણા નવા ટેન્ડરો બહાર પડ્યા છે. પણ તે ટેન્ડરો કોન્ટ્રાક્ટરો ભરતા નથી. જેથી ટેન્ડરોની શરતોમાં છુટછાટ આપવામાં આવી છે. પરંતુ નવા રોડ રિસરફેસના કામો શરૂ ન થવા પાછળનું કારણ શું? રોડની કામગીરી યુધ્ધના ધોરણે કરવામાં આવે તે માટે નવી વ્યુહાત્મક નીતિ હાથ ધરવામાં આવે તે જરૂરી છે. શહેરના કયા કયા ઝોનમાં કેટલા રોડની કામગીરી બાકી છે તે નક્કી કરવું જોઈએ.

## હાયર દ્વારા ભારતમાં ઉદ્યોગનું પ્રથમ સ્વ- સફાઈ કરતી ઈન્વર્ટર ટેકનોલોજીનાં એરકંડિશનર્સ રજૂ કરાયાં



હોમ એપ્લાયન્સીસ અને કન્ઝયુમર ઈલેક્ટ્રોનિક્સમાં વૈશ્વિક આગેવાન અને લાગલગાટ ૮ વર્ષ★થી મુખ્ય ઉપકરણોમાં વિશ્વની નં.૧ બ્રાન્ડ હાયર દ્વારા આજે ભારતમાં ઉદ્યોગનાં પ્રથમ ક્રાંતિકારી સ્વ- સફાઈની ઈન્વર્ટર ટેકનોલોજી સાથેનાં એરકંડિશનર્સ રજૂ કરવાની જાહેરાત કરાઈ હતી.એરકંડિશનર્સની આ નવી શ્રેણી અત્યાધુનિક ટેકનોલોજી અને વિશિષ્ટતાઓથી સમૃદ્ધ છે, જે ખાસ કરીને વધતા તાપમાન સાથે ગ્રાહકો ઝંઝટવિના લેણદેણ કરીને તેમના જીવનમાં આરામ અને સુવિધાનો ઉમેરો થાય તે રીતે તૈયાર કરવામાં આવ્યાં છે. આ એરકંડિશનર્સની ખૂબી સ્વ- સફાઈ કરતી ટેકનોલોજી છે, જે હાયરની પેટન્ટેડ ટેકનોલોજી છે અને ઉપભોક્તાઓ બટન દબાવતાંજ એરકંડિશનર્સનાં ઈવાપોરેટરને આપોઆપ સાફ કરવામાં મદદ કરે છે. એરકંડિશનર્સ ઉપયોગમાં હોય ત્યારે તેના ઈવાપોરેટર યુનિટ પર ધૂળ જમા થવાનું સામાન્ય છે. આનાથી આરોગ્ય અને હાઈજીનના મુદ્દા ઊભા થઈ શકે છે, જેમ કે, હવામાં જીવાણુ પરિવર્તિત થવાથી વાયુની ગુણવત્તા કથળે છે. ઉપરાંત ગંદા ઈવાપોરેટર કૂલિંગની કાર્યક્ષમતા ૧૫-૩૦ ટકા ઓછી કરે છે અને તેને ગ્રાહકોને તે મેન્યુઅલી સફાઈ કરવાનું અસુવિધાજનક અને મોંઘું પણ બનાવે છે.આ મુદ્દાઓને પહોંચી વળવા માટે હાયર દ્વારા સેલ્ફ- ક્લીનિંગ ટેકનોલોજીના મેન વીટેકનોલોજીમાં નાવીન્યતા લાવી દીધી છે, જેથી તેનું તાપમાન અમુક ડિગ્રી સુધી નીચે આવીને અને સપાટી ૩૦ ટકા વધતા કન્ડેન્સ્ડ પાણી સાથે ફ્રોસ્ટિંગ થઈને ઈવાપોરેટરની આપોઆપ સફાઈ કરે છે. આથી ફ્રોસ્ટિંગથી પેદા થતા મજબૂત ઠંડક વિસ્તરણ બળ થકી ઈવાપોરેટર પરની ગંદકી દૂર થાય છે, જે પછી ડિફ્રોસ્ટિંગમાં વધુ ધોવાઈ જાય છે.

**આત્મચિંતન**

## વ્યક્તિત્વને વિકસિત કરો

તમે તમારા વ્યક્તિત્વને વિકસિત કરો જેથી આપ નિહાલ થઈ જાઓ. દૈવી કૃપા માત્ર આજ આધાર પર મળી શકે અને તેના માટે માધ્યમ છે શ્રદ્ધા માટીથી ગુરૂ બનાવી લે છે. પથ્થરમાંથી દેવતા બનાવી લે છે. એકલવ્યના દ્રોણાચાર્ય માટીની મૂર્તિના રૂપમાં તેને તીર ચલાવતા શીખવે છે. રામકૃષ્ણની મા કાળી ભક્તના હાથે ભોજન કરતી હતી. તે જ મા કાળીના સામે જતાં જ વિવેકાનંદ નૌકરી-પૈસા ભૂલીને શક્તિ અને ભક્તિ માંગે છે.

તમે મૂર્તિ ભલે ગમે ત્યાંથી ખરીદી લો. મૂર્તિ બનાવવા વાળા ખુદ હજુ સુધી ગરીબ છે. પણ મૂર્તીમાં પ્રાણ શ્રદ્ધાથી આવે છે. અમે દેવતાનું અપમાન નથી કરી રહ્યા પરંતુ ભગવાન ઉત્પન્ન થાય છે શ્રદ્ધાથી. મીરાના ગીરધર ગોપાલ ચમત્કારી હતા. ઝેરીલા સાપની માળા અને ઝેર પોતે પી લીધુ અને ભક્તને બચાવી લીધો. મૂર્તિમાં ચમત્કાર વ્યક્તિની શ્રદ્ધાથી આવે છે. શ્રદ્ધા જ વ્યક્તિની અંદર ભગવાન પેદા કરે છે.

**- ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## મનોજ જોષી અભિનીત ગુજરાતી કોમેડી ફિલ્મ 'ફેરા ફેરી હેરા ફેરી' ૧૩મી એપ્રિલે રિલિઝ થવા સજ્જ



અમદાવાદ

દર્શકોને હસાવી હસાવીને લોટપોટ કરનાર તો ક્યારેક અત્યંત ગંભીર ભુમિકા ભજવીને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાના અભિનયનો પરચો આપનાર દિગ્ગજ અભિનેતા મનોજ જોષી અભિનીત કોમેડી ગુજરાતી ફિલ્મ ફેરા ફેરી હેરા ફેરી ૧૩મી એપ્રિલ, ૨૦૧૮ના રોજ રાજ્યભરના થિયેટર્સમાં રિલિઝ થવા માટે સજ્જ છે.ફિલ્મની વાર્તા – આજથી ૨૪ વર્ષ પહેલા હસમુખલાલ જોબનપુત્રાને મંદાકિની નામની છોકરી જોડે પ્રેમ થયો હતો અને તેની સાથે પ્રેમલગ્ન કર્યાં હતાં, પરંતુ હસમુખના પિતાશ્રીને તેમના પ્રેમલગ્ન મંજૂર ન હતાં. એટલું જ નહીં તેમણે તેમના મિત્ર જયંતિની દીકરી શ્રીદેવી જોડે હસમુખના લગ્ન નક્કી કરી રાખ્યાં હોવાથી સંજોગોને આધીન થઈ હસમુખે શ્રીદેવી જોડે પણ લગ્ન કરવા પડ્યાં હતાં.

આમ હસમુખ બે પત્નિધારી બની ગયો હતો અને એની જિંદગી બેધારી તલવાર બની ગઈ હતી. બે પત્નિ બે બાળકો અને બે પરિવાર સાચવતા સાચવતા હસમુખ હાંફી ગયો હતો. આ દોડાદોડીમાં હસમુખને ધંધામાં પારાવાર નુકશાન થયું અને ધંધો સાચવાવ તેણે કરોડો રૂપિયા વ્યાજે લેવા પડ્યાં હતાં. જોકે, આ નાણા તે પરત ન આપી શકતા તેને જાનથી મારી નાખવાની ધમકી મળતા હસમુખે મંદાકિનીના ઘરેથી ખોટે ખોટું મરી જવાનું નક્કી કર્યું. આમ હસમુખ એક પત્નિના ઘરે જીવતો અને બીજી પત્નિના ઘરે મૃત્યું પામેલો થઈ ગયો. આજે એક ઘરે એનો જન્મદિવસ તો બીજા ઘરે એનો શ્રાદ્ધ ઉજવાય છે.આટલું થવા છતાં હસમુખના જીવનની કઠણાઈ ઓછી નથી થતી. યોગાનુયોગે શ્રીદેવી થકી અવતરેલી દીકરી સપના, મંદાકિની થકી જન્મેલા આકાશ પાસેથી બાઈક ખરીદવાનું નક્કી કરે છે. હવે હસમુખને બીક લાગે છે કે જો એના દિકાર-દીકરી મળશે તો એનો ભાંડો ફૂટી જશે. આ બંન્નેને મળથા રોકવા માટે હસમુખ આકાશની બાઈક ચોરી કરવા જાય છે અને ત્યારે મંદાકિની તેને જોઈ જાય છે અને માની બેસે છે કે હસમુખનું ભૂત એને મળવા આવ્યું છે. ધીરે-ધીરે હસમુખના ભૂતની વાત ચારેકોર ફેલાય છે અને આ કારણસર હસમુખ એક ઘરે જીવતો અને બીજા ઘરે ભૂત બનીને આવતો જતો થાય છે.

સપનાને આકાશથી મળતા રોકવા માટે હસમુખ પાર્થ નામના ગેરેજવાળા છોકરાને આકાશ બનાવીને સપના પાસે મોકલે છે તો ત્યાં પણ દાવ ઉંધો પડે છે. પાર્થ સપના સાથે પ્રેમમાં પડી જાય છે. હવે હસમુખને માથે આ બંન્નેને દૂર કરવાનુ ટેન્શન આવે છે.

આટલું ઓછું હોય તેમ હસમુખને બંન્ને વેવાઈ માથે ભાંગે એવા મળે છે અને હસમુખ ચારેબાજૂથી ઘેરાઈ જાય છે. બંન્ને પત્નિ, બંન્ને બાળકો અને બંન્ને વેવાઈથી બચવું મૂશ્કેલ બની જાય છે. હસમુખ એક પ્રોબ્લેમમાંથી નીકળે છે તો બીજા પ્રોબ્લેમમાં ફસાય છે. ટૂંકમાં હસમુખ જે દિવસથી બે લગ્નના ફેરા ફર્યો છે ત્યારથી હેરાફેરી કર્યા કરે છે. હસમુખની ફેરાફેરી હેરાફેરી હાસ્યપ્રચુર અને મનોરંજક બની રહે છે.

## સંપૂર્ણ પારિવારિક કોમેડી ફિલ્મ છે ગુજરાતી વેડિંગ ઈન ગોવા




અમદાવાદ

આજે જ્યારે એક પછી એક ગુજરાતી ફિલ્મો સફળતાના શિખરો સર કરી છે ત્યારે ગુજરાતી વેડિંગ ઈન ગોવા ૩૦મી માર્ચે રજુ થવા જય રહી છે જે સંપૂર્ણ પારિવારિક કોમેડી ફિલ્મ છે જેને જોતા તમે તમારા હાસ્ય ને રોકી નહિ શકો અને તમારા દરેક ટૅંશન એ હાસ્ય માં ખોવાઈ જશે. આ ફિલ્મ માં ગુજરાતી પરિવાર ગોવા માં જઈને લગ્ન કરવાનું વિચારે છે અને ગોવા માં દરેક લગ્ન ની વિધિઓ કરવામાં આવે છે જે તમને કોઈ બોલીવુડ ફિલ્મ થી ઓછું નહિ લાગે તો જો તમે હાસ્ય, લગ્ન, ગંભીરતા, જેવી અનેક વસ્તુ એકજ સાથે જોવા માંગતા હોવ તો ૩૦મી માર્ચે તમારા નજીક ના સિનેમાઘરો માં જવાનું ચુકતા નહિ.

આ ફિલ્મ આજની યુવાપેઢી ના છોકરા અને છોકરીઓ વચ્ચેનું પ્રેમ,ઝઘડા,ગુસ્સો,પાગલપન એવા જીવન ના અનેક પાસાઓ ને સમાવી લેતી સમગ્ર પરિવાર સાથે જોઈ શકાય તેવી એક સુસંસ્કૃત અને આનંદી કોમેડી ફિલ્મ છે.ફિલ્મ નિતીન થન્કી, ઈન્દ્રસિંઘ રાજપુરોહીત અને ગ્રાંડ ફેમીલી ફિલ્મ દ્વારા રાજહીત પ્રોડક્શનના સહયોગથી બનાવ્વામાં આવી છે. આ ફિલ્મમાં મુખ્ય ભૂમિકામાં જય, શીવાંગ બ્રહ્મભટ્ટ, ચન્દ્રેશ, ગીત, ગરીમા, નેહલ, જેની, ભાવીની બેન અને ચિંતન(બીગબોસમાં જલ્લાદની ભૂમિકા કરેલ છે) છે.

## એચડીએફસી લાઈફ દ્વારા એચડીએફસી લાઈફ કાર્ડિયાક કેરની રજૂઆત- ૧૮ હાર્ટની સ્થિતિ માટે રક્ષણની વ્યાપક યોજના

એચડીએફસી લાઈફ દ્વારા, ભારતની અગ્રણી જીવન વીમા કંપનીઓ પૈકી એક, 'એચડીએફસી લાઈફ કાર્ડિયાક કેર', પ્લાનની રજૂઆત કરવામાં આવી છે. જે ૧૮ હાર્ટની સ્થિતિઓ માટે કવર ઓફર કરે છે. ઉચ્ચ, તીવ્રતા, મધ્યમ તીવ્રતા અને હળવી તીવ્રતા મુજબ આ ૧૮ સ્થિતિને ત્રણ શ્રેણીઓમાં વિભાજીત કરવામાં આવી છે. કેટેગરી મુજબ વીમાકૃત વ્યકિતને એક મોટી રકમનો લાભ આપવામાં આવે છે. "આ પ્રોડક્ટ કાર્ડિયાક બિમારીઓથી નાણાંકીય રક્ષણ પૂરું પાડવા માટે રચાયેલ છે. સારવાર પર એકીકૃત રકમ ચૂકવવા ઉપરાંત, યોજના પ્રિમીયમના માફી જેવા લાભો ઓફર કરે છે અને ખાતરી કરે છે કે વ્યક્તિ લાંબા ગાળાની સારવાર માટે (મધ્યમથી હળવા વર્ગો માટે) ખર્ચ સુધી પહોંચી શકે છે. એક જ અથવા સમાન વિભાગોની શરતો માટે વ્યક્તિગત અનેકવિધ દાવાઓ કરી શકે છે. એચડીએફસી લાઈફ કાર્ડિયાક કેર પ્લાન હેઠળ કેટલાક કાર્ડિયાક શરતો અથવા પ્રક્રિયાઓ કે જે સામાન્ય રીતે આવરી લેવામાં આવતી નથી અથવા ગંભીર બિમારીની નીતિઓ હેઠળ બાકાત હોતી નથી.કાર્ડિયાક બિમારીઓ સૌથી વધારે યુવાન ભારતીયોમાં જોવા મળે છે, જે તણાવમાં રહે છે. જ્યારે આવી જીવનશૈલી બિનઆરોગ્યપ્રદ ધુમ્રપાન સાથે જોડાયેલી હોય છે. જેમકે જંકફૂડ, કસરતનો અભાવ, માદક દ્રવ્યોનો ઉપયોગ વગેરે કાર્ડિયાક બિમારીઓની શક્યતા વધારે છે. આ રોગોની આર્થિક અસર મોટી સાબિત થઈ શકે છે. એમ્બ્યુલન્સ રાઈડ્સ, ડાયગ્નોસ્ટીક ટ્રીટમેન્ટ, હોસ્પિટલ સ્ટેય્સ અને સર્જરીની બચતમાં ઘટાડો થઈ શકે છે અને તેની આવકની ક્ષમતાઓમાં અવરોધ પણ કરી શકાય છે. વધુમાં, તબીબી સારવારનો ખર્ચ વધતો જાય છે અને આવા ખર્ચને પહોંચી વળવા માટે વ્યકિતઓને નાણાંકીય રીતે તૈયાર થવું જરુરી છે.

## શહેરના ઉત્તરીય વિસ્તારમાં નોર્થ વે પ્રોપર્ટી એક્સ્પો ૨૦૧૮નું આયોજન




ફોટો : શાંતી શાહ

અમદાવાદ

અદભૂત શહેર અમદાવાદ ચાર ઝોન ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમમાં વહેંચાયેલું છે. જે ઝડપથી વિકસિત થઈ રહ્યા છે અને હજારો એકર જમીનમાં પથરાયેલ છે. શહેરનો ઉત્તર ભાગ પણ હવે ખૂબ ઝડપથી વિકાસ પામી રહ્યો છે અને ત્યાં અનેક નવા રહેણાંક કોમ્પ્લેક્સીસ અને કમર્શિયલ હબ બની રહ્યા છે. અહીં મેટ્રો જેવા નવી સુવિધાઓ પણ ખૂબ ઝડપથી આગળ વધી રહી છે અને શહેરના અન્ય લેન્ડમાર્ક્સ જેમકે નેશનલ હાઈવે, એરપોર્ટ, હોસ્પિટલ્સ સાથે કનેક્ટિવિટી હજુ પણ ભવિષ્યમાં વધશે. આ ઉપરાંત અનોખું મોડર્ન સ્ટેડિયમ પણ શહેરના અન્ય લેન્ડમાર્ક સમાન છે. ઉત્તરીય વિસ્તારમાં થઈ રહેલા વિકાસ અને પ્રગતિ અંગે જાગૃતિ ફેલાવવા માટે સિટી સ્પર્શ ઈવેન્ટ દ્વારા નોર્થવે પ્રોપર્ટી એક્સ્પો ૨૦૧૮ની અમદાવાદમાં ઘોષણા કરવામાં આવી હતી. આ એક્ઝિબિશનમાં ૪૦થી વધુ ડેવલપર્સ સામેલ થઈ રહ્યા છે. પ્રોપર્ટી શોનું આયોજન ૨૮ એપ્રિલ અને ૨૯ એપ્રિલ દરમિયાન ટ્વીન સિટી રોડ, અમદાવાદ ખાતે થવાનું છે.

## મિતાશીના નવા એક્સ્ટ્રીમ હેવી ડ્યુટી એસી તમને ૪૮ ડિગ્રીમાં પણ ઉત્તમ કૂલિંગ આપશે




આ માત્ર માર્ચ મહિનો જ નથી પણ આ મહિનામાં તમે ગરમીનો પણ અનુભવ કરો છો અને હજુ ત્રણ મહિના સુધી ગરમીનો અનુભવ કરશો અને તાપમાનનો પારો સતત વધતો જશે! કઈ રીતે તો તમે તમારા પોકેટને ગરમી ન લાગે એ રીતે ગરમીનો સામનો કરી શકશો? અમે એ માટે તમને પરફેક્ટ સોલ્યુશન આપીશું. ભારતની અગ્રણી પ્રિમિયમ હોમગ્રોન કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનીક્સ બ્રાન્ડ્સમાંની એક મિતાશીએ નવી ૭ એક્સ્ટ્રીમ હેવી ડ્યુટી રેન્જ એસીમાં ઉમેરી છે અને તેમાં તમારે જોઈતી તમામ સુવિધાઓ છે.આ વખતના ઉનાળામાં ૩૦ નવા મોડેલ્સ લોન્ચ કરાયા છે જેમાં ૭ એક્સ્ટ્રીમ હેવી ડ્યુટી એસી સામેલ છે, મિતાશી તેમાં તેના ગ્રાહકોને આ રીતે બહોળી રેન્જ આપે છે. આ નવીનતમ રજૂ કરાયેલા એક્સ્ટ્રીમ હેવી ડ્યુટી (એક્સએચડી) એસી વિવિધ સાઈઝમાં ઉપલબ્ધ છે. એસીના વપરાશમાં મહત્ત્વની બાબત કૂલીંગ અંગે હોય છે એ પણ કાળઝાળ ગરમી વખતે કે જ્યારે તાપમાન સામાન્ય કરતા વધીને ૪૮ ડિગ્રી સુધી વધે છે અને વીજળીના બિલ પણ તોતિંગ આવે છે. એ કહેવાની જરૂર નથી કે તેમાં અવારનવાર મેઈન્ટેનન્સનો ખર્ચ પણ ઘણો વધારે આવતો હોય છે. મિતાશીની એસી રેન્જ આજે ૬૬૦૦થી વધુ પાર્ટનર આઉટલેટ્સ, ૮૦૦ વિશાળ ફોર્મેટ સ્ટોર્સ અને તમામ જાણીતા ઈ કોમર્સ પોર્ટલ્સ પર ઉપલબ્ધ છે. જાઓ અને આ ઉનાળામાં અર્થસભર પસંદગી કરો. તમારા ઘરે મિતાશી એક્સ્ટ્રીમ હેવી ડ્યુટી એર કંડિશનર લાવો.

## બીડીએચસી અને ચેવનીંગ એલુમની ઈન્ડિયા દ્વારા સેફ સર્ટિફિકેશનનો પ્રારંભ



અમદાવાદ

મહિલાઓની જાતીય સતામણીના મુદ્દાને ગંભીર ગણીને અને આ બાબતે સ્થિતિ સુધારવા બ્રિટિશ ડેપ્યુટી હાઈકમિશન ગુજરાત અને બ્રિટિશ ચેવનીંગ એલુમની ઈન્ડિયાએ આજે તમામ કંપનીઓ માટે Sexual Abuse Free Environment (SAFE) સર્ટિફિકેશનનો પ્રારંભ કર્યો છે. નોકરીઓ આપનાર સમુદાય (માલિકો) ને આ મુદ્દે સંવેદનશીલ બનાવવા તથા કર્મચારીઓમાં જાગૃતિ પેદા કરીને તેમજ માર્ગરેખાઓનું પાલન કરીને ગુજરાતમાં આ દૂષણના મુદ્દે આ અનોખા અને સૌપ્રથમ પ્રયાસનો પ્રારંભ કરાયો છે. આ પ્રવૃત્તિ એવા સમયે હાથ ધરવામાં આવી છે, જ્યારે #Me Too ચળવળ દ્વારા દુનિયાભરમાં ધ્યાન ખેંચાયુ છે. કામના સ્થળે જાતીય શોષણ, જેન્ડર પાવર રિલેશન, છોકરીઓ અને મહિલાઓ દ્વારા જાતીય શોષણનો ભોગ બનવું પડે છે તે બાબતે ભારતીય કંપનીઓમાં ખુલ્લી ચર્ચા થતી નથી કે આવી બાબતો બહાર આવતી નથી.

દર વર્ષે ભારતીય કંપનીઓમાં કામના સ્થળે જાતીય સતામણીના કિસ્સાઓમાં ભારે વધારો જોવા મળતો હોવા છતાં આ દૂષણને અસરકારક રીતે નિયંત્રિત કરી શકાતું નથી. મુંબઈ શેર બજારમાં નોંધાયેલી ૧૦૦ કંપનીઓ તરફ ઉપરછલ્લી નજર કરીએ તો જણાશે કે વિતેલાં વર્ષોમાં સતામણીના કિસ્સાઓમાં વધારો થયો છે. કંપનીના પે-રોલ ઉપર કામ કરતી મહિલાઓની સંખ્યાની તુલનામાં સતામણીનો ગુણોત્તર ઉંચો ગયો છે. સેફ સર્ટિફિકેશનનો ઉદ્દેશ કંપનીઓને આ કામગીરીમાં સામેલ કરવાનો છે,

જેમાં તે કાયદામાં દર્શાવેલી વિવિધ શરતોનું પાલન કરીને સર્ટિફિકેશન માટે રજીસ્ટ્રેશન કરાવશે.સમાજના પ્રસિધ્ધ વ્યક્તિઓની બનેલી SAFE કમિટી આ કાયદાના અમલનું ઓડિટ કરશે.મુલાકાતો અને ઓચિંતું ચેકીંગ કરીને માપદંડોનું પાલન કરવાની શરતો દ્વારા તેમને સર્ટિફિકેશન અપાશે. જ્યાં ૧૦ થી વધુ મહિલાઓ કામ કરતી હોય તેવા તમામ એકમો આ સર્ટિફિકેશન લઈ શકે છે. તા. ૨૮ માર્ચ, ૨૦૧૮ના રોજ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ ખાતે યોજાયેલ એક અધિકૃત સમારંભમાં આ સર્ટિફિકેટનો પ્રારંભ કરાયો છે.

## મને શક્તિપીઠ કે ભૈરવ માટે વજન ઓછું કરવાની કે વધારવાની જરૂર નથી પડી તેની ખુશી છેઃ ઉલકા ગુપ્તા



પ્રતિભાશાળી અભિનેત્રી ઉલકા ગુપ્તાએ બિગ મેજિકના ઉત્તમ ધાર્મિક શો શક્તિપીઠ કે ભૈરવમાં અદભુત કામગીરી સાથે ટેલિવિઝન સ્ક્રીન પર દર્શકોને જકડી રાખ્યા છે. અભિનેત્રી અત્યંત સુંદર અને ઉત્તમ રીતે ભારતીય દેવીની ભૂમિકા ભજવી રહી છે.મોટા ભાગનાં પાત્રો ઘણી મહેનત માગી લે છે. ઘણી વાર કલાકારોએ વજનની માવજત કરવી પડે છે. ઉલકાને જોકે આ શોમાં પાત્ર માટે વજન વધારવાની કે ઘટાડવાની જરૂર પડી નથી તે બદલ તે આભારવશ છે. આ વિશે તે કહે છે, મેં શો માટે ઓડિશન આપ્યું અને તે હિંદુ દેવી માટે છે એ જાણતી હોવાથી મને એવુંલાગ્યું કે મારે વજન વધઘટ કરવાની તાલીમ હેઠળ પસાર થવું પડશે, પરંતુ પાત્ર માટે તેવું નહી કરવું પડ્યું તે બદલ પોતાને ભાગ્યશાળી માનું છું.મારી ભૂમિકામાં મારો આરોગ્યવર્ધક અને તંદુરસ્ત હોવું જોઈએ અને હું તેમાં અનુકૂળ છું તેની ખુશી છે (હસે છે), એમ અભિનેત્રીએ ઉમેર્યું હતું. અભિનેત્રીનો અદભુત પરફોર્મન્સ જોવા માટે જોતા રહો શક્તિપીઠ કે ભૈરવ, દર સોમવારથી શુક્રવાર, સાંજે ૭, ફક્ત બિગ મેજિક પર.

## ઓનલાઈન ટેલિમેડિસિન રીસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (ઓટીઆરઆઈ) દ્વારા કેમિકલ, બાયોલોજિકલ, રેડિયોલોજિકલ અને ન્યૂક્લિયર ડિફેન્સ સિસ્ટમ (સીબીઆરએનડી)ની રજૂઆત




ઓનલાઈન ટેલિમેડિસિન રિસર્ચ ઈન્સ્ટટ્યૂટ (ઓટીઆરઆઈ) એક ખાનગી, સેલ્ફ-ફાઈનાન્સ્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ છે, જે ભારતમાં સ્વયંસેવી સંસ્થા સોમચંદ ડોસાભાઈ ચેરિટેબલ ટ્રસ્ટના સહયોગમાં છેલ્લા ૨૧ વર્ષથી કામ કરે છે. ઓટીઆરઆઈ વિવિધ વિષયો સાથે સલામતી અને આરોગ્ય બાબતો પર પ્રોજેક્ટ્સ વિકસાવે છે. ખાસ કરીને ટેલી-હેલ્થ-કેરમાં ટેલીમેડિસિનનો ઉપયોગ માત્ર માનવજાત સુધી સિમિત નથી, પરંતુ પશુઓ, પક્ષીઓ, કૃષિ-પાક મેનેજમેન્ટમાં પણ ઉપયોગમાં લેવાય છે. પ્રથમ અને બીજા તબક્કાનું સંશોધન પૂરું થઈ ગયું છે અને વ્યાવસાયિક પ્રોજેક્ટ્સ કેટલાક વર્ષથી ચાલુ છે, જે ભારતીયોને અને સમગ્ર વિશ્વને લાભ પૂરા પાડે છે.આજે ઓટીઆરઆઈ સીબીઆરએનડી ટેક્નોલોજી પર કામ કરી રહી છે. આ ટેક્નોલોજી અજોડ છે અને વ્યાપક અર્થમાં સમાજ માટે ખૂબ જ મહત્વની છે. તેણે જાન્યુઆરી ૨૦૧૫થી દરેક મોડ્યુલ્સ સાથે કામગીરી શરૂ કરી દીધી છે. વર્ષ ૨૦૦૪થી જૈવિક મોડ્યુલ પર એસએઆરએસ રોગચાળા દરમિયાન મલેશિયામાંથી અને ત્યાર બાદ ગુજરાતમાં ૨૦૦૯માં સ્વાઈનફ્લુ માટે સંશોધન કામ શરૂ થયું હતું તેમજ સરકાર સાથે છ પ્રોજેક્ટ્સ પર કામ થયું છે. વર્ષ ૨૦૧૧માં અમદાવાદમાં વાતાવરણમાંથી કાઉન્ટ્સ પર મિનિટ્સ (સીપીએમ)માં ન્યુક્લિયર રેડિયેશન લાઈવ માપવા માટે ગીગા મુલર કાઉન્ટર (જીએમસી) સાથે ન્યુક્લિયર મોડ્યુલ ટેસ્ટિંગ શરૂ થયું હતું અને તેને www.gmcmap.com પર વિશ્વમાંથી કોઈપણ જગ્યાએથી મિનોટર કરી શકાશે. ૨૦૧૩માં સીબીઆરએનડીને ટેલી-હેલ્થકેર મોડ્યુલ સાથે જોડાયેલ અને જાન્યુઆરી ૨૦૧૫માં બધા જ મોડ્યુલમાં અમલ સાથે તે સંપૂર્ણપણે કાર્યાન્વિત થયું હતું. સીબીઆરએનડી સિસ્ટમમાં ન્યુક્લિયર રેડિયેશન મોનિટરિંગ (સીપીએમ અને એલાર્મ) લાઈવ ટેલી-હેલ્થકેર સર્વરની પુશ પુલ ટેક્નોલોજી સાથે દુર્ઘટના સમયે ટેલી-હેલ્થકેર સર્વિસ તરીકે સેવા પણ આપે છે. વધુમાં તે દુર્ઘટના સમયે સમગ્ર વિશ્વના ડોક્ટર્સને તેની સાથે જોડીને તેમની પાસેથી ટેલી-હેલ્થ-કેર કન્સલ્ટેશનની સુવિધા પૂરી પાડવાનું શરૂ કરે છે. વધુમાં તે ટેલી-હેલ્થકેર ટેક્નોલોજી મારફત માનવજાત, પશુઓ અને કૃષિ/પાકની પુનઃ સ્થાપનની પ્રક્રિયા માટે દેશને મદદરૂપ પણ થાય છે.

## ડીઆઈડી લિટલ માસ્ટર્સમાં રાની મુખર્જીએ કન્ટેમ્પરરી ડાન્સ સ્ટેપ શીખ્યાં



ઝી ટીવીનો લોકપ્રિય ડાન્સ રિયાલિટી શો ડીઆઈડી લિટલ માસ્ટર્સના સ્પર્ધકો જાદૂઈ પર્ફોર્મન્સ દ્વારા દર્શકોને દર સપ્તાહે મંત્રમુગ્ધ કરે છે. આ સપ્તાહ દર્શકો માટે વધુ રસપ્રદ બની રહેશે કારણકે જાણીતી અભિનેત્રી રાની મુખર્જીએ તેમની ફિલ્મ 'હિચકી'ની સફળતાની ઉજવણી કરવા શોના સેટની મુલાકાત લીધી હતી. શોમાં તમામ સ્પર્ધકોએ પોતાના બેસ્ટ પર્ફોર્મન્સ રજૂ કર્યા ત્યારે યુવા પ્રતિભા સત્યમ રાયે 'મેં રહું યા ના રહૂં' ગીત ઉપર જજ ચિત્રાંગ્દા સિંઘ, સિદ્ધાર્થ આનંદ અને મરઝી પેસ્તોનજીની સાથે-સાથે રાની મુખર્જીને પણ પોતાના અદ્ભુત હાવભાવ અને પર્ફોર્મન્સથી પ્રભાવિત કર્યાં હતાં.

ગાઝિયાબાદના સત્યમ રાયે શ્રેષ્ઠ પર્ફોર્મન્સ આપ્યાં બાદ રાની મુખર્જીને સ્ટેજ ઉપર રોમેન્ટિક ડાન્સમાં જોડાવા વિનંતી પણ કરી હતી. સત્યમની અદ્ભુત ડાન્સ સ્ટાઈલથી પ્રભાવિત થઈને રાનીએ તેને કેટલીક કન્ટેમ્પરરી ડાન્સ મૂવ શીખવવા કહ્યું હતું અને તેમણે ભેગા મળીને રાનીની ફિલ્મ 'હમ તુમ'ના સાંસો કો સાંસો સે ગીત ઉપર ડાન્સ કર્યો હતો. રાનીના કન્ટેમ્પરરી મૂઝ જોઈને સેટ ઉપર સ્પર્ધકો, જજ સહિતના તમામ લોકો તેમની પ્રતિભા જોઈને પ્રભાવિત થયાં હતાં. ઝી ટીવી ઉપર શનિવાર અને રવિવારે રાત્રે ૯ વાગે ડીઆઈડી લિટલ માસ્ટર્સ ઉપર રાની મુખર્જીને શોના સ્પર્ધક સત્યમ પાસેથી કન્ટેમ્પરરી ડાન્સના સ્ટેપ શીખતા જૂઓ.

## સફળતાનો માર્ગ

ધીરજ રાખીને મુશ્કેલીઓનો સામનો કરી શકાય છે. જ્યારે દૃઢતા અને જિદ ક્યારેય ન હાર માનનારાને તાકાત આપે છે. લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે મહેનતની સાથે ધીરજની જરૂર હોય છે. મોટા ભાગના લોકોમાં બંનેનો અભાવ હોય છે. ખરેખર સફળતા તો બધાને જોઈએ છે પરંતુ તે માટે મહેનત અને ત્યાગ કરવા માગતા નથી. પરિણામ એ છે કે તે સરળતાથી પરાજય સ્વીકારી લે છે. એક વિજ્ઞાની અને સંશોધકની કહાની ૧૯૧૪માં થોમસ એડિસનની લેબોરેટરીમાં આગ લાગી. આ આગમાં કરોડોનાં મશીનો ભડથું થઈ ગયા અને તે કાગળો પણ જેમાં એડિસન દ્વારા કરાયેલી શોધ હતી. આગ વિશે સાંભળીને એડિસનનો દીકરો ચાર્લ્સ તેમને શોધતા શોધતા પહોંચ્યો તો જોયું કે પિતાની આગની જ્વાળાઓ વચ્ચે સામે ઊભા થઈને હાસ્ય કરીને મજા માણતા હતા . ચાર્લ્સનેજોઈને એડિસને કહ્યું તારી માતા ક્યાં છે જા તેને પણ લઈને આવ કેમ કે આવું દૃષ્ય તેને જીવનમાં બીજીવાર જોવા નહીં મળે. આગામી દિવસે ૬૭ વર્ષીય એડિસન એ રાખના ઢગલાની વચ્ચે લટાર મારતા કહી રહ્યા હતા કે અનેકવાર બરબાદીમાં પણ શાંતિ મળે છે. હવે હું ફરીવાર નવી શરૂઆત કરી શકું છું.

શીખઃ સફળતાનો માર્ગ મહેનત અને નિષ્ફળતામાંથી થઈને નીકળે છે.

**સુરેશભાઈ પટેલ નાગરિક બેંક પાટણ**

# કાહવા ધામે ગોગા મહારાજની રમેલનું ભવ્ય આયોજન


નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

શ્રી ગોગા મહારાજ કાશીધામ કાહવામાં ચૈત્ર સુદ ચૌદશ, તા. ૩૦/૩/૨૦૧૮ ને શુક્રવારના રોજ ગોગા મહારાજની રમેલનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

કાશીધામ કાહવાના ગોગા મહારાજ પર અતુટ શ્રધ્ધાના પગલે સમગ્ર વિશ્વમાંથી અનેક શ્રધ્ધાળુઓ માથુ ટેકવા આવતા હોય છે. વિદેશના લોકો પણ ગોગા મહારાજના દર્શન કરી ધન્યતા અનુભવતા હોય છે. ત્યારે કાશીધામ કાહવામાં દર વર્ષે ચૈત્ર સુદ ચૌદશની જાતર કરવામાં આવે છે. એવુ કહેવાય છે કે આ જાતરની અંદર ગોગા મહારાજના ભુવાજી રાજાબાપા જે ધુણતા ધુણતા બોલે છે તે અક્ષરસઃ સાસુ સાબિત થાય છે. જેથી આ જાતરમાં લાખોની જનમેદની ઉમટી પડતી હોય છે. તમામ લોકોને ગોગામહારાજ પરિવાર દ્વારા ભોજન પ્રસાદ કરાવવામાં આવે છે. ચૈત્ર સુદ ચૌદશ તા. ૩૦/૩/૨૦૧૮ ને શુક્રવારના રોજ યોજાનાર રમેલમાં કલાકાર તરીકે સંજયભાઈ નાંણી વિહતરામ ગૃપ રહેશે અને સ્ટેજ સંચાલન વિક્રમભાઈ માલધારી કરશે. રમેલના કાર્યક્રમમાં તા. ૩૦/૩/૨૦૧૮ ને શુક્રવારની રાત્રે ૯ કલાકે ગરબાનું આયોજન કરેલ છે. જ્યારે રાત્રે ૧૨ કલાકે ગોગા મહારાજને તેલફુલ ચડાવવામાં આવશે. જ્યારે બીજા દિવસે તા. ૩૧/૩/૨૦૧૮ ને શનિવારના રોજ સવારે ૭ કલાકે પિયાલા પીવાશે. ત્યોર આ ગોગા મહારાજની જાતરમાં દરેક લોકોને પધારવા ભુવાજી રાજાબાપા તથા ભુવાજી ભગવાનભાઈ અને ગોગામહારાજ પરિવાર કાહવા દ્વારા અનુરોધ કરાયો છે.

## તા. ૪, ૫ અને ૬ એપ્રિલના રોજ પાલનપુર ખાતે પક્ષીઓ માટે પાણીના કુંડાનું નિઃશુલ્ક વિતરણ કરાશે

પાલનપુર

ઉનાળાની કાળઝાળ ગરમીમાં પક્ષીઓની તરસ છીપાવવા માટે મોબાઈલ પશુ સમાધિ સેવા ગૃપ દ્વારા પાલનપુર ખાતે તા. ૪, ૫ અને ૬ એપ્રિલના રોજ પાણીના કુંડાઓનું નિઃશુલ્ક (મફત) વિતરણ કરવામાં આવશે. તા. ૪ થી ૬ એપ્રિલ દરમ્યાન સાંજે-૩ થી ૬ વાગ્યા સુધી મોબાઈલ પશુ સમાધિ સેવા ગૃપની ઓફિસ નં.૧૭, વ્હાઈટ હાઉસ, બનાસ હોટલની સામે, પાલનપુર ખાતે કુંડાનું વિતરણ કરાશે. ઓફિસનો ફોન નં.૦૨૭૪૨-૨૫૫૭૭૫ છે અને મોબાઈલ નં.૯૮૭૯૫ ૮૪૦૧૭ છે. પાણીના કુંડાઓનો સાચો અને સારો સદઉપયોગ થાય તે માટે બનાસકાંઠા જિલ્લાના જીવદયાપ્રેમીઓને ઉપરના સરનામેથી કુંડા લઈ જઈ જીવદયાના સત્કાર્યમાં સહભાગી થવા સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી ધીરજભાઈ પરીખે અપીલ કરી છે.

# રામસંણ ગામે ચામુંડા માતાજી પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો



ડીસા

હાલમાં હિન્દુ લોકો દ્વારા ચૈત્રમાસ શરુવાત થતાં ધાર્મિક મંદિરો મનાતો તેમજ રમેલ તેમજ પલ્લી તેમજ ફૂલોના ગરબો રમાડતાં હોય છે આ મહિનો દેવી દેવતાઓ મહિનો પણ કહી શકાય.

ડીસા તાલુકાના રામસણ ગામે ધોરી બારોટ પરિવાર પોતાની કુળ દેવી ચામુંડા માતાજીનો પ્રાણ પ્રતિષ્ઠા યોજાઈ હતી ત્યારે જેમાં ધોરી બારોટ પરિવાર દ્વારા માતાજી વાગતા ઢોલ અને અબીલ ગુલાલ અને ડીજે તાલે માતાજી શોભાયાત્રા કાઢવામા આવી લોકો ડીજે તાલે નાચવાની ધૂમ મચાવી હતી માતાજી સામયું કરવામાં આવ્યું હતું જેમાં ગોગા મહારાજ હનુમાન દાદા સહિત મૂર્તિઓ સ્થાપના કરવામાં આવી હતી તેમજ લોકડાયરો પણ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું જેમ અમદાવાદ તેમજ બોરસદ જિલ્લા કલાકારો લોકો પોતાની કલા થી આનંદ કર્યો હતો તેમજ ઉતર ગુજરાત કોકિલકંઠી ગીતાબેન બારોટ માતાજી ઝૂલણાં તેમજ ભજન લોક ગીતો થી લોકો ને આનંદ કરાયો હતો તેમજ રામસંણ ધોરી બારોટ પરિવાર અને પાટણ ગુરૂ ગાદી મહંત શ્રી બિપિનચંદ દ્વારા મંત્રોચાર અને સસ્કૃત શ્રૃલોક અને દ્વારા વિધિપૂરક માતાજી પાંચ કુંડીનો યજ્ઞ કરવામાં આવ્યો હતો બારોટ પરિવાર આહુતિ આપનો લાભ લીધો હતો આ કાર્યક્રમ રાજેસ્થાન ના શિક્ષણમંડળ સંઘ ના આંસુરામ લૂનિયા તેમજગામના સરપંચ તેમજ ડેલીકેટ તેમજ આ ગામની

રામસણની શ્રી ગુરૂદેવ નાથજી મહારાજ ની જગ્યાના મહંતશ્રી ૧૦૦૮ જગનાથ બાપુ મહંતશ્રી તેમજ ગ્રામ લોકો હાજર રહ્યા હતા તેમજ આજુબાજુ ના શહેરો ના જેવા-કે અમદાવાદ ખેડા પાટણ સહિત શહેરોમાંથી માતાજી દર્શન કરવા માટે મોટી સંખ્યા લોકો હાજર રહ્યા હતા.

## દાંતીવાડા ડાભીપુરા પ્રા.શાળાએ પ્રોજેક્ટમાં એ ગેડ ભેળવ્યો


ઈશ્વર રબારી

પ્રતિ. દાંતીવાડા

જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પાલનપુર આયોજીત અનુપમ શાળા પૉજેક્ટ એવોર્ડ અંતગર્ત દાંતીવાડા તાલુકાની ડાભીપુરા પાથમિક શાળાનું પાટણ અને મહેશાણા ટીમ ઘ્વરા બાહ્ય મુલ્યાંકન કરવામાં આવ્યુ હતું. જેમાં ડાભીપુરા શાળાએ અનુપમ શાળાના નોમ્સ અનુસાર સવૉતમ દેખાવ કરીને 'એ' ગેડ મેળવી દૉતીવાડા તાલુકાનું ગૌરવ વધાયુઁ છે. શાળાને અનુપમ બનાવવા માટે શાળાના આચાર્ય જયાબેન પટેલ અને સતિષ ભાઈ પટેલની રાહબરી હેઠળ તમામ સ્ટાફ એક બની ખુબજ ટુંકા ગાળામાં શાળાને અનુપમ એવોર્ડ મળે તે માટે તાલુકા પાથમિક શિક્ષાણાઅધિકારી ભરતભાઈ ચૌધરી બી.આર.સી. જીગરભાઈ જૉષી સી.આર.સી હરેશભાઈ દરજી તથા પેલા કેન્દ્ર આચાર્ય પવિણભાઈ કાપડિયાના માર્ગદશન હેઠળ એવૉર્ડ મેળવી દૉતીવાડા તાલુકાનું અને બનાસકાંઠા જીલ્લાનુ ગૌરવ વધારેલ છે.

# શ્રી જે.ડી અજબાણી સર્વોદય પ્રા. શાળામાં દીક્ષાંત સમારોહ યોજાયો



ડીસા

ડીસાની નામાંકિત શ્રી જે. ડી.અજબાણી સર્વોદય પ્રા. શાળામાં ધોરણ.૮ ના બાળકોનો તારીખ ૨૮/૩/૨૦૧૮ ને બુધવારના રોજ દીક્ષાંત સમારોહ યોજાયો હતો. જેમાં સૌ પ્રથમ સરસ્વતી વંદના અને દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરી હતી. તેમજ બાળકોને મોં મીઠું કરાવી કુમકુમ તિલક કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શાળાના આચાર્ય કિશોરભાઈ ત્રિવેદી દ્વારા બાળકોને શિસ્ત અને સંસ્કારની સાથે સર્વાંગી વિકાસ કરી માતા-પિતા તેમજ શાળાનું નામ રોશન કરો તેવા આશીર્વચન આપ્યા હતા. શાળાના શિક્ષક ભરતભાઈ કાંકરેચીએ પણ પ્રસંગોચિત્ત ઉદ્દબોધન કરી કન્યા કેળવણીનું મહત્વ સમજાવી ઉચ્ચ સોપાનો સર કરો તેવા શુભાશિષ પાઠવ્યા હતા. શાળાની બાલિકાઓએ વિદાયગીતો ગાયા હતા તેમજ વિદ્યાર્થીઓએ પોતાના અનુભવો રજૂ કર્યા હતા. તેમજ વિદાય લેતા તમામ બાળકોને સંસ્થાના પ્રમુખ ઈશ્વરભાઈ મિસ્ત્રી તરફથી નાસ્તો આપવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જીનલબેન ત્રિવેદી તેમજ અનિલભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આભાર વિધિ રાજુભાઈ સાંખલા દ્વારા કરવામાં આવી હતી.

# જાણીતા અભિનેતાની મુખ્યમંત્રી સાથે શુભેચ્છા મુલાકાત



ડીસા

જનક ઠક્કર જેઓ જાણીતી સીરીયલ 'સુરી' માં મુખ્ય ભૂમિકા ભજવી રહ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તથા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની સંવેદનશીલ સરકાર 'બેટી બચાવો, બેટી પઢાવો' મિશન માટે સુંદર કામગીરી કરી રહી છે. આજ સંદેશ બેટી બચાવો બેટી પઢાવો' સાથે કલર્સ ગુજરાતી પર 'સુરી' સીરીયલ પ્રસારિત થઈ એના આજ સંદેશને કારણે સીરીયલ લોકોમાં ખૂબ પ્રચલિત થઈ અને નંબર-૧ ગુજરાતી સીરીયલ તરીકે લોક ચાહના પામી.

જનક ઠક્કરના આ જાણીતી સીરીયલ 'સુરી માટે આ વર્ષે બેસ્ટ ગુજરાતી ટીવી એકટર' નો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો. જનક ઠક્કરની આ સફળતા માટે મુખ્યમંત્રી વિજભાઈ રૂપાણીએ શુભેચ્છા પાઠવી.

જનક ઠક્કર જાણીતા એકટર હોવા ઉપરાંત ગાંધીનગર તથા ડીસા નગરપાલિકાના સ્વચ્છતા અભિયાનના બ્રાન્ડએમ્બેસેડર પણ છે.

તેઓ પ્રદેશ યુવા ભાજપના હોદેદાર પણ છે. તેમજ ઘણી બધી સામાજિક પ્રવૃત્તિઓ સાથે પણ સંકળાયેલ છે.

## વડગામ ગાયત્રી મંદિરે યજ્ઞ યોજાયો


પુષ્કર ગોસ્વામી

તા પ્રતિ. વડગામ

ચૈત્રી નવરાત્રી અનુષ્ઠાન પૂર્ણાહુતી પ્રસંગે ગત સોમવારે વડગામ ગાયત્રી મંદિરે યોજાયેલ યજ્ઞમાં પરિજન ભાઈ-બહેનોએ આહુતિ આપી હતી, ગાયત્રી ઉપાસક જશુભાઈ રાવલ, મહોતભાઈ પટેલ, કરશનજી સોલંકી, ધનજીભાઈ પરમારે વેદ અને ગાયત્રી અનુષ્ઠાન વિશે વિસ્તૃત વિગતો આપી યજ્ઞ કાર્ય સંપન્ન કર્યું હતું, વડગામ પરખડી, જલોત્રા, પિલુચા, ભાંગરોડીયા, ભરોડ વગેરે ગામોના પરિજનભાઈ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# અંબાજીમાં શિતળામાતાના મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો


મહેન્દ્ર અગ્રવાલ

પ્રતિ. અંબાજી

આમતો ગુજરાત રાજ્ય માં શીતળામાતા મંદિર ખુબ ઓછી સંખ્યા માં જોવા મળે છે ને જ્યારે શીતળા સાતમ હોય ત્યારે શ્રદ્ધાળુઓ પોતાના બાળકો ને ઓરી, અછબડા જેવા રોગની મુક્તિ માટે શીતળામાતા નું પૂજન કરતા હોય છે ત્યારે યાત્રાધામ અંબાજી ખાતે પણ એક અતિ પ્રાચીન શીતળા માતા ની નાની ડેરી ને મોટા મંદિર નું સ્વરૂપ આપવામાં આવ્યું છે.

અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટ સંચાલિત આ મંદિર ને રોશનલાલ અગ્રવાલ જેવર વાલા પરીવાર દ્વારા લાખો રૂપિયા ના ખર્ચે નવું મંદિર બનાવી શીતળામાતાજી ની મૂર્તિ ની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી છે આ પૂર્વે શીતળા માતાની અંબાજી શહેરમાં વિશાળ શોભાયાત્રા પણ નીકાળવામાં આવી હતી અને વિદ્વાન પંડિતો દ્વારા પ્રાણપ્રતિષ્ઠા માટેની પૂજા અર્ચના કર્યા બાદ આજે ૧૨.૩૯ના વિજય મુર્હત માં માતાજી ની પ્રતિમા ને બેસાડી પ્રતિષ્ઠા કરાઈ હતી અને મંદિર ઉપર ધ્વજાદંડ લગાવી ધ્વજા રોહન કરાયુ હતું આ પ્રંસગે ગુજરાત અને રાજસ્થાનના મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા જોકે આ શીતળામાતા અગ્રવાલ સમાજ ની કુળદેવી માનતી હોવાથી અગ્ર બંધુ પણ મોટી સંખ્યા માં ઉમટીપડ્યા હતા જોકે આયોજક પરીવાર ના રામાઅવતાર અગ્રવાલે જણાવ્યુ હતુ કે અહી શિતલા માતાની અહી પ્રાચીન ડેરીહતી જ્યા સાતમ જેવા તહેવારે શ્રધ્ધાળુઓને દર્શન કરવામાં મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો એટલુજ નહી થોડા સમય પહેલા આ નાની ડેરીને એક ટ્રક ચાલકે ટક્કર મારી ખંડીત પણ કરીહતી જેને લઈ ધાર્મીક લાગણીને લઈ આ નવુ મંદિર બનાવી આજે પ્રાણ પ્રતિષ્ઠા કરી મંદિરને દર્શનાર્થીઓ માટે ખુલ્લુ મુકાયુ હતુ,આ પ્રાણ પ્રતીષ્ઠા મહોત્સવ પ્રસંગે જીલ્ કલેકટર દિલિપ રાણા અંબાજી મંદિરના વહીવટદાર એસ.જે. ચાવડા, આર.કે.મેવાડાપણ ઉપસ્થીત રહ્યા હતા.

## થરાદમાં પાટીદાર યુવક મંડળ દ્વારા પાણીની પરબ શરુ કરાઇ



વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદમાં બસસ્ટેશન પાસે થરાદ વાવ પાટીદાર સમાજ દ્વારા ઉનાળાની કાળઝાળ ગરમીમાં શહેરમાં ખરીદદારી અર્થે આવતા ગ્રામિણ ગ્રાહકો અને રાહદારીઓ તરસ છિપાવી શકે તે માટે પાણીની પરબ ખુલ્લી મુકવામાં આવી હતી. આ પ્રસંગે પાસ કન્વીનર સુરેશ આંબલિયા સહિત કારોબારી સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# ઇન્ડિયન ટાઇગર ગ્રૂપ દ્વારા પક્ષીઓ માટે કુંડા વિતરણ કરાયું



પાલનપુર

ઈન્ડિયન ટાઈગર ગ્રુપ દ્વારા પાલનપુરના ગુરૂનાનક ચોક ખાતે પક્ષીઓ માટે વિના મુલ્યે કુંડા વિતરણનું કાર્યક્રમ કરવામાં આવ્યું હતું. જેમાં પાંચ હજારથી વધુ કુંડા વિતરણ કરવામાં આવ્યા હતા.

ઈન્ડિયન ટાઈગર ગ્રુપ છેલ્લા દસ વર્ષોથી પાલનપુર માં સક્રિય છે. તેમજ પક્ષીઓ માટે વિવિધ સેવા ઓનું કામ કરે છે. પક્ષીઓ માટે દર વર્ષે ફ્રીમાં કુંડા વિતરણ કરવા પક્ષીઓ માટે મેડિકલ કેમ્પ સહિતના સામાજિક કાર્યો પણ કરે છે. છેલ્લા દસ વર્ષોથી ઈન્ડિયન ટાઈગર ગ્રુપ માનવ સેવા જીવ સેવા જેવા ઉત્તમ અને શ્રેષ્ઠ કાર્યો કરવામાં સક્રિય છે. તેમજ આ સંસ્થા દ્વારા એચ. આઈ. વી પોઝીટીવ (૧૧) બાળકીઓને દત્તક પણ લીધેલ છે. ઉપરાંત પાલનપુરના સ્લમ વિસ્તારની પાંચ આંગણવાડી પણ દત્તક લીધેલી છે. ઈન્ડિયન ટાઈગર ગ્રુપ દ્વારા એક અભિયાન ચલાવવામાં પણ આવે છે. જેમાં સંસ્થાને કોઈપણ વ્યક્તિ વોટ્સએપ કે કોન્ટેક્ટ કે સંપર્ક કરે તો તત્કાળ આ સંસ્થા દ્વારા સોસાયટીના ઘરો સુધી કુંડા ફ્રીમાં પહોંચાડવાનું સેવાકીય કાર્ય કરવામાં પણ આવે છે. ઈન્ડિયન ટાઈગર ગ્રુપના પ્રમુખ પૂરવ મોદી, રાષ્ટ્રીય યુવા ભાજપ ના કારોબારી સભ્ય હિતેશ ભાઈ ચૌધરી, ઉપપ્રમુખ મનોજ ભાઈ જોષી સહિતની ટીમ એક સાથે રહીને છેલ્લા દસ વર્ષથી માનવ સેવા તેમજ જીવ સેવાનું કાર્ય કરી રહ્યા છે.

# આગામી તા.૬-૭ એપ્રિલે યોજાશે ગુણોત્સવની આઠમી શૃંખલા

પાલનપુર

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યમાં પ્રાથમિક શિક્ષણના સ્તરમાં ઉત્તરોત્તર સુધારાના દ્યોતક ગુણોત્સવ અભિયાનથી પ્રાથમિક શિક્ષણના આધાર ઉપર ભવિષ્યના વિકાસની સુદ્રઢ બુનિયાદની નેમ વ્યક્ત કરી છે. તેમણે આ સંદર્ભમાં સ્પષ્ટપણે જણાવ્યું કે, પ્રાથમિક શિક્ષણનું સ્તર-ક્વોલિટી જેટલા ઉન્નત થશે તેટલી તીવ્ર ગતિથી રાજ્યની પ્રગતિ-વિકાસની યાત્રા પણ આગળ વધશે.

મુખ્યમંત્રીશ્રીએ આગામી ૬-૭ એપ્રિલ દરમ્યાન રાજ્યમાં યોજાઈ રહેલા આઠમા ગુણોત્સવ મૂલ્યાંકનમાં જોડાનારા પદાધિકારીઓ, અધિકારીઓ અને કમર્યોગીઓને ગહન માર્ગદર્શન-ચિંતન આજે ગાંધીનગરમાં યોજાયેલી માર્ગદર્શક બેઠકમાં આપ્યું હતું. ગુણોત્સવના આ વર્ષના અભિયાનમાં અધિકારી, પદાધિકારીઓ જે ગામની શાળાના મૂલ્યાંકન માટે જાય ત્યાં ગામના અગ્રણીઓ-નાગરિકોને પણ મળીને પાણી, રસ્તા, આરોગ્ય જેવી માળખાકીય અને પાયાની સુવિધાઓની પણ વિગતો મેળવી ગુણોત્સવને સંવેદનાસ્પર્શી બનાવે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, સરકારી શાળાઓમાં ગરીબ-સેવાવસ્તી-શ્રમજીવી પરિવારોના બાળકો વિશેષ પ્રમાણમાં અભ્યાસ માટે આવતા હોય છે ત્યારે તેમનો અભ્યાસ અને સમગ્રતયા જીવન ધોરણ વ્યાપક સ્તરે સુધરે તેવું આપણા સૌનું દાયિત્વ હોવું જોઈએ. તેમણે કહ્યું કે, શાળાઓમાં ગુણોત્સવના એ.બી.સી. ગ્રેડ અપાય છે તેમાં ખાસ કરીને નબળી શાળાઓને ફોકસ કરવાની આવશ્યકતા છે. બાળકના પ્રારંભિક-પ્રાથમિક શિક્ષણમાં કચાશ-ઢીલ રહી જાય તે સરવાળે વિકાસની પ્રક્રિયાને જ વિપરીત અસર કરે છે. આથી જ આ અભિયાનમાં આખી સરકાર અને પદાધિકારીઓ, અધિકારીઓ સમાજ સેવા યજ્ઞ ભાવે જોડાય છે.

મુખ્યમંત્રીશ્રીએ ગુણોત્સવ મૂલ્યાંકન અભિયાન પૂર્ણ થયા બાદ સૌ અધિકારીઓ ફરી એકત્ર થાય અને એક્સપીરીયન્સ શેરિંગ સાથે જ પોતાને સોંપાયેલ ગામ-શાળાના સર્વગ્રાહી વિકાસ માટે ફોલોઅપ રાખે તેવું પ્રેરક સૂચન પણ કર્યું હતું.

પ્રારંભમાં શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આઠમા ગુણોત્સવ અભિયાનની વિગતો આપતાં જણાવ્યું કે, આ બે દિવસીય અભિયાન તહેત સમગ્ર રાજ્યની ૩૪ હજારથી વધુ પ્રાથમિક શાળાઓ, આશ્રમ શાળાઓ અને ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓના અંદાજે ૫૪ લાખથી વધુ વિદ્યાર્થીઓનું શૈક્ષણિક મૂલ્યાંકન કરાશે તેની તલસ્પર્શી વિગતો આપી હતી.

રાજ્ય મંત્રીમંડળના મંત્રીશ્રીઓ, પદાધિકારીઓ, વરિષ્ઠ સનદી -આઈ.પી.એસ, આઈ.એફ. એસ, અધિકારીઓ આ માર્ગદર્શન બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.

## થરાદ પાલિકા દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલાદિન અંતર્ગત રેલી યોજાઇ


વિષ્ણુ દવે

થરાદ

થરાદ પાલિકા દ્વારા વિશ્વ મહિલા દિનની પખવાડિક ઉજવણી નિમિત્તે જુદાજુદા કાર્યક્રમ અંતર્ગત બુધવારે મહિલા સશક્તિ કરણ અને મહિલા જાગૃતી માટે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં શહેરની આનંદનગર શાળાના બાળકો પણ જોડાયાં હતાં.સાથે સાથે થરાદ પાલિકા દ્વારા સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત નગરજનોમાં જાહેર રસ્તાની સાફસફાઇ સહીતની સ્વચ્છતાની જાગૃતી આવે તેવા પ્રયાસો પણ કરવામાં આવ્યા હતા.કાર્યક્રમમાં પાલિકાની સમાજ સંગઠક જાનકી કીરી,શાળાના આચાર્ય મહેશભાઇ મણવર, આકા-

# બનાસકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખનું સન્માન...



ડીસા

બનાસકાંઠા જિલ્લા પ્રાથમિક સંઘના પ્રમુખ ચમનભાઈ વાઘેલાને ગુજરાજ્ય પ્રાથમિક સંઘના કાર્યાધ્યક્ષ તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. તેમજ ઓલ ઈન્ડિયા ટીચર્સ ફેડરેશનના કાઉન્સીલર મેમ્બર તરીકે નિમણુંક કરાઈ છે. જે બદલ શિક્ષક સદસ્ય મિત્રો મૂળજીભાઈ ગોહિલ (સિ. ઉપપ્રમુખ બ.કાં.), મનહરભાઈ પરમાર (સિનિયર મંત્રી), પાંચાભાઈ દેસાઈ(પ્રમુખ ડીસા તાલુકા ઘટક સંઘ), માંગીલાલ જી.પટેલ (ગુજરાત રાજ્ય પ્રા.શિ.સંઘ સદસ્ય), શ્રવણભાઈ અનાવાડીયા (ખજાનચી, ડીસા તાલુકા ઘટક સંઘ), મુકેશભાઈ દવે (જિલ્લા કારોબારી સભ્ય), ઠાકરસિંહભાઈ પરમાર(જિલ્લા કારોબારી સભ્ય), રાણાભાઈ માળી (ઉપપ્રમુખ - ડીસા તાલુકા ઘટક સંઘ), પ્રવિણપુરી ગૌસ્વામી (સહમંત્રી બનાસકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ-ડીસા) દ્વારા પુષ્પગુચ્છ તથા શાલ ઓઢાડી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

**સરકાર પ્રમોશન ...**

**પાના નં.૧ ચાલુ**

કરાત મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, જૈન સમાજ જીવમાત્રના સુખનો વિચાર કરે છે. પોતાની પાસે રહેલી સંપત્તિનો દાનપુણ્યના કાર્યમાં ઉપયોગી થાય એ માટે સદૈવ જૈન સમાજ તત્પર હોય છે. સંપત્તિના સદકાર્યમાં ઉપયોગની બાબત પણ પ્રેરક છે. જૈન સમાજમાં લેવાની વૃત્તિને બદલે આપવાની વૃત્તિ છે. સરકાર દ્વારા જૈનોને લઘુમતિનો દરજ્જો આપવામાં આવ્યો છે ત્યારે બબળા પરિવારોને રાજ્ય સરકાર દ્વારા લઘુમતિ સમાજને મળવાપાત્ર સહાય આપવામાં આવે છે. જીવદયા માટે રાજ્ય સરકાર દ્વારા ઉઠાવવામાં આવેલા પગલાઓની માહિતી આપતા રૂપાણીએ જણાવ્યું હતું કે, સરકાર દ્વારા અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. ગત ઉત્તરાયણ દરમિયાન અનેક પક્ષીઓના જવ આ અભિયાન અંતર્ગત બચાવવામાં આવ્યા હતા. લોકો મુશ્કેલીમાં હોય ત્યારે ૧૦૮ની એમ્બ્યુલન્સ જે રીતે ગણતરીના સમયમાં સારવાર માટે આવી જાય છે એવી જ રીતે પશુઓની આકસ્મિક સારવાર માટે કરુણા એમ્બ્યુલન્સ શરૂ કરવામાં આવી છે. આગામી સમયમાં રાજ્યના તમામ જિલ્લાઓમાં કરુણા એમ્બ્યુલન્સ સેવાનો પ્રારંભ કરવામાં આવશે. પશુપાલન વિભાગ તેની વ્યવસ્થા સંભાળશે.

**ડિઝાસ્ટર કટોકટીમાં...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

અને ઓટીઆરઈના ચેરમેન રાગેશ શાહ તથા સીઈઓ અને વૈજ્ઞાનિક હેમાબહેન શાહે જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ઓનલાઇન ટેલિમેડિસીન રિસર્ચ ઈન્સ્ટીટયુટ (ઓટીઆરઆઈ)ની ડિફેન્સ સીસ્ટમ જે ગુજરાતમાં ઉપલબ્ધ છે, તે હાલ દેશના અન્ય કોઇ રાજયોમાં નથી. કોઇપણ ન્યુકિલયર કે રેડિએશન એકટીવીટી થાય તો ગુજરાત સહિત દેશના અન્ય રાજયોમાં જાણ થાય તેવી સીસ્ટમ કાર્યરત છે પરંતુ જો આવી ડિઝાસ્ટર કટોકટી અચાનક આવી પડે તો નાગરિકોને પહોંચી વળવાથી માંડી, સમગ્ર પરિસ્થિતિને પહોંચી વળવા અને તેઓને ત્યારબાદ પુનઃસ્થાપિત કરવા સુધીની સમગ્ર સીસ્ટમ અન્ય કોઇ રાજયો પાસે ઉપલબ્ધ નથી પરંતુ તે ઓટીઆરઆઈએ વર્ષોની મહેનત અને અથાગ પ્રયાસો બાદ વિકસાવી છે. ઓટીઆરઆઇ દ્વારા સેટેલાઇટ ખાતે એશિયાના સર્વપ્રથમ ન્યુકિલયર રેડિએશન મોનીટરીંગ એન્ડ કોમ્બાટ સીસ્ટમથી સજ્જ રિસર્ચ સેન્ટર અને લેબોરેટરીમાં એવા સેન્સર વિકસાવવામાં આવ્યા છે કે, અમદાવાદ અને તેની આસપાસની ૨૫૦ કિલોમીટરની ત્રિજયામાં કયાંય પણ કેમીકલ, બાયોલોજીકલ કે ન્યુકિલયર એકીટીવીટી કે એટેક થાય તો તરત જ તે પકડાઇ જાય. એ પછી તરત જ સંસ્થા એકદમ એકટીવ બની વ્યાપક રીતે ચિત્રમાં આવે અને અસરગ્રસ્ત નાગરિકોને તાત્કાલિક પોટેશીયમ આયોડાઇડ નામની એપ્રુવ્ડ દવા પહોંચાડી તેમના જીવનને બચાવવામાં બહુમૂલ્ય યોગદાન આપે છે. આ દવા થાઈરોડ બ્લોક કરીને ન્યુકિલયર રેડિએશનની અસર થવા દેતી નથી. જાણીતા વૈજ્ઞાનિક અને ઓટીઆરઈના ચેરમેન રાગેશ શાહ તથા સીઈઓ અને વૈજ્ઞાનિક હેમાબહેન શાહે વધુમાં ઉમેર્યું હતું કે, જયારે આવી કોઇ કટોકટી ના સર્જાય ત્યાં સુધી સામાન્ય સંજોગોમાં ઓટીઆરઆઇ સિનિયર સીટીઝન, નાગરિકો, મહિલાઓ, બાળકો, બેંકો, એટ- ીએમ, જવેલર્સ, મંદિરો, વેપારીઓની અને મિલકતોની અદ્યતન ટેકનોલોજીથી એસઓએસ સિકયોરીટી અને હેલ્થકેર સહિતની બહુ ઉપયોગી સેવા પૂરી પાડી રહી છે. આ માટે સંસ્થાએ પોલીસતંત્ર, આરોગ્ય વિભાગ સહિતના સરકારી તંત્ર સાથે જોડાણ કરી તેના આ ઉમદા ઉદ્દેશને પરિપૂર્ણ કર્યો છે. સંસ્થાની આ ડિફેન્સ સીસ્ટમ અને સામાન્ય સંજોગોમાં પૂરી પડાતી સેવાનો લાભ દેશના અન્ય નાગરિકો સુધી પહોંચે તે માટે સંસ્થા દ્વારા કેન્દ્ર સરકાર અને રાજય સરકારના સંબંધિત સત્તાવાળાઓ સાથે ચર્ચા વિચારણા અને અસરકારક પ્રયાસો ચાલી રહ્યા છે. સૌથી નોંધનીય વાત એ છે કે, ઓટીઆરઆઇ સંસ્થાએ ૧૯૯૮માં ભારત-પાકિસ્તાન બો- ર્ડર પર ઈન્ડિયન આર્મીમાં, ૨૦૦૧માં ગુજરાતના ભૂકંપ વખતે અને તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને સ્વાઇન ફલુ થયો ત્યારે બહુ મોટી અને યાદગાર ભૂમિકા ભજવી હતી. સ્વાઇન ફલુના ભરડાને નાથવા સંસ્થા દ્વારા એક કરોડ નાગરિકોને સ્કેન કરાયા હતા. વૈશ્વિક રોગચાળાને મ્હાત આપવા સંસ્થાએ વિશ્વના ઘણા દેશોમાં બહુમૂલ્ય સેવાઓ પણ આપી છે.

**કાંકરેજ તાલુકાના...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

અમરાભાઈ ચાંગેચા, રાજાભાઈ ચાંગેચા, રણછોડભાઈ ચાંગેચા, ઉકાભાઈ ચાંગેચા, વેલાભાઈ ચાંગેચા, વસ્તાભાઈ ચાંગેચા તથા ચાંગેચા પરિવારના યુવાનોએ ભારે જહેમત ઉઠાવી સફળ બનાવ્યો હતો. સંતો - મહંતોના આર્શીવાદને ભોજન પ્રસાદ સાથે નૂતન મંદિરમાં પ્રતીષ્ઠા પામેલ શ્રી ચામુંડા માતાજી, શ્રી વિહત માતાજી અને શ્રી ગોગા મહારાજના દર્શન કરી સૌએ ધન્યતા અનુભવી હતી.

**ડાકોર : ઠાકોરના...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

ચૈત્રી પૂનમના વિશેષ દર્શનના લાભ માટે અમદાવાદ અને તેની આસપાસના ગામડાઓ અને મુંબઇ, સુરત, વડોદરા સહિતના સ્થળોએથી પણ લાખોની સંખ્યામાં ભકતો રાજા રણછોડના દર્શનાર્થે ઉમટે છે, જેમાં હજારો પદયાત્રિકો તો, ચાલતા ડાકોરના દર્શન કરવા જાય છે. હજારો પદયાત્રિકોને રણછોડરાયજીના દર્શન સુધીની સફરમાં કોઇ તકલીફ ના પડે અને ઉનાળાની આ બળબળતી ગરમીમાં તેમને તમામ સુવિધા અને સેવા મળી રહે તે હેતુથી માર્ગોમાં નિશુલ્ક સેવા કેમ્પો પણ ધમધમી રહ્યા છે. ડાકોર-મહુધા રોડ પર જીઇબીની સામે છેલ્લા ૨૩ વર્ષોથી ડાકોરના પદયાત્રિકો માટે જય રણછોડ વિસામો નામે નિશુલ્ક સેવા કેમ્પ લગાવતાં હસમુખભાઇ પટેલ(બાવળાવાળા)એ જણાવ્યું હતું કે, રણછોડરાયજી મહારાજના દર્શને જતાં હજારો પદયાત્રિકોની સેવા અને સરભરા કરીએ જ અમારો નિસ્વાર્થ ઉદ્દેશ હોય છે. પદયાત્રિકો માટે સેવા કેમ્પમાં ચા, પાણી, નાસ્તો, બપોરના અને સાંજના સમયે ભોજન ઉપરાંત પ્રાથમિક આરોગ્ય સારવાર સહિતની સેવા ૨૪ કલાક પૂરી પાડવામાં આવે છે. સેવા કેમ્પમાં રસોઇયા સહિતના સ્વયંસેવકો નિસ્વાર્થભાવે ૨૪ કલાક પદયાત્રિકોની સેવા માટે ખડેપગે તૈનાત હોય છે.

પદયાત્રિકો માટે ઉનાળાની ગરમીમાં ઠંડા પાણી અને છાશની પણ ખાસ વ્યવસ્થા કરવામાં આવે છે. તો, શ્રધ્ધાળુ ભકતોને જમવામાં દાળ-ભાત, શાક, પૂરી, ફુલવડી, મહાપ્રસાદનું સ્વાદિષ્ટ ભોજન પીરસવામાં આવે છે. રાત-દિવસ અમે પદયાત્રિકોની સેવા કરવામાં જ માનીએ છીએ એમ આયોજક હસમુખભાઇ પટેલ (બાવળાવાળા) એ ઉમેર્યું હતું. દરમ્યાન ચંદ્રિકાબહેન ગોસ્વામી, રાજેશભાઇ ગોસ્વામી સહિતના કેટલાક શ્રધ્ધાળુઓએ જણાવ્યું હતું કે, ડાકોરના માર્ગોમાં ઉભા કરાતા આ પ્રકારના સેવા કેમ્પો ખરેખર હજારો પદયાત્રિકો માટે આશીર્વાદ સમાન બની રહે છે. ઘણા લોકો ઉનાળાની ગરમીને લઇ ચૈત્રી પૂનમના રણછોડરાયજીના દર્શન ટાળતા હોય છે પરંતુ તેઓએ ખરેખર આવી ગરમીનો પણ અનુભવ કરવો જોઇએ. ઉનાળાની આ ગરમીમાં ભકિતનો રંગ એટલી હદે શ્રધ્ધાળુઓ પર એટલી હદે રંગાયેલો હોય છે કે, ગરમી પણ પદયાત્રિકો-ભકતોને અનેરો આનંદ આપે છે, એ જ રાજા રણછોડરાયજીનો ચમત્કાર છે. ચૈત્રી પૂનમે ડાકોરના ઠાકોરના દર્શનનું અનેરૂં મહત્વ હોઇ લાખો શ્રધ્ધાળુઓએ તેનો લાભ લેવો જોઇએ.

**પ્રેમ, કરુણાના...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

રાજ્ય સ્તરે આયોજન રાજ્ય સરકાર કરવા જઈ રહી હોવાનું આ તકે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું. મજુરો માટે માત્ર રૂપિયા ૧૦માં ભોજન તેમજ વરિષ્ઠ નાગરિકો, મુનીઓ માટે પગદંડી જેવી સુવિધા આવનારા સમયમાં અમલી બનાવવાનું અંતમાં રૂપાણીએ જણાવ્યું હતું. ત્યારબાદ મુખ્યમંત્રી વિજય રૂપાણી રાજકોટ સ્થિત શ્રી માય મંદિર ખાતે માં અંબાજીના દર્શન-અર્ચન સર્વજન સુખાર્થે મંગલ કામના કરી હતી.

**મહેસાણી ભેંસના...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

ત્યાર બાદ જાહેર કરાયેલી ઉત્તમ ભેંસોમાં સિદ્ધ થયેલ બુલના ડોઝથી નોમિનેટેડ(નામિત) બીજદાન કરવામાં આવતું હોય છે અને આવા નામિત બીજદાનથી ગાભણ થયેલી ભેંસોનું વિયાણ થાય ત્યારે જન્મેલા પાડાનું ટેગીગ કરી નોંધણી કરવામાં આવે છે અને તેના જાતીય લક્ષણો, શારીરિક લક્ષણો તથા અન્ય જરૂરી ટેસ્ટ કરીને તેને દામા સીમેન સ્ટેશન માટે પસંદ કરવામાં આવે છે. એટલે સમજી શકાશે કે બીજદાનના ડોઝ અપાય છે તેની પાછળ કેટલી ઝીણવટથી પસંદગી કરાતી હોય છે.

બનાસ ડેરી દ્વારા ચાલતા પ્રોજેની ટેસ્ટીંગ યોજનાથી દૂધ ઉત્પાદકોમાં વિશેષ ફાયદા જોવા મળી રહ્યા છે જેમાં પહેલા વેતરમાં ૪૫૦ જેટલી ભેંસોએ સરેરાશ ૨૩૩૧ લિટર દૂધ આપેલ છે તથા તેનો સરેરાશ ફેટ ૬.૭ છે. સૌથી સારી ભેંસનું વેતરનું મહત્તમ દૂધ ૩૭૩૧ લિટર છે. આ ભેંસોએ વેતરમાં / વિયાણમાં ૨૪૭ દિવસ સુધી દૂધ આપેલ હતું અને ૧૮૯ દિવસોમાં વસુકેલ હતી, બે વિયાણ વચ્ચેનો ગાળો ૪૩૬ દિવસ છે જે ઘણો સુધારો કહેવાય. પશુ દીઠ દૂધ ઉત્પાદનમાં પણ સારો એવો વધારો નોંધાયેલ છે.

ઉલ્લેખનીય છે કે બનાસ ડેરીના ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં બનાસ ડેરીએ ઉત્તમ પશુપાલન માટે અનેકવિધ યોજના દાખલ કરીને દૂધ ઉત્પાદકોને દુધના વ્યવસાયમાં વિશેષ ફાયદો થાય તેવા પ્રયાસો હાથ ધર્યા છે.

**થરાદની મુખ્ય...**

**પાના નં.૮ ચાલુ**

જવર કરતા લોકો અને પસાર થતાં વાહનોનાં પૈડાં દુર જ થંભી જતાં ભારે અફરાતફરીનો માહોલ ફેલવા પામ્યો હતો.આ અંગે વિજકંપનીને જાણ કરાતાં કર્મચારીઓએ આવીને વિજકાપ કરીને વાયર સાંધી દીધો હતો.

જો કે સવાર અને સાંજના સુમારે લારીઓના કતારો તથા વાહનો અને માણસોના ટ્રાફિકના કારણે જામ રહેતા માર્ગ પર જીવંત વાયર તુટીને પડ્યો હોત તેનાથી સર્જાનારી હોનારતની કલ્પનામાત્રથી તમામના જીવ અધ્ધર થવા પામ્યા હતા. આ બનાવ ગરમીના કારણે બન્યો હોવાનું સુત્રોએ જણાવ્યું હતું.પરંતુ વિજકંપની દ્વારા નગરના મુખ્ય માર્ગો પર ઝળુંબતા વિજવાયરો વાંદરાંની કુદાકુદ કે પવના ઝપાટામાં ક્યારેક કોઇ મોટી જીવલેણ દુર્ઘટના સર્જી બેસે તે પહેલાં તેને મેન્ટેનેસ કરીને ટાઇટ કરવામાં આવે તથા મુખ્યમાર્ગો પરના વાયરોને વિંટીને અથવા તો નીચે પડવા ન આપે તેવા પ્રકારની જાળી બનાવીને રક્ષણ આપવામાં આવે તેવી પ્રબળ માંગ પણ ઉઠવા પામી છે.

**બનાસકાંઠાના ૩૬...**

**પાના નં.૮ ચાલુ**

દાગીના વેચીને ખેતી કરી હોવાનું ભરતભાઈ માળી અને કુન્દનલાલ કચ્છવાએ જણાવ્યું હતું સાથે જલ્દી રી સર્વેની કામગીરી પૂર્ણ કરવાની માંગ પણ કરી છે.

એક વર્ષથી ખેડૂતો ખૂબક પરેશાન છે ડીસાના ખેડૂતો અનેક વખત મામલતદાર મે રજૂઆતો કરવા છતાં યોગ્ય નિર્ણય લેવાયો નથી ત્યારે ડી.એલ.આર.એ.સી. ગામેતી કહે છે ખેડૂતોને કોઈ મુશ્કેલી નથી અને ટુક સમયમાં બાકી ની કામગીરી પૂર્ણ થઈ જશે તેવુ કહી રહ્યા છે

બનાસકાંઠામાં પાંચ વર્ષ આગાઉ સર્વેની કામગીરી શરૂ કર્યા બાદ આજદિન સુધી પૂર્ણ થઈ નથી ત્યારે હાલ જિલ્લાના ૩૬ ગામોના ખેડૂતો પરેશાની ભોગવી રહ્યા છે તે કયારે દૂર થશે તે જોવાનું રહ્યું.

**પાલનપુરમાં ૨૬...**

**પાના નં.૮ ચાલુ**

પીએસઆઇ એચ.કે. મકવાણાએ જણાવ્યું હતું કે, શહેરમાં ટ્રાફિકની સમસ્યા હળવી બનાવવા માટે ગુરુનાનક ચોક, સિટીલાઈટ, દિલ્હીગેટ, કોજી સહિત ૨૬ જેટલા સ્થળોએ નો - પાર્કિંગ અને નો-હોકર્સ જોનના બોર્ડ લગાવવામાં આવ્યા છે. અહીંયા વાહન પાર્ક કરતા કે લારીઓ ઉભી રાખતા શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**અમીરગઢ ચેકપોસ્ટ...**

**પાના નં.૮ ચાલુ**

તેમને અમીરગઢ ચેકપોસ્ટ ખાતે રાખવામાં આવેલ છે. તેમજ તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ બે લકઝરી બસો એકજ નંબરની ઝડપાતા તેમની પાસેથી લગભગ ૧૦ થી ૧૫ લાખ રૂપિયાના ટેક્ષની ચોરી કરી હોવાનુ પણ આર.ટી.ઓ.ના સુત્રોએ જણાવ્યુ હતુ. અત્રે ઉલ્લેખનીય છે કે આવી એક નંબરની કેટલીયે બસો અલગ અલગ રુટો ઉપર ચાલતી હસે તો તમામ આર.ટી.ઓ દ્વારા તપાસ કરવામાં આવે તો તેમાંથી પણ મોટુ કૌભાંડ બહાર આવે તેમ છે.

## થરા પાલિકામાં ...

**પાના નં.૮ ચાલુ**

વિસ્તારમાં થયેલા શૌચાલય કૌભાંડની પોલ ખોલતી આધાર સહ વિવિધ અધિકારીઓ, લોક ફરીયાદ, મુખ્યમંત્રી સુધી અરજી કરેલ જેના ભાગરૂપે ઉચ્ચ અધિકારીઓ દ્વારા થરા પાલિકામાં તપાસ કરી અહેવાલ રજુ કરવાનું જણાવવામાં આવ્યું હતું પરંતુ પાલીકાના ભ્રષ્ટ કર્મચારીઓ દ્વારા અરજીનો નિકાલ નહીં થતો હોવાનું જાણવા મળ્યું હતું. જેની પાછળ ઈન્ચાર્જ ચીફ ઓફિસરને વિવિધ પાલિકાઓની જવાબ દારી હોવાથી આ તપાસ થતી ન હતી પરંતુ હવે ઈન્ચાર્જ ચીફ ઓફિસર કલ્પેશ ભટ્ટ પાલિકા વિસ્તારમાં થયેલ શૌચાલય કામગીરીની હળવી તપાસ હાથ ધરી હતી. આ વચ્ચે ઓખા નગર પાલિકા વિસ્તારમાં પોણા ત્રણ કરોડના શૌચાલય કૌભાંડનું રેકર્ડ એસીબીએ જપ્ત કરતાં આ અહેવાલને પગલે થરા પાલિકા ખળભળાટ મચ્યો છે. થરા પાલિકામાં શૌચાલય કૌભાંડની સાચી તપાસ નહીં થાય ત્યાં સુધી લડી લેવાનું અરજદાર વિપુલ પ્રજાપતિએ જણાવ્યું હતું. ઈન્ચાર્જ ચીફ ઓફિસર કલ્પેશ ભટ્ટ ઉચ્ચ કક્ષાએ કેવો અહેવાલ મોકલે છે ને તેનો જવાબ મળે. ઓખા પાલિકાના પગલે એસીબી તપાસની પણ માંગ થશે. કાંકરેજ તાલુકા પંચાયતમાં પણ શૌચાલય કૌભાંડ મોટા પાયે સર્જાયું છે જેની તપાસ થાય તો કેટલાય ઝડપાય તેવી લોકચર્ચા છે જેથી કસુરવારોમાં ફફડાટ ફેલાયો છે.

# બેંગ બેંગની સિકવલમાં પણ રિતિક-કેટરિના..!!

ફિલ્મ સર્જક સિદ્ધાર્થ આનંદની હિટ ફિલ્મ બેંગ બેંગની સિક્વલની તૈયારી થઇ રહી હોવાની માહિતી મળી હતી. મૂળ ફિલ્મમાં રિતિક રોશન અને કેટરિના કૈફ ચમક્યાં હતાં. હોલિવૂડની સુપરહિટ નીવડેલી ફિલ્મ નાઇટ એન્ડ ડે પરથી આ હિન્દી ફિલ્મ બની હતી. ૨૦૧૪માં બનેલી આ ફિલ્મ બોક્સ ઑફિસ પર હિટ નીવડી હતી અને એના શૂટિંગ દરમિયાન રિતિકને ગંભીર ઇજા થતાં મુંબઇની હિન્દુજા હૉસ્પિટલમાં એના પર બ્રેઇન સર્જરી કરવી પડી હતી.

અગાઉ એવી અફવી હતી કે કૃષ્ણા અને ડીકે આ ફિલ્મના રાઇટ્સ ખરીદીને એની સિક્વલ બનાવશે પરંતુ એ વાતને રદિયો મળ્યો હતો. આ સપ્તાહે ફોક્સ સ્ટાર સ્ટુડિયોએ ફિલ્મ નિર્માતા સંઘના કાર્યાલયમાં પોતાની નવી ફિલ્મ એટલે કે બેંગ બેંગની સિક્વલનું ટાઇટલ બેંગ બેંગ રિલોડેડ રજિસ્ટર કરાવ્યું હતું. આ માહિતી આપનારા સૂત્રે કહ્યું કે હાલ સ્ક્રીપ્ટ ફાઇનલ કરાઇ રહી છે. એકવાર સ્ક્રીપ્ટ ફાઇનલ થઇ જાય ત્યારબાદ ઔપચારિક જાહેરાત કરાશે. રિતિક અને કેટરિનાને ફરી રજૂ કરાય એવી પૂરેપૂરી શક્યતા છે.

# અજય દેવગણને હજુ નથી સમજાયું પાત્રમાં ઊતરવું એટલે શું..??

ટોચના અભિનેતા ફિલ્મ સર્જક અજય દેવગણે કહ્યું હતું કે કથાના પાત્રમાં ઊતરવું એટલે શું એ મને હજુય સમજાયું નથી. કેમેરા સામે અભિનય કરવાને માટે આવા શબ્દો વાપરવા જરૃરી નથી લાગતા. તમારા વિશે કહેવાય છે કે તમે શોટ આપવાની બે ત્રણ મિનિટ પહેલાં માનસિક રીતે તૈયાર થઇને પાત્રમય બની જાઓ છો એવા સવાલના જવાબમાં એણે કહ્યું કે મને આજ સુધી સમજાયું નથી કે પાત્રમાં ઊતરવું એટલે શું ? મારી સાથે કામ કરી ચૂકેલા ડાયરેક્ટર્સને ખબર છે કે મને બહુ રિહર્સલ્સ ફાવતાં નથી કે હું બહુ બધા સંવાદો યાદ રાખી શકતો નથી. મને લાગે છે કે અભિનય કરવાની મારી સ્ટાઇલ સ્પોન્ટેનિયસ (સ્વયંસ્ફૂર્ત ) છે. શોટ આપવાનો હોય અને કેમેરા ચાલુ થાય ત્યારે એ જ ક્ષણે હું પાત્રને રજૂ કરવા સક્ષમ થઇ જાઉં છું. અભિનય કરવાની મારી સ્ટાઇલ આ છે. બાકી પહેલેથી પાત્રમય બની ગયા એવા શબ્દોના સાથિયા મને બહુ ફાવતા કે જામતા નથી. જે ક્ષણે કેમેરા સામે તમારે રજૂ થવાનું હોય એ ક્ષણે તમે તમારી જાતને પ્રસંગને અનુરૂપ લાગણીમાં ઢાળી દો એ મહત્ત્વનું છે. 'તમે નહીં માનો પરંતુ બે શોટ વચ્ચે અમે મોજમજા કરતાં હોઇએ છીએ, પછી ભલે અત્યંત સંવેદનશીલ શોટ કેમ ન આપ્યો હોય અથવા આપવાનો હોય' એમ અજયે કહ્યું હતું.

# જૂનાડીસામાં રામનવમીની દિવ્ય શોભાયાત્રા નીકળી

ડીસા

જૂનાડીસાનું પ્રાચીન અને અનેક રામાનંદી સાધુ-મહાત્માઓની તપોભૂમિ સમાન ઢાળમાં આવેલ રામજીમંદિર ખાતેથી રામનવમી નિમિત્તે ભગવાન શ્રી રામ જન્મમહોત્સવની ઉજવણીના ભાગ રૂપે-રામચંદ ભગવાનની શોભાયાત્રા જૂનાડીસા નગરે નીકાળવામાં આવેલ. જેમાં શેરીએ શેરીએ શ્રધ્ધાળુ ભક્તો અને રામસેવકો ભાઈ-બહેનોએ પૂજા-અર્ચના અને ભક્તિભાવથી દર્શન કરેલ. ડી.જે. સાઉન્ડમાં પ્રસારીત થતી નોખી-અનોખી ભક્તિરસથી ભરપૂર અને ભક્તિનાદથી રોમાંચિત કરનારી રામધૂનના દિવ્ય વાતાવરણથી આબાલ-વૃધ્ધ સૌ ભક્તિરસની હેલીથી ભીંજાયા.

ખૂબ જ શિસ્ત-સંયમ અને શ્રધ્ધાથી નીકળેલી શોભાયાત્રામાં સનાતન હિંદુ સમાજના પ્રમુખ અને પૂર્વ સરપંચ ભીખાભાઈ પઢીયાર, દાનવીર-કર્મવીર અને સામાજીક કાર્યકર દિલીપભાઈ બ્રહ્મભટ્ટ, ગોપળભાઈ મોદી, ભક્તિફેરી વાળા ભીખાભાઈ મોદી, તા.ડેલીગેટ પ્રતિનિધિ પ્રવિણ મોદી,

યુવા વકીલ મુન્નાભાઈ મોદી, પીઢ સેવાભાવી કાર્યકર અને ગુજરાત ગ્રામીણ પત્રકાર સંઘના વરીષ્ઠ પત્રકાર રમેશભાઈ મહેતા, ડૉ. દિનેશભાઈ અનાવાડીયા, શ્રવણભાઈ અનાવાડીયા, શાંતિભાઈ, નરેન્દ્રભાઈ માળી તેમજ વિવિધ સમાજોના અગ્રણીઓ અને ધર્મપરાયણ સનાતન હિંદુ ભાઈ-બહેનો અને યુવાનોએ હાજર રહી-રામચંદ્ર ભગવાનના જયઘોષ કરેલ. અત્યંત મધુર, ભાવવાહી અને ભક્તિરસથી ભરપૂર ધર્મ મહોત્સવની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે ડીસા પોલીસ સ્ટાફે હાજર રહી વ્યવસ્થાના ભાગ રૂપે ઉમદા ફરજ બજાવેલ.

# સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર**(કીલોના)
**ચાંદી ચોરસા ૩૯૨૦૦-૩૯૪૦૦**
રૂપુ કાચું ૩૯૨૦૦-૩૯૪૦૦
સોનુ તોલો ૩૧૨૦૦-૩૧૩૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૧૯૦**
પામોલીન ૧૧૭૦
સોયા રીફાઈન ૧૪૨૦
રાયડાતેલ ૧૫કી.૧૧૨૦-૧૨૮૦
**સીંગતેલ૧૫ કી. ૧૪૮૦**
સીંગતેલ ૧૫ લી.૧૬૯૦
**સીગતેલ ૫ લી. ૪૨૦**
તિરૂપતી કપા. ૧૩૩૦
૫ લીટર ૪૨૦
વનસ્પતિ ઘી ૧૧૩૦
કોપરેલ ૧૫ કિલો ૩૩૦૦
૫ કે. કોપરેલ૧૨૦૦
૫લી. અંકુર સીંગતેલ ૪૮૫
**૧૫ લીટર સનફલાય ૧૩૦૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૬૦
૫ લી. ૪૦૦
૨ લી. ૧૬૫
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૯૫૦
મગદાળ નર્મદા સુપર ૬૦૦૦
નર્મદા મગ મોગર ૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૯૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૮૦૦૦
હેરીટેજ દુબાર ૬૨૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પોપુલર ૬૪૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
કાયનાત પ્રીમીયમ ૮૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
પરી નં.૧ ૯૨૦૦
પરી નં. ૭ તીબાર ૮૨૦૦
પરી સુપર દુબાર ૭૪૦૦
કાયનાત ખેનીટાઈમ ૭૨૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૬૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૩૪૦૦-૩૪૫૦**
**ખાંડ એમ. ૩૫૦૦-૩૪૫૦**
ખાંડએલ. ૩૫૦૦-૩૬૫૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગઠ્ઠા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર ૯૫૦-૧૦૦૦**
દાણ ૭૦ કી.ગ્રા.૯૫૦-૧૦૦૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૧૦૦
જીરાળુ ૧૬૮૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦
**પરચુરણ**
સોજી ૭૮૦
મેંદો ૭૫૦
શ્રીફળ એમ. ૧૨૮૦
નિરમા સાબુ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૩૮૦૦
ખાંડ બુરૂ ૪૦૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૮૦
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૧૨૦-૧૮૦
સુકી ડુંગળી ૧૮૦-૨૦૦
લસણ ૩૦૦-૭૦૦
ધાણા ૪૦૦-૫૦૦
મરચાં ૫૦૦-૬૦૦
લીંબુ ૧૪૦૦-૧૬૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૮૦૦-૮૪૦
રીંગણ ૨૪૦-૩૦૦
ટામેટા ૧૦૦-૧૪૦
**ભીંડા ૭૦૦-૮૦૦**
કોબી ૧૨૦-૧૪૦
વટાણા ૫૦૦-૬૦૦
ટીંડસા ૫૦૦-૬૦૦
ગવાર ૮૦૦-૧૬૦૦
બાદશાહ બટાકા ૨૦૦-૨૨૦
**સાંગા બટાકા ૨૦૦- ૨૪૦**
તુવેર ૬૦૦-૮૦૦

# ગરમીથી બચવા શું કરવું....બિનજરૂરી ઘરની બહાર ન નિકળવા સલાહ

ગુજરાતમાં ગરમીનો પ્રકોપ જારી રહ્યો છે. હિટવેવની ચેતવણી વચ્ચે આજે રાજ્યના કેટલાક ભાગોમાં પારો ૪૧થી પણ ઉપર પહોંચ્યો હતો જ્યારે સુરેન્દ્રનગરમાં પારો ૪૨ ઉપર પહોંચી ગયો હતો. આગામી બે દિવસના ગાળા દરમિયાન હજુ પણ હિટવેવ રહેવાની ચેતવણી જારી કરવામાં આવી છે. અમદાવાદમાં પણ મહત્તમ તાપમાન વધીને ૪૦.૪ સુધી પહોંચ્યું હતું. ગરમીના પ્રમાણમાં વધારો થતાં અમદાવાદમાં મચ્છરજન્ય અને પાણીજન્ય રોગના કેસોમાં વધારો થયો છે. હવામાન વિભાગ તરફથી જણાવવામાં આવ્યું છે કે, ગરમીના પ્રમાણમાં વધારો થવાની શક્યતા છે જેથી હાલમાં વિવિધ પગલા લેવાઈ રહ્યા છે. તીવ્ર ગરમીનું મોજુ ફેલાયું છે ત્યારે ગરમીથી બચવા શુ કરવું જોઈએ તે ખુબ મહત્વપૂર્ણ બાબત બની ગઈ છે. તબીબો અને નિષ્ણાતોના કહેવા મુજબ નીચે મુજબની સાચવણી કરવી જોઈએ.

ગરમીથી બચવા માટે શક્ય હોય ત્યાં સુધી ઘરમાં રહેવું જોઈએ

ગરમીથી બચવા માટે સફેદ વસ્ત્રો પહેરવા જોઈએ અને લુઝ અને કોટનના વસ્ત્રો પહેરવા જોઈએ

તીવ્ર ગરમીની વચ્ચે બાળકો, સગર્ભા મહિલાઓ અને મોટી વયના લોકોને કામ વગર બહાર નિકળવું જોઈએ નહીં

શક્ય તેટલા વધુ પ્રમાણમાં પાણી પિતા રહેવું જોઈએ

લીંબુના રસનો ઉપયોગ કરવો જોઈએ

ભીના કપડાથી માથું ઢાંકી દેવાની પણ સલાહ નિષ્ણાતો આપે છે

વધારે સમય સુધી ભુખ્યા રહેવું જોઈએ નહીં

બિનજરૂરી બહારની ચીજવસ્તુઓ ખાવી જોઈએ નહીં

શુદ્ધપાણીનો ઉપયોગ વધારે કરવામાં આવે તે જરૂરી છે

**મેડલ ટેલીમાં ભારત નંબર-૧**

# શુટિંગ વર્લ્ડકપ : ૫૦ મીટર રાઈફલમાં અંજુમે સિલ્વર મેડલ જીતી લીધો

ભારતીય શુટર અંજુમ મૌદગીલે મેક્સિકોના ગ્વાડ્લજારા ખાતે ચાલી રહેલ શુટિંગ વર્લ્ડકપમાં સિલ્વર મેડલ જીત્યો છે. ૨૪ વર્ષીય ચંદીગઢની શુટર અંજુએ વર્તમાન વર્લ્ડકપના છઠ્ઠા દિવસે મહિલાઓ માટેની ૫૦ મીટર રાઈફલ થ્રી પોઝિસન સ્પર્ધામાં તેણે આ સિલ્વર મેડલ જીત્યો છે. સ્પર્ધાની ફાઈનલમાં અંજુમને ૪૫૪.૨ પોઈન્ટ મળ્યા હતા. જ્યારે ૪૫૫.૪ પોઈન્ટ સાથે ચીનની રુઈજીઆપો પેએ આ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીતી લીધો છે. જ્યારે ચીનની જ ટિંગ સુને ૪૪૨.૨ પોઈન્ટ સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો છે. અંજુમનો શુટિંગ વર્લ્ડકપમાં આ પ્રથમ મેડલ છે. આ સાથે ૧૨ માર્ચ સુધી ચાલનાર આ શુટિંગ વર્લ્ડકપમાં ભારતે કુલ ૮ મેડલ સાથે પ્રથમ ક્રમાંક યથાવત રાખ્યો છે. ભારતે અત્યાર સુધી કુલ ૩ ગોલ્ડ એક સિલ્વર અને ચાર બ્રોન્ઝ મેડલ જીત્યા છે. જ્યારે આ શુટિંગ વર્લ્ડકપમાં ૫ મેડલ સાથે ચીન બીજા ક્રમાંકે છે. જ્યારે ૪ મેડલ સાથે ફ્રાંસ ત્રીજા ક્રમે છે. ચાલુ શુટિંગ વર્લ્ડકપમાં ખાસ કરીને ભારતીય મહિલા શુટરોનો દબદબો રહ્યો છે. આ પહેલા ભારતની મનુ ભાગરેએ ૨ ગોલ્ડ મેડલ જીત્યા છે. આ ઉપરાંત એક ગોલ્ડ મેડલ સહજર રીઝવીએ જીત્યો છે. જ્યારે બ્રોન્ઝ મેડલ જીતુ રોય સહિતના ખેલાડીઓએ જીત્યો છે.

# વડગામમાં જળદેવતા પ્રગટ થતાં વધામણાં

**પિવાના પાણી માટે ગ્રામ પંચાયતે જાગૃતતા બતાવી**



પુષ્કર ગોસ્વામી

તા પ્રતિ. વડગામ

વડગામમાં ઉનાળાની સિઝનમાં ગ્રામજનોને પિવાનું પાણી મળી રહે તે માટે આગોતરૂ આયોજન કરી સરપંચ ભગવાનસિંહ સોલંકી દ્વારા નવિન બોરનું ખાત મુહુર્ત કર્યું હતુ જેમાં જળદેવતા પ્રગટ થતાં ગ્રામજનો અને ગ્રામ સચિવાલય પરિવાર, તલાટી કમમંત્રી મફાજી એચ.ચૌહાણ દ્વારા જળદેવતાનાં વધામણાં કર્યા હતાં.

સરપંચ તલાટી દ્વારા ગામમાં પિવાના પાણીનો પ્રશ્ન હલ કરતાં ખુશીનો માહોલ સર્જાયો છે.

**રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....**

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરીક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :........................
માતા : ........................જ.તા. ................ઉ.વ.
પરિચયઃ ........................................................
સરનામુ : ........................................................
મોકલનારની સહી : ........................................................

મહેસાણા, પાટણ, રાધનપુર, સિધ્ધપુર, ચાણસ્મા, ઊંઝા, વિસનગર, હિંમતનગર, ખેડબ્રહ્મા
રખેવાળ

# રાધનપુર તાલુકાના કલ્યાણપુરા શાળાના ભુલકાંઓએ ચકલીઓની ચિંતા કરી

કમલ ચક્રવર્તી



રાધનપુર

રાધનપુર તાલુકાના કલ્યાણપુરા પ્રાથમિક શાળાના ભુલકાંઓએ ઉનાળાની શરૂઆત થતા જ ચકલીઓની ચિંતા કરી અને ચકલીઓને કોઈપણ જાતની તકલીફ ના પડે તે માટે શાળામાં પાણીના ૧૦ કુંડા અને ચકલીઓને રહેવા માટે ૧૫ ચકલીઘરની વ્યવસ્થા કરી હતી.કાળઝાળ ગરમીમાં ચકલીને પીવાનું પાણી મળી રહે અને રહેવા માટે ઘર મળી રહે તે માટે શાળાના આચાર્ય નવલદાન બી.ગઢવી,શિક્ષક કલ્પેશભાઈ જાદવ અને સ્ટાફના માર્ગદર્શન હેઠળ ભુલકાંઓએ સેવાકીય પ્રવૃત્તિ કરી હતી.

# રાધનપુરમાં ધો.૮ની બાળાઓનો વિદાય સમારોહ યોજાયો



કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુર શહેરમાં આવેલી દૂધસાગર પ્રાથમિક કન્યા શાળામાં બુધવારે ધો.૮ની બાળાઓનો વિદાય સમારોહ યોજાયો હતો.આ પ્રસંગે ધો.૮ ની બાળાઓ એકતા પરમાર અને પૂજા ઠાકોરે અભ્યાસકાળના સુખદ સંસ્મરણો રજુ કર્યા હતા.વર્ગ શિક્ષિકા ભાવનાબેન ઠાકર અને કુ.રાધિકાબેન રાઠોડે ભાવવાહી વક્તવ્ય આપીને વાતાવરણને ભાવવિભોર બનાવી દીધું હતું.વિદાય લેતી દીકરીઓએ ગુરુદક્ષિણારૂપે શાળાને બે પંખા ભેટ આપ્યા હતા.શાળાના આચાર્ય ચેલાજી ઠાકોરે જીવનની તમામ સારી-નરસી પરિસ્થિતિનો મક્કમતાથી મુકાબલો કરવા અને જીવનમાં ખુબ પ્રગતિ કરવાના શુભાશિષ આપ્યા હતા.શાળાપરિવાર વતી વિદાય લેતી બાળાઓને નાસ્તો કરાવવામાં આવ્યો હતો.સમગ્ર કાર્યક્રમનું સંચાલન મનસુખજી ઠાકોરે કર્યું હતું.

# બહુચરાજીના ડોડીવાડા ગામે ચૈત્ર સુદ ચૌદશે હનુમાનદાદાનો રથ (હાથિયો) નિકળશે

ચાણસ્મા

બહુચરાજી તાલુકાના ડોડીવાડા ગામે સદીઓ જુની પરંપરા મુજબ ચૈત્ર સુદ ચૌદશને તા. ૩૦/૩/૨૦૧૮ ના રોજ રાત્રે ૯ વાગે હનુમાન દાદાનો રથ (હાથિયો) નીકળનાર હોઈ ગ્રામજનો દ્વારા તડામાર તૈયારીઓ હાથ ધરાઈ છે. ગામના અગ્રણી અમૃતભાઈ પટેલના જણાવ્યા મુજબ, હનુમાન દાદાનું મંદિર ૫૦૦ વર્ષ જુનું છે. અહીં દર વર્ષે ચૈત્ર સુદ ૧૪ ના દિવસે હાથિયો કાઢવાનો રિવાજ છે. આ નિમિત્તે પટેલોના માઢમાં ગાડા ઉપર હાથીના મોઢા અને સૂંઢ જેવો આકાર આપી હાથિયો તૈયાર કરવામાં આવે છે. આ રથને પટેલ, ઠાકોર, રબારી, દરબાર, હરિજન, રાવળ સહિત તમામ વર્ણના લોકો શણગારે છે. હાથિયો તૈયાર થયા પછી તેને રામજીમંદિરના ચોકમાં લાવવામાં આવે છે. જ્યાં તેને શણગારેલા ચાર બળદોથી જોડવામાં આવે છે. બાદમાં ગામના લોકો કિકીયારીઓ કરતા કરતા અને હનુમાન દાદાની જય બોલાવતા બોલાવતા રથની પાછળ પાછળ દોટ મુકે છે. રથ(હાથિયો) ગામ ફરીને હનુમાનજી મહારાજના મંદિરે આવી પહોંચે છે. અહીં ગામના જાણકારો દ્વારા વર્ષફળ જોવામાં આવે છે. અહીં અષાઢ, શ્રાવણ, ભાદરવો અને આસો એમ ચાર માસના પ્રતિકરૂપ ચાર બળદના ઝરણ આધારે વરસાદનો વરતારો અને ખેતી માટે વર્ષ કેવું રહેશે તે જાહેર કરવામાં આવે છે. આ પ્રસંગે વડોદરા, સુરત, અમદાવાદ સહિત ચુંવાળ પંથકના ગામેગામથી શ્રદ્ધાળુઓ દાદાના રથના દર્શન કરવા ઉમટી પડે છે. ચૈત્રી પૂનમ હનુમાન દાદાનો જન્મ દિવસ પણ હોઈ ગ્રામજનો દ્વારા દાદાના મંદિરે રામધૂન સહિતના ધાર્મિક કાર્યક્રમોનું પણ આયોજન કરાય છે. હાલમાં આ પ્રસંગને લઈ ટ્રસ્ટીઓ તેમજ ગ્રામજનો દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

# ઉ.ગુ.માં ઈડર ૪૧.૨ સાથે સૌથી ગરમ શહેર, તાપમાનમાં ૧ ડિગ્રીનો વધારો

ઈડર

ઉ. ગુ.માં બે દિવસ હીટ વેવની અસર બાદ બુધવારે ગરમીનો પારો દોઢ થી બે ડિગ્રીનો વધારો નોંધાયો હતો. જે અંતર્ગત ડીસા ૪૧.૩ અને ઈડર ૪૧.૨ ડિગ્રી તાપમાન સાથે ઉત્તર ગુજરાતના સૌથી ગરમ શહેર રહ્યા હતા. બીજી બાજુ લઘુત્તમ તાપમાનમાં પણ એક ડિગ્રી સુધીનો વધારો જોવા મળ્યો હતો. બીજી બાજુ ઉ.ગુ.માં સાંજે ૭ કલાકે ૩૨ થી ૩૩ ડિગ્રી વચ્ચે તાપમાન રહેવાના કારણે વાતાવરણમાં ઉકળાટ સાથે ગરમી વર્તાઇ હતી. રવિવાર સુધી તાપમાનમાં સામાન્ય ઉત્તાર-ચડાવ વચ્ચે પારો ૪૦ થી ૪૧.૫ ડિગ્રીની વચ્ચે રહી શકે છે તેવું હવામાન વિભાગના સુત્રોએ જણાવ્યું હતું. ઉ.ગુ.માં ઈડર ૪૧.૨ સાથે સૌથી ગરમ શહેર, તાપમાનમાં ૧ ડિગ્રીનો વધારો ઉ. ગુ.માં બે દિવસ હીટ વેવની અસર બાદ બુધવારે ગરમીનો પારો દોઢ થી બે ડિગ્રીનો વધારો નોંધાયો હતો. જે અંતર્ગત ડીસા ૪૧.૩ અને ઈડર ૪૧.૨ ડિગ્રી તાપમાન સાથે ઉત્તર ગુજરાતના સૌથી ગરમ શહેર રહ્યા હતા. બીજી બાજુ લઘુત્તમ તાપમાનમાં પણ એક ડિગ્રી સુધીનો વધારો જોવા મળ્યો હતો. બીજી બાજુ ઉ.ગુ.માં સાંજે ૭ કલાકે ૩૨ થી ૩૩ ડિગ્રી વચ્ચે તાપમાન રહેવાના કારણે વાતાવરણમાં ઉકળાટ સાથે ગરમી વર્તાઇ હતી. રવિવાર સુધી તાપમાનમાં સામાન્ય ઉત્તાર-ચડાવ વચ્ચે પારો ૪૦ થી ૪૧.૫ ડિગ્રીની વચ્ચે રહી શકે છે તેવું હવામાન વિભાગના સુત્રોએ જણાવ્યું હતું.

# બહુચરાજીમાં ત્રિદિવસીય ચૈત્રીપુનમના મેળાનો પ્રારંભ

## અનેક પગપાળા સંઘો માતાના ધામ તરફ રવાના



ચાણસ્મા

શક્તિ, ભક્તિ અને આસ્થાના ત્રિવેણી સંગમ સમા યાત્રાધામ બહુચરાજીમાં ભરાતા પરંપરાગત ચૈત્રી પૂનમના ત્રિ-દિવસીય લોકમેળાનો ગતરોજ ભક્તિભાવપૂર્વક આરંભ થયો હતો. પ્રથમ દિવસથી જ માના ધામમાં દર્શનાર્થીઓનું ઘોડાપુર ઉમટી રહ્યું છે. એક પ્રાથમિક અંદાજ મુજબ આજે એકાદ લાખ ભક્તોએ મા બહુચરના દર્શન કરી જીવનની ધન્યતા અનુભવી હતી.

બહુચરાજી ટેમ્પલ ટ્રસ્ટના ચેરમેન- વ- જિલ્લા કલેક્ટર એચ.કે.પટેલ, ઈન્ચાર્જ વહીવટદાર ભાર્ગવ પટેલ, ડીડીઓ મનોજ દક્ષિણી, ડીએસપી ચૈતન્ય મંડલીક સહિત જિલ્લા- તાલુકા વહીવટીતંત્ર અને સ્થાનિક ગ્રામ પંચાયતના આયોજન હેઠળ ચૈત્રી પૂનમના ત્રિ-દિવસીય લોકમેળાનું સુંદર આયોજન કરાયું છે. આજે ગુરૂવારે સાંજે મેળાને વિધિવત રીતે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. જોકે, આજે વહેલી સવારથી જ શ્રદ્ધાળુઓની માના ધામમાં દર્શન માટે ભીડ જોવા મળી હતી. દર્શન માટે લાંબી કતાર જામી હતી. દર્શનાર્થીઓ માટે મંદિર પરિસરમાં છાંયડો, પીવાનું પાણી તેમજ આરોગ્ય સહિતની વ્યવસ્થા કરવામાં આવી છે. મંદિરને રંગબેરંગી ફુલોનો શણગાર કરવામાં આવ્યો છે. મેળાના મેદાનમાં ચકડોળ-ચકરડીઓ વગેરે ઉભા કરાયા છે અને સમગ્ર બજારમાં નાની-મોટી દુકાનો મંડાઈ છે. પ્રથમ દિવસે અનેક પગપાળા યાત્રિકો તેમજ સંઘોએ માના દર્શન કરી મંદિરના શિખરે ધજા ચડાવી હતી.

### મેળામાં યાત્રિકો માટે એક કરોડનો વીમો લેવાયો

ચૈત્રી પૂનમના લોકમેળામાં પધારતા યાત્રિકોના જાનમાલના રક્ષણ માટે બહુચરાજી માતાજી ટેમ્પલ ટ્રસ્ટ દ્વારા એક કરોડ રૂપિયાનો વીમો લેવાયો છે. મેળાના સંચાલક દ્વારા પણ અલગથી વીમો ઉતરાવવામાં આવ્યો છે.

### ૫૬ સીસીટીવી કેમેરાની મેળામાં નજર

મેળામાં યાત્રિકોની સુવિધા માટે અલગ- અલગ વ્યવસ્થા કરાઈ છે. જે મુજબ જાનમાલના રક્ષણ માટે મેળાની ભીડભાડમાં શંકાસ્પદ હિલચાલ પર નજર રાખવા મંદિર પરિસર સહિત સમગ્ર મેળાના મેદાનમાં ૫૬ જેટલા સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે. જ્યારે કાયદો અને વ્યવસ્થાની સ્થિતીની જાળવણી માટે મેળામાં ૨ ડીવાયએસપી, ૬ પીઆઈ, ૧૯ પીએસઆઈ, ૨૨૬ કોન્સ્ટેબલ, ૩૩ મહિલા પોલીસ અને ૧૭૪ હોમગાર્ડ સહિત ૪૬૦ થી વધુનો પોલીસ સ્ટાફ તૈનાત કરાયો છે.

### આજે ઓસમાન મીરનો કાર્યક્રમ

મેળામાં આવતા યાત્રિકોને મનોરંજન મળી રહે તે માટે ટેમ્પલ ટ્રસ્ટ દ્વારા હાઈવે પર એસટી વર્કશોપની બાજુમાં આવેલા સાંસ્કૃતિક કાર્યક્રમના મેદાનમાં શુક્રવારે રાત્રે નવ વાગે ગુજરાતના જાણીતા ગઝલ કલાકાર અને મન મોર બની થનગાટ કરે... રામલીલા ફિલ્મમાં ગીત ગાનાર ઓસમાન મીર કાર્યક્રમની રંગત જમાવશે.

# મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં ગુણોત્સવ-૮ કાર્યક્રમનું વિડીયો કોન્ફરન્સ અને બાયસેગ મારફતે જીવંત પ્રસારણ



પાટણ

ગુજરાત રાજ્યમાં આગામી તારીખ ૬ અને ૭ એપ્રિલ ૨૦૧૮ દરમિયાન ગુણોત્સવ-૮ કાર્યક્રમનું આયોજન હાથ ધરવામાં આવનાર છે. પાટણ જિલ્લામાં પણ ગુણોત્સવ-૮ નું આયોજન કાર્યક્રમમાં સહભાગીદારી આવશ્યક હોઈ તેમજ ગુણોત્સવ કાર્યક્રમમાં બાહય મૂલ્યાંકન કરવામાં આવશે. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને શિક્ષણ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા ગુણોત્સવ-૮ કાર્યક્રમનું વિડીયો કોન્ફરન્સ અને બાયસેગ મારફતે ગુણોત્સવ કાર્યક્રમમાં જોડાનાર પદાધિકારીઓ અને અધિકારીઓને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, દર વર્ષે યોજાતા ગુણોત્સવ થકી શિક્ષણ ક્ષેત્રે રચનાત્મક પરિવર્તન જોવા મળી રહયું છે. શિક્ષણ સુધારણા મહાયજ્ઞમાં શિક્ષણ ક્ષેત્રે આમુલ પરિવર્તન જોવા મળ્યું છે. ગુણોત્સવમાં અધિકારીઓને કરવાની કામગીરી તેમજ જરૂરી મુદાઓની ચર્ચા કરવામાં આવી હતી. દરેક ગામમાં સરકારી યોજનાઓનો પણ અમલ થાય છે કે કેમ તેની તપાસ કરી રિપોટ'ગ કરવા વધુમાં જણાવ્યું હતું. આ વિડીયો કોન્ફરન્સમાં જિલ્લા કલેક્ટરશ્રી આનંદ પટેલ તથા જુદી જુદી કચેરીઓના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શંખેશ્વર મહાતીર્થે ૧૦૮ ભક્તિ વિહાર ખાતે જૈનમુનિ સંપાદિત ૧૦૮ અંક રહસ્ય પુસ્તકનું વિમોચન



યશપાલસિંહ ટી.વાઘેલા

તાલુકા પ્રતિનિધિ થરા

શંખેશ્વર મહાતીર્થની ધન્ય ધરા પર આવેલ ૧૦૮ ભક્તિ વિહાર જૈન ટ્રસ્ટના ઉપક્રમે પ.પૂ.તપાગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી વિજય પ્રેમસુરીશ્વરજી મ.સા. કૃપાપાત્ર પ્રશિષ્ય નક્ષત્રાચાર્ય પંન્યાસ પ્રવરશ્રી ભક્તિરત્નવિજયજી મ.સા. દ્વારા સંશોધિત એક અદ્ભુત ગ્રંથ ''૧૦૮ અંક રહસ્ય તથા નામાવલિઓ'' નું વિમોચન શંખેશ્વર મહાતીર્થે ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહાર જૈન ટ્રસ્ટના ટ્રસ્ટી મંડળ દ્વારા કરવામાં આવ્યું. આ પ્રસંગે પૂ.આ. શીલરત્નસૂરિ મ.સા., પૂ.આ. કલ્પેન્દ્રસૂરી મ.સા., પૂ.આ.કુલચંદ્રસૂરિ મ.સા., પૂ.આ મહાનંદસૂરી મ.સા., પૂ.આ.અનંતયશસૂરી મ.સા., પૂ.પં.પ્રવર ભક્તિરત્ન વિ.મ.સા., પૂ.પં.પ્ર. પ્રશાંતશેખર વિ.મ.સા., પૂ.મુનિ શ્રી કુલદર્શન વિ. મ.સા., પૂ.મુનિશ્રી હેમદર્શન વિ.મ.સા, પૂ.મુનિશ્રી નયશેખર વિ.મ.સા.ની ઉપસ્થિતિ હતી. આ ગ્રંથમાં ૧૦૮, પૂજા, ૧૦૮ લક્ષ્મી, ૧૦૮ સરસ્વતી, ૧૦૮ ગ્રહો, ૧૦૮ નક્ષત્રો, ૧૨ રાશિના ૧૦૮ નામો, ૧૦૮ અંક વિશે જૈન ધર્મમાં, બૌધ્ધ ધર્મમાં, મુસ્લિમ ધર્મમાં, ખ્રિસ્તી ધર્મમાં, ગણિતમાં, ભૂગોળમાં, ખગોળમાં શું લખ્યું છે તે રહસ્યો ખોલવામાં આવ્યા છે. આ પુસ્તકનું વિમોચન ૧૦૮ ના ટ્રસ્ટીવર્ય હરગોવિંદભાઈ શાહ, વિમલભાઈ શાહ, શૈલેષભાઈ શાહ, સુનિલભાઈ શાહ, હર્ષદભાઈ શાહ, બાબુભાઈ ઝાલમોરા તથા દિલીપભાઈ લખી, ઉત્પલભાઈ શાહ વગેરે પુસ્તકના લાભાર્થી શેઠશ્રી મદનલાલ સુંદેશા (સાદડીવાળા) એ લાભ લીધેલ અને આ ૧૦૮ અંક રહસ્ય તથા નામાવલિઓનું વિમોચન કરેલ. આ પ્રસંગે મોટી સંખ્યામાં ગુરૂભક્તો પુસ્તક વિમોચનમાં ઉપસ્થિત રહ્યા હતા.

# સાબરકાંઠા જિલ્લાની ૧૩૨૦ શાળાઓમાં ગુણોત્સવ કાર્યક્રમ યોજાશે

સતીષ ભટ્ટ



હિંમતનગર

સમગ્ર રાજયમાં ૬ અને ૭ એપ્રિલના રોજ દ્વિ-દિવસીય ગુણોત્સવ કાર્યક્રમનો પ્રારંભ થનાર છે જે અંતર્ગત સાબરકાંઠા જિલ્લાના આઠ તાલુકાની ૧૩૨૦ શાળાના બાળકોનું વાચન-લેખન-ગણનનું મુલ્યાંકન કરાશે.

તારીખ ૬ અને ૭ એપ્રિલ દરમિયાન હિંમતનગર તાલુકાના ૧૪ રૂટ દ્વારા ૨૫૩ પ્રાથમિક શાળાઓ, પ્રાંતિજ તાલુકાના ૯ રૂટ દ્વારા ૧૨૪ પ્રાથમિક શાળાઓ, તલોદ તાલુકાના ૧૨ રૂટ દ્વારા ૧૬૪ પ્રાથમિક શાળાઓ, ઈડર તાલુકાના ૧૫ રૂટ દ્વારા ૨૩૧ પ્રાથમિક શાળાઓ,વડાલી તાલુકાના ૧૧ રૂટ દ્વારા ૧૦૯ પ્રાથમિક શાળાઓ, ખેડબ્રહમા તાલુકાના ૨૪ રૂટ દ્વારા ૧૭૮ પ્રાથમિક શાળાઓ, પોશીના તાલુકાના ૩૯ રૂટ દ્વારા ૧૨૩ પ્રાથમિક શાળાઓ અને વિજયનગર તાલુકાના ૮ રૂટ દ્વારા ૧૩૮ પ્રાથમિક શાળાઓના બાળકોનું વાંચન, લેખન અને ગણનનું મુલ્યાકંન કરાશે જેમાં સેન્ટ્રલની એક, આશ્રમ શાળા ૫૬, જિલ્લા પંચાયત હસ્તકની ૧૨૨૦, ગ્રાન્ટેડ ૪૨ અને કેજીબીવીની એક મળી કુલ ૧૩૨૦ શાળાઓમાં મૂલ્યાકંન હાથ ધરાશે. જેમાં આ વર્ષે નવતર અભિગમ સાથે જિલ્લાની તમામ શાળાઓનું ૧૦૦ ટકા બાહ્ય મૂલ્યાકંનનો સમાવેશ થાય છે.

દ્વિ-દિવસીય ગુણોતસવ કાર્યક્રમ દરમિયાન જિલ્લાના ૧૩૨ તથા તાલુકા કક્ષાના ૫૬૩ મળી કુલ ૬૯૫ અધિકારીઓ શાળાનું મૂલ્યાકંન કરશે.

# બહુચરાજીમાં બાબરી ઉતારવાના રિવાજ સંદર્ભે વિશાળ સંખ્યામાં શ્રધ્ધાળુઓ ઉમટી પડ્યા



ચાણસ્મા

ભારતીય સંસ્કૃતિમાં વિવિધ સંસ્કારોમાં ચૌલક્રિયા (બાબરી)નું વિશેષ મહત્વ છે. સમગ્ર ઉત્તર ગુજરાત માંથી ચૌલક્રિયા વિધી માટે શક્તિપીઠ બહુચરાજીમાં મા બહુચરના ધામમાં લોકો ઉમટી પડે છે. અને હાલમાં ચૈત્ર માસ ચાલુ હોઈ રવિવારના દિવસે તો એક જ દિવસમાં આશરે એક હજાર કરતાં પણ વધારે લોકો માના ચરણમાં લટ ઉતારી ધન્યતા અનુભવે છે.

ભારતીય સંસ્કૃતિની વિશિષ્ટ પરંપરાઓની જાળવણી આજના દહાડે પણ લોક સમુદાય દ્વારા થઈ રહી છે. આવી જ એક ચૌલવિધી છેક મહાભારત કાળથી ચાલી આવે છે. જે મુજબ ભગવાન શ્રી કૃષ્ણના વાળ ઉતારવાની વિધિ આ મંદિરમાં થઈ હતી. ત્યારથી પરિવારમાં પ્રથમ સંતાનરૂપે પુત્ર જન્મની વધામણી રૂપે બાળક પાંચ વર્ષનું થાય ત્યારે બહુચરાજી પધારી વાળ ઉતારે છે. મંદિરના ભટજીના હસ્તે લટ લેવાડાવ્યા બાદ માનસરોવરમાં મુંડન કરાવાય છે. બાળકના વાળ તેની ફોઈ કે બહેન ખોળામાં ઝીલે છે. અને દીઘાયુના આશિષ પાઠવે છે.

ટેમ્પલ ટ્રસ્ટના સુત્રોના જણાવ્યા મુજબ અહી પ્રતીવર્ષ ચૈત્ર માસમાં ૧૦ થી ૧૨ હજાર જેટલી બાબરી ઉતારે છે. હાલમાં સ્થાનિક ધર્મશાળાઓ, વાડીઓમાં એડવાન્સ બુકીંગ થઈ જાય છે. આખો મહિનો ભક્તોની અવર જવરથી બજારમાં અને મંદિરમાં મેળા જેવો માહોલ સર્જાય છે.

# બહુચરાજીના પ્રાચીન આદ્યસ્થાનકે ચૈત્રી પૂનમનો લોકમેળો ભરાશે



ચાણસ્મા

બહુચરાજી તાલુકાના શંખલપુર ગામે આવેલા બાલાત્રિપુરા સુંદરી મા બહુચરના ૫૨૦૦ વર્ષ પ્રાચીન ટોડા બહુચર માતાજીના ધામમાં ચૈત્રી પુનમનો મેળો ભરાશે. મેળામાં ચૌદશ અને પૂનમ નિમિત્તે હજારોની સંખ્યામાં માઈભક્તો દર્શન માટે ઉમટી પડશે. અત્રે પધારતા દર્શનાર્થીઓ માટે ટોડા મંદિરના વિનામૂલ્યે ભોજન પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી છે.

શંખલપુર ટોડા બહુચરાજી માતાજી ટેમ્પલ ટ્રસ્ટના ચેરમેન કાળીદાસ પટેલ અને મંત્રી અમૃતભાઈ પટેલના જણાવ્યા મુજબ, ચૈત્રી પૂનમ નિમિત્તે ચૌદશ અને પૂનમ એમ દિવસમાં પાંચ લાખથી પણ વધુ શ્રદ્ધાળુઓ બહુચર માતાજીના દર્શને આવે છે. માતાજીના પ્રાગટ્ય દિવસને લઈ મૈયાને ફૂલોનો સુંદર શણગાર કરવામાં આવ્યો છે. સમગ્ર મંદિર અને પરિસરને રંગબેરંગી રોશનીથી સજાવવામાં આવ્યું છે. યાત્રિકો માટે ટ્રસ્ટ સંચાલિત બહુચર ભોજનાલયમાં વિનામૂલ્યે પ્રસાદની વ્યવસ્થા કરાઈ છે, અહીં છેલ્લા ૨૦ વર્ષથી અન્નક્ષેત્ર ચલાવવામાં આવે છે. મંદિરમાં સીસીટીવી કેમેરા તેમજ પોલીસ દ્વારા બંદોબસ્ત ગોઠવાયો છે. સદીઓ જૂની પરંપરા મુજબ, ચૈત્રી પૂનમને શનિવારે રાત્રે ૧૦ વાગે બહુચર માતાજીની સવારી બહુચરાજીથી શંખલપુર ગામે ટોડા મંદિરમાં પધારશે. જેમાં ટેમ્પલ ટ્રસ્ટ અને સમસ્ત ગ્રામજનો દ્વારા ફટાકડાની આતશબાજી અને ડીજેના તાલ સાથે માતાજીની સવારીનું ભવ્યાતિભવ્ય સ્વાગત- સામૈયું કરવામાં આવશે. અહીં મંદિરમાં બંને માતાજીની લગભગ એકાદ કલાક વૈદિક મંત્રોચ્ચાર સાથે પૂજાવિધિ થશે. ત્યરબાદ પોલીસની ગાર્ડ ઓફ ઓનર સાથે માતાજીની સવારી શંખલપુર ગામના રાજમાર્ગ પર ગ્રામજનોને દર્શન આપતાં-આપતાં મોડી રાત્રે બહુચરાજી પરત ફરશે. મેળાને લઈ તમામ તૈયારીઓ થઈ ચુકી છે.

# પાટણ નાનાબાર કડવા પાટીદાર સમાજનાં પરિવારજનોની સમૂહ ઉજાણી

પાટણ

પાટણ શહેરના જળચોક જોગીવાડા વિસ્તારમાં રહેતા નાનાબાર કડવા પાટીદાર સમાજનાં પરિવારજનોની સમૂહ ઉજાણી પાટણ શહેરના સિંધવાઈ માતાજીના મંદિર ખાતે યોજવામાં આવી સમૂહ ઉજાણીનાં ઉપલક્ષમા જોગીવાડા જળચોક વિસ્તારમાંથી માતાજીની ભવ્ય શોભાયાત્રા સંગીતના સુમધુર સૂરો વચ્ચે પ્રસ્થાન પામી શહેરના પાટણ શહેરના નાનાબારા કડવા પાટીદાર સમાજની સમૂહ ઉજાણી યોજાઈ

મુખ્ય બજાર માર્ગ થઈ સિંધવાઈ માતાજી મંદિરે પૂર્ણ થયેલ જયાં હવન યજ્ઞ સાથેસમૂહમાંપ્રસાદ ગ્રહણ

કરી નાના બાર કડવા પાટીદાર પરિવારજનોએ ધન્યતા ની લાગણી અનુભવી હતી. શોભાયાત્રામાં શહેર કોંગ્રેસ પ્રમુખ લાલેશ ઠક્કરે હાજર રહી માતાજીના દર્શન પ્રસાદનો લાભ લઈ માતાજીના આશીર્વાદ મેળવ્યા હતા.

# બનાસકાંઠાના ૩૬ ગામોમાં રી-સર્વેની કામગીરી બાકી

**૨૦૧૩ માં શરૂ થયેલ સર્વેની કામગીરી પાંચ વર્ષ બાદ પણ બાકી : ખેડૂતને લોન પણ મળતી નથી**



ભરત સુંદેશા

ડીસા

રાજ્ય સરકારે ડિજિટલ સર્વે કરવા પાંચ વર્ષ આગાઉ એક ખાનગી કંપનીને કામ સોંપ્યું હતું. જે કામ આજદિન સુધી પૂર્ણ થયું નથી અને ઉલટાનું આજે ખેડૂત પરેશાન થઈ રહ્યો છે બનાસકાંઠાના ૩૬ ગામોનું રી-સર્વે ન થવાના કારણે આજે ખેડૂત જમીન વેચી કે ખરીદી શકતો નથી. આ ૩૪ ગામના ખેડૂતો લોન પણ લઈ શકતા નથી.

રાજ્ય સરકારે ગુજરાતના દરેક ગામની જમીનના નકશા ડિજિટલ બનાવવા રી-સર્વેની કામગીરી હાથ ૨૦૧૩ માં ધરી હતી અને આંતરરાજ્ય ની એક ખાનગી કંપનીને સર્વે માટેની કામગીરી સોંપી હતી. જેમાં બનાસકાંઠાના ૧૨૪૩ ગામોનું રી-સર્વેની કામગીરી હાથ ધરાઈ હતી ત્યારે શરૂઆતથી જ ખેડૂતો રી-સર્વેની કામગીરીથી નારાજ હતા રી-સર્વે ખેતરમાં જઈને કરવાની જગ્યાએ ગામના રોડ પર એકજ જગ્યાએથી કરતા હોય ખેડૂતો ખુબજ પરેશાન થયા હતા ખેડૂતોની જમીનમાં ક્યાંક વધારે તો ક્યાંક ઓછી આવી હોવાની ફરિયાદો થઈ હતી અને સર્વેની કામગીરીના પાંચ વર્ષમાં હજુ સર્વે પૂર્ણ થયો નથી. બનાસકાંઠાના ૧૨૪૩ ગામોમાંથી ૧૨૦૭ ગામોની સર્વે કામગીરી પૂર્ણ થઈ છે ત્યારે ૩૬ ગામોમાં આજે પણ સર્વે થયું નથી.જેમાં ડીસા ના ૧૭, દાંતાના ૧૭ અને વડગામના ૨ ગામોનો સમાવેશ થાય છે. આ ગામના ખેડૂતો એક વર્ષથી પરેશાન થઈ ચૂક્યા છે. આ નથી લોન મેળવી શકતા કે નથી જમીન વેચી શકતા કે નથી જમીન લઈ શકતા ૩૬ ગામના ખેડૂતો પરેશાન થઈ ચુક્યા છે ત્યારે ખેડૂતો પોતાના ઘરમાં મહિલાઓ અને પોતાના

અનુસંધાન પાના નં.૬

## થરાદની મુખ્ય બજારમાં વિજવાયર તુટતાં અફરા તફરી

(પ્રતિ.) થરાદ

થરાદની મુખ્યબજારમાં આવેલા હાર્દસમા વિસ્તારમાં બપોરના સુમારે એક જીવંત વાયર તુટી પડતાં અફરાતફરી સાથે ઉત્તેજનનાનો માહોલ ફેલાવા પામ્યો હતો.જોકે સદનસીબે લોકોની અવર-જવરથી ધમધમતા રહેતા નગરના હાર્દસમા બજાર માર્ગમાં ગુરુવારના સુમારે જ્યારે વાયર તુટીને પડ્યો ત્યારે એ જ સમયે ગરમીના કારણે લોકોની પાંખી ચહલપહલ વચ્ચે કોઈ વાહન કે રાહદારી પસાર નહી થતાં અપ્રિય બનાવની દહેશત ટળી હતી.પરંતુ જીવંત વાયર હોવાના કારણે રોડ પર અવર

અનુસંધાન પાના નં.૬

**જીરો પૈસાના મેટેનન્સથી ચાલતા ટેન્ડરોમાં ગેરરીતિઓની આશંકા**

# બનાસકાંઠામાં જીરો પેસા મેન્ટેનસથી ટેન્ડર લેતી એજન્સીઓ શંકાના દાયરામાં

**વહીવટી ચાર્જના નામે જીરો પણ વહીવટમાં નંબર ૧ એજન્સીઓ સામે તપાસની માંગ : જીલ્લા કલેકટર જીરો પેસા વહીવટી ચાર્જથી ચાલતા ટેન્ડર રદ કરે**

પાલનપુર

બનાસકાંઠામાં જીરો પેસા મેન્ટેનસના ટેન્ડરો મેળવી આઉટ સોસિંગ અને અન્ય સરકારી સેવાકીય હેતુઓ માટેના કામોમાં મોટા પાયે ગેરરીતિ આચારાઈ હોવાની આશંકા સેવાઈ રહી છે ત્યારે આઉટ સોસિંગથી કરાવતા કામો અને કર્મચારીઓ ચૂકવતા પગારો અને પી.એફ. ચૂકવતી આવી એજન્સીઓ સામે તપાસની માંગ ઉઠી છ

તાજેતરમાં કચ્છમાં જિલ્લા કલેકટરે ૦ પેસા મેન્ટેનસથી કામ કરતી એજન્સીઓના ટેન્ડર રદ કરવાનો નિર્ણય લીધો છે. ત્યારે સરકારના મહત્વના કામોમાં કામ કરતા કર્મચારીઓના શોષણની ફરિયાદ ઉઠી છે.બનાસકાંઠામાં આઉટ સોસિંગ ના કર્મચારીઓનો મામલો ચકરાવે ચડ્યો છે ત્યારે સરકારના નીતિ નિયમ પ્રમાણે કર્મચારીઓને પગાર અને પી એફ ન ચૂકવી કર્મચારીઓ અને સરકારની આંખમાં ધૂળ નાખવાનું કામ આ એજન્સીઓ કરી રહી છે ત્યારે ટેન્ડરોમાં સરકારના ૨૩ જેટલા નીતિ નિયમોમાં અનિયમિત પાલન કરનાર આવી કંપનીઓના જિલ્લા કલેકટર ચકાસણી કરાવી સરકારના હીતમાં ટેન્ડર રદ કરવાની માંગ ઉઠી છે.

બનાસકાંઠામાં સરકારની મામલતદાર અને શિક્ષણ શાખા સહિત સરકારી અન્ય કચેરીઓમાં ૦ પેસા વહીવટી ચાર્જના ધોરણે આઉટ સોસિંગ કર્મચારીઓ પાસે કામ કરાવતી આવી એજન્સીઓની ન્યાયિક તપાસ કરાવી કર્મચારીઓના પગાર અને પીએફ ચુકવણના નિવેદનો આધારે કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે.

# ભાભરમાં બે બંધ મકાનોમાં ઘરફોડ ચોરી



(વનરાજસિંહ રાઠોડ)

**બંન્ને બંધ મકાનની બારીની ગીલ તોડી અંદર પ્રવેશીને ચોરી કરી અજાણ્યો તસ્કરો ફરાર**

તા.પ્રતિ. ભાભર

ભાભર શહેરમાં ગુનાઓનું પ્રમાણ વધી રહ્યું છે. તાજેતરમાં એક ચીલ ઝડપનો ગુનાનો ભેદ ઉકેલાય તે પહેલા શહેરની જલારામ સોસાયટીના બે બંધ મકાનોમાં ચોરી થતાં નગરજનોમાં ફફડાટ વ્યાપી ગયો છે. જાણવા મળતી વિગત મુજબ ભાભર શહેરના હાઈવે રોડ નજીક આવેલ જલારામ સોસાયટીમાં રહેતા ગીરીશ ભાઈ રણછોડભાઈ મહેશ્વરી અને તેમની બાજુમાં આવેલ નરસિંહભાઈ ઠક્કરના બંધ મકાનોમાં ગત રાત્રે કોઈક અજાણ્યા ચોર ઈસમોએ બંન્ને મકાનોની બારીના કાચ અને ગ્રીલ તોડીને અંદર પ્રવેશીને ચોરી કરી હતી. જેમાં ગીરીશભાઈના મકાનમાંથી એલ.ઈ.ડી. ટીવી. (કિંમત રૂા.૧૫૦૦૦) તીજોરીમાંથી સાડીઓ નંગ- ૫, ચાંદીની તોડીઓ, ચાંદીના સીક્કા, સોનાનો સીક્કો અને રોકડ રકમ રૂા.૧૫૦૦૦ મળી કુલ રૂા.૪૧૦૦૦ ચોરી તેમજ તેમની બાજુમાં આવેલ નરસિંહભાઈના મકાનમાંથી સોનાની પાટવાળા પાટલા નંગ - ૨, કિ.રૂા.૧૦,૦૦૦) અને રોકડ રકમ રૂા.૬૦૦૦ મળી કુલ રૂા.૧૬૦૦૦ ની ચોરી કરીને અજાણ્યા તસ્કરો ફરાર થઈ ગયા હતા. ભાભર પોલીસે બંન્ને મકાન માલીકોની ૫૭ હજારની ચોરીની ફરીયાદો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. અત્રે નોંધનીય છે કે સ્થાનીક પોલીસ અગાઉના ગુનાના ભેદ ઉકેલવામાં હજુ સુધી નિષ્ફળ જતાં ગુનાઓનું પ્રમાણ વધી રહ્યું છે. જેના કારણે લોકોમાં પોલીસ સામે રોષની લાગણી ફેલાઈ છે.

## યાત્રાધામ ઢીમામાં વિકાસના કામોના મુદે આર.ટી.આઈ.ની માહિતી માંગતા ખળભળાટ

પ્રતિ. ઢીમા

યાત્રાધામ ઢીમા ગામના વિકાસના કામો અંગેની ડે.સરપંચ દ્વારા આર.ટી.આઈ. મારફત માહીતી માગવામાં આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે.

વાવ તાલુકાના યાત્રાધામ ઢીમાના વિકાસના કામોને લઈ રાજ્ય સરકાર દ્વારા કરોડોની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે અને ગામમાં પાયાની સુવિધા મળી રહે તે માટે રાજ્ય સરકાર યાત્રાધામના વિકાસ માટે તત્પર છે પરંતુ ડેપ્યુટી સરપંચની જાણ વગર ગ્રાન્ટ વપરવામાં આવતા ડેપ્યુટી સરપંચ નરબતભાઈ માનાભાઈ રાજપૂત દ્વારા આર.ટી.આઈ દ્વારા માહિતી માંગવામાં આવી હતી અને જણાવેલ કે ઢીમા ગ્રામ પંચાયતની ગત જાન્યુઆરી ૨૦૧૭ થી જાન્યુઆરી ૨૦૧૮ દરમ્યાન મંજૂર થયેલ તમામ કામો અંગેની જાહેર નિવેદાના આવેલ ભાવો, એસ્ટીમેન્ટ મંજૂર થયેલ ભાવ વર્કઓર્ડર તેમજ બનાવેલ બીલની સમીતિની ઠરાવ બુક એજન્ડાબુક રોજમેળ વાઉચરો તમામ કામોની એમ.બી. મંજૂર બીલ જાન્યુઆરી ૨૦૧૭ થી જાન્યુઆરી ૨૦૧૮ ની પ્રમાણીત નકલો આપવી બેંક બુકની કોપી નાણા ઉપાડયા તેમાં કોની સહી છે તે વગેરે માહિતી માગવામાં આવી છ. ડેપ્યુટી સરપંચ જણાવેલ કે અમારી જાણ વગર યાત્રાધામ ઢીમાના વિકાસના કામોમાં લાખોની ગ્રાન્ટ વપરાઈ છે તે અંગેની તમામ માહિતી માંગવામાં આવી છે.

# ડીસામાં ગરમીનો કહેર શરૂ : તાપમાન ૪૨ ડિગ્રી પાર



ભરત સુંદેશા

ડીસા

બનાસકાંઠા જિલ્લાના ડીસા શહેરમાં ગુરુવારે સીઝનનું સૌથી ઊંચું તાપમાન નોંધાયું છે. તાપમાનનો પારો ૪૨.૪ ડિગ્રીએ પહોંચી જતા તેની સીધી અસર જનજીવન પર જોવા મળી હતી.

રાજ્યભરમાં હિટવેવ ની અસર શરૂ થઈ ગઈ છે. ચૈત્ર માસ જેમ આગળ તરફ જઈ રહ્યો છે તેમ તેમ ગરમીનો પારો સતત ઊંચકાઈ રહ્યો છે. ડીસામા ગુરુવારે ગરમીનો પારો ૪૨.૪ ડિગ્રીએ પહોંચી જતા તેની સીધી અસર જનજીવન પર વર્તાઈ હતી. બપોરના સમયે રસ્તાઓ સુમસામ થઈ ગયા હતા અને ગરમીનો પારો ૪૨ ડિગ્રી પાર થઈ જતા વાતાવરણમાં પણ લૂનો એહસાસ થયો હતો. હવામાન વિભાગના જણાવ્યા નુસાર આગામી ૨-૩ દિવસ સુધી ગરમીનું પ્રમાણ યથાવત રહે તેવી પુરી શકયતા છે. જેથી બપોરના સમયે લોકોએ જરૂરી કામકાજ સિવાય ઘરની બહાર ન નીકળવા અપીલ કરવામાં આવી છે.

## ભાભર અકસ્માતમાં ઘાયલ હાથલારી ચાલકનું સારવાર દમ્યાન મોત

તા.પ્રતિ. ભાભર

ભાભરમાં ગત રવિવારની સાંજે હાથલારીમાં મંડપ ભરીને જતી લારીને કારે ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ચાર વ્યક્તિઓને નાના - મોટી ઈજાઓ થતાં તે પૈકીના હાથલારી ચાલક મજુરનું ચાર દિવસની સારવાર બાદ ગઈકાલે સવારે મોત થતાં તેમના પરિવારે મોભી ગુમાવતા અરેરાટી મચી છે.

ભાભર જુના ગંજ વિસ્તારમાં રહેતા અને હાથલારી ચલાવી ઘરનું ગુજરાન ચાલવતા ભુરાશા ઈસ્માઈલશા ફકીર (ઉ.વ. આ.૬૦) રવિવારની સાંજે પોતાની હાથલારીમાં મંડપનો સામાન ભરીને ભાભર - રાધનપુર ઉપર જતા હતા. તે સમય દરમ્યાન એક કાર ચાલકે ગફલતભર્યું ડ્રાઈવીંગ અને પુર ઝડપે કાર ચલાવી હાથલારીને ધડાકાભેર ટકરાઈ જતાં લારી ચાલક સહિત ચાર વ્યક્તિઓ ઘાયલ થઈ હતી. તેમાંથી ભુરાશા ફકીરનું અમદાવાદ સીવીલમાં ચાર દિવસની સારવાર બાદ ગુરૂવાર સવારે તેમનું અવસાન થતાં મજુર વર્ગમાં અને ફકીર સમાજમાં અરેરાટી મચી છે.

# અમીરગઢ ચેકપોસ્ટ પાસે એકજ નંબરની બે લકઝરી બસો ઝડપાઇ

(પ્રતિ.) અમીરગઢ

બનાસકાંઠા આર.ટી.ઓ. અધિક્ષક ધર્મેન્દ્ર પટેલની સુચનાથી તમામ રસ્તાઓ ઉપર આર.ટી.ઓ. ઈસ્પેક્ટરોની ટીમો બનાવી ફ્લાઈંગ સ્ક્વોર્ડ શરૂ કરવામાં આવતાં અમીરગઢ પાસેથી એકજ નંબરની બે લકઝરી બસો ઝડપી પાડીને તેમની સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આર.ટી.ઓ. ચેકપોસ્ટ થી બારોબાર જતી ગાડીઓ બાબતે અવાર નવાર અખબારો માં સમાચાર આવતા જીલ્લાના મુખ્ય આ.ટી.ઓ અધિકારીએ ફ્લાઈંગ સ્ક્વોર્ડની રચના કરીને તપાસ ચાલુ કરાવી છે. જેમાં ફ્લાઈંગ સ્ક્વોર્ડની ટીમમાં વી.આર.ચૌધરી, એ.એચ.ગજ્જર તેમજ ડી.ડી.મોદીની ટીમને બાતમી મળેલ કે રાજસ્થાન



(વિશાલ નાઈ)

તરફથી આવતી લકઝરી બસોમાં નંબર એક સમાન છે. જેથી આ ટીમે પાલનપુરથી જગાણા તરફ ના રસ્તે તમામ લકઝરીઓની તપાસ હાથ ધરતાં RJ-19-PB-5682 એકજ નંબરની બે લકઝરી બસો મળી આવી હતી. જેથી બન્ને બસોને પકડી પાડી હતી અને અનુસંધાન પાના નં.૬

# પાલનપુરમાં ૨૬ સ્થળોને નો-પાર્કિંગ ઝોન જાહેર કરાયા

**પાલનપુર નગરપાલિકાએ સર્વે કર્યો : ટ્રાફિકની સમસ્યા હલ કરવા ટ્રાફિક પોલીસે નો પાર્કિંગના બોર્ડ લગાવ્યા**



(સંજય જોષી)

પાલનપુર

પાલનપુરમાં જુના શોપિંગ સેન્ટરોમાં પાર્કિંગની સુવિધા નથી. પરિણામે બહારથી આવતા લોકો પોતાના વાહનો જાહેર માર્ગની બાજુમાં પાર્ક કરતા હોય છે. પરિણામે ટ્રાફિકની સમસ્યા દિન-પ્રતિદિન વકરતી રહી છે. ત્યારે ટ્રાફિકની સમસ્યાના નિવારણ માટે નગરપાલિકા દ્વારા સરવે કરવામાં આવ્યું હતું. જ્યાં નિયત કરાયેલા સ્થળોએ શહેર ટ્રાફિક પોલીસ દ્વારા નો-પાર્કિંગના બોર્ડ લગાવવામાં આવ્યા હતા.

પાલનપુરમાં જિલ્લાની મુખ્ય કચેરીઓ આવેલી છે. આ ઉપરાંત હીરા સહિતના નાના મોટા ઉધોગો પણ ચાલી રહ્યા હોઈ આજુબાજુના તાલુકાના તેમજ ગ્રામીણ વિસ્તારમાંથી લોકોની અવર જવર રહે છે. જો કે, શહેરના મોટાભાગના જુના શોપીંગ સેન્ટરોમાં પાર્કિંગની વ્યવસ્થા ન હોવાથી બહારથી આવતા લોકો પોતાના વાહનો જાહેર માર્ગની બાજુમાં પાર્ક કરતા હોય છે.

પરિણામે ટ્રાફિકની સમસ્યા દિવસે દિવસે પેચીદી બની રહી છે. આ સમસ્યાના નિવારણ માટે નગરપાલિકા દ્વારા સરવે કરવામાં આવ્યું હતું. જ્યાં નિયત કરાયેલા સ્થળોએ શહેર ટ્રાફિક પોલીસ દ્વારા ગુરુવારે નો પાર્કિંગના બોર્ડ લગાવવામાં આવ્યા હતા. આ અંગે શહેર ટ્રાફિક

અનુસંધાન પાના નં.૬

# થરા પાલિકામાં શૌચાલય કૌભાંડની તપાસ હાથ ધરાતાં ચહલ પહલ



યશપાલસિંહ ટી.વાઘેલા

**કસુરવારોમાં ફફડાટ : તટસ્થ તપાસની માંગ**

તા.પ્રતિનિધિ થરા

સ્વચ્છતા અભિયાન અને જાહેરમાં શૌચ ક્રિયા મુકત ભારત અંતર્ગત રાજ્ય-કેન્દ્ર દ્વારા ગામડાં, નગર, મહા પાલિકા વિસ્તારોમાં શૌચાલય બનાવવામાં આવ્યા પરંતુ આ યોજનાના ભ્રષ્ટાચારીઓ નાણાં ચાઉં કરી રાજ્ય કેન્દ્ર સરકારની યોજનાને અસ્ત વ્યસ્ત કરી નાખી ફકત કાગળ ઉપર જ જાહેરમાં શૌચક્રિયા મુકત ગામડાં, નગર, મહાનગર પાલિકા બન્યા છે. હજુ લોકોના ઘરે સાચા શૌચાલય બન્યા નથી. ત્યારે કેટલાક જાગૃત નાગરિકોએ આ બાબતની તપાસ માટે રાજ્ય સરકારને ઢંઢોળતાં તંત્ર થોડું જાગૃત બન્યું છે. સૌરાષ્ટ્રના ઓખા નગર પાલિકામાં પોણા ત્રણ કરોડના શૌચાલય કૌભાંડની તપાસ એસીબીએ હાથ ધરી પોલીસનું રેકર્ડ કબ્જે કર્યું તો કાંકરેજ તાલુકાના થરા નગર પાલિકામાં શૌચાલય કૌભાંડની તપાસ માટે વર્તમાન કોર્પોરેટર ભાવનાબેન વી. પ્રજાપતિના પતિ વિપુલકુમાર દેવચંદભાઈ પ્રજાપતિએ થરા નગરપાલિકા

અનુસંધાન પાના નં.૬

# છાપી ગ્રામ પંચાયતના મહિલા ડે.સરપંચનું રાજીનામું

**અચાનક ડે.સરપંચ પદ અને વોર્ડના સદસ્ય તરીકે રાજીનામુ આપતા અનેક અટકળો**

પ્રતિનિધિ છાપી

વડગામ તાલુકાની છાપી ગ્રામ પંચાયતના મહિલા ડેપ્યુટી સરપંચે વોર્ડના સદસ્ય તેમજ ડે.સરપંચ પદે થી દોઢ વર્ષના ટૂંકા કાર્યકાળ દરમિયાન અચાનક રાજીનામુ આપી દેતા અનેક અટકળો ઉભી થવા પામી છે. દરમિયાન બુધવારે મળેલ પંચાયત બોડીની બેઠકમાં રાજીનામુ મજૂર કરી કરી તાલુકા પંચાયત ને જાણ કરી દેવામાં આવી હોવાનું જાણવા મળે છે. જાણવા મળતી માહિતી મુજબ છાપી પંચાયતના વોર્ડ નંબર ચારમાંથી સઈદાબેન રફીકભાઈ મેમણ ચૂંટાઈ સર્વાનુમતે ડે. સરપંચ બન્યા હતા.

જોકે તેવોએ સોમવારે અચાનક પોતાની નાદુરસ્ત તબિયત તેમજ કામ કરવાની અક્ષમતાનું કારણ બતાવી ડે. સરપંચ તેમજર્વોર્ડના સભ્ય પદેથી રાજીનામુ આપ્યું હતું. જેથી બુધવારે મળેલ ગ્રામ પંચાયતની મીટીંગમાં તેવોનું રાજીનામુ મજૂર કરીને તાલુકા વિકાસ અધિકારીને જાણ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે મહિલા ડે. સરપંચના અચાનક રાજીનામાં આપવાના કારણને લઈ અનેક તર્કવિતર્ક ઉભા થયા છે. જોકે સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આગામી ડે.સરપંચ તરીકે ફજલુંરહેમાન સુલેમાન નેદરિયા (ટાઈગર) નું નામ નિશ્ચિત મનાઈ રહ્યું છે.

**હાર્દિક અભિનંદન**



મેઘરાજભાઈ ગલબાભાઈ પટેલ
ચેરમેન - બ. જિ.સ.સંઘ

બનાસકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.ના ચેરમેન તરીકે આપની બિનહરીફ વરણી થતાં અમો આપને હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ. આપની ઉત્તરોત્તર પ્રગતિ થાય તેવી શુભેચ્છા...

લિ.

ભગવાનસિંહ ગુલાબસિંહ સોલંકી
(પૂર્વ સભ્ય - વડગામ ગ્રા.પં.)
ચંદ્રિકાબેન ભગવાનસિંહ સોલંકી
(ડીરેક્ટર - વડગામ માર્કેટયાર્ડ, સભ્ય - વડગામ ગ્રા.પં.)
ધનરાજભાઈ ઘેમરભાઈ ડેકલીયા
પૂર્વ ડે.સરપંચ - વડગામ ગ્રા.પં.

**અશ્રુભીની શ્રધ્ધાંજલિ**



સ્વ.નરબતભાઈ મોહનભાઈ બ્રાહ્મણ
સ્વ.તા.૨૮/૦૩/૨૦૧૮
મુ.પો.ભાચલી, તા.વાવ, જિ.બ.કાં.

અશ્રુઓ સૂકાઈ ગયા આંખમાં, શબ્દો અટવાઈ ગયા શ્વાસમાં, મોત અચાનક છીનવી ગયું તમને, જીવશું અમો સદા આપની યાદમાં, પ્રભુ આપના દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે એજ પ્રાર્થના...

લિ.

બ્રાહ્મણ ધનજીભાઈ મોહનભાઈ - ભાઈ
બ્રાહ્મણ બળદેવભાઈ નરબતભાઈ - પુત્ર
બ્રાહ્મણ દિનેશભાઈ ધનજીભાઈ - ભત્રીજ
બ્રાહ્મણ વિક્રમભાઈ ધનજીભાઈ - ભત્રીજ
બ્રાહ્મણ નરસીંહભાઈ ધનજીભાઈ - ભત્રીજ
મુ.પો.ભાચલી, તા.વાવ, જિ.બ.કાં.

**શ્રધ્ધાંજલી**



સ્વ.જોરાભાઈ ખોડાભાઈ પાનકુટા
સ્વ.તા.૨૪/૦૩/૨૦૧૮ શનિવાર
મુ.નવા, તા.ડીસા, જિ.બ.કાં.

છોડી ગયા જીવન છતાં જીવીત હોવાનો ભાસ છે દર્શન નથી તમારા દેહના પરંતુ હૈયામાં સદાય વાસ છે પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લિ.

આલ સ્વ.ભીખાભાઈ રૂપાભાઈ (સાઢુ) સાંડીયા
નોગોહ કલ્યાણભાઈ લાલજીભાઈ (સાઢુ) આસેડા
લોઢા મફાભાઈ મેવાભાઈ (સાઢુ) વડાવળ
પાનકુટા દિનેશભાઈ જોરાભાઈ (પુત્ર) નવા
પાનકુટા દશરથભાઈ જોરાભાઈ (પુત્ર) નવા
નોગોહ પરેશભાઈ કલ્યાણભાઈ (ભાણેજ) આસેડા
આલ ભરતભાઈ ભીખાભાઈ (ભાણેજ) સાંડીયા
નોગોહ ભાવેશભાઈ કલ્યાણભાઈ (ભાણેજ) આસેડા
લોઢા માવજીભાઈ મફાભાઈ ભાણેજ - વડાવળ

**બેસણું**



સ્વ.સાવિત્રીબેન કેવલરામ કોટક (ઠક્કર)
સ્વ.તા.૨૧-૦૩-૨૦૧૮ (ઝાબડીયા - ડીસા)

અમારા પરિવારના મોભી સાવિત્રીબેન કેવલરામ કોટક (ઠક્કર) નું તા.૨૧-૦૩-૨૦૧૮ ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. પ્રભુને ગમ્યું તે ખરૂ. સદ્‌ગતનું બેસણુ તા.૩૧-૦૩-૨૦૧૮ ને શનિવારના રોજ બપોરે ૦૪-૦૦ થી ૦૬-૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : પારકર ભુવન, ગાયત્રી મંદિર થી સર્વિસ રોડ ઉપર, ડીસા. મો.૯૮૨૪૨૪૨૬૪૫, ૯૯૭૬૬૬૪૦૭૩

લિ.

કેવલરામ મોરૂમલ ઠક્કર (પતિ) ઝાબડીયા
અશોકભાઇ કેવલરામ ઠક્કર (પુત્ર)
બાલાજી - ડીસા - ઝાબડીયા
નવીનભાઇ કેવલરામ ઠક્કર (પુત્ર) ઝાબડીયા